અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૪ જૂન ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ સુદ ૯ | અંક : ૩૩૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### ચીને AI ચિપ્સની નિકાસ, સ્ટુડન્ટ વિઝા પર અંકુશ મુકવાની નીતિનો વિરોધ કર્યો

# અમેરિકા ઈરાદાપૂર્વક વેપાર ઘર્ષણ ઉભું કરતું હોવાનો ચીનનો આક્ષેપ

### યુએસ સેક્રેટરી ઓપ સ્ટેટ માર્કો રુબિઓ દ્વારા સંવેદનશીલ ક્ષેત્રોમાં અભ્યાસ કરતા અને ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓના વિઝા રદ કરવાનું એલાન થયું હતું

। (એજન્સી) બેઈજિંગ, તા.૩ ।

જીનીવા ખાતે થયેલી વચગાળાની વેપાર સંધિનો ભંગ અમેરિકાએ કર્યો હોવાનો દાવો ચીને કર્યો છે. ચીનના જણાવ્યા મુજબ, અમેરિકાએ AI ચિપની નિકાસ પર નિયંત્રણો મૂકતી માર્ગદર્શકિા જાહેર કરવાની સાથે ચીનને ચીપ ડિઝાઈન સોફ્ટવેર વેચવાની તજવીજ પણ અટકાવી દીધી છે. અમેરિકાએ ચાઈનિઝ વિદ્યાર્થીઓના વિઝા છીનવી લેવાની કવાયત પણ હાથ ધરી છે. ચીને વેપાર સંધિની સાથે વિદ્યાર્થીઓના વિઝાનો મુદ્દો સાંકળી અમેરિકાને ભીંસમાં લેવા પ્રયાસ કર્યો છે ત્યારે આગામી સમયમાં ચીન અને અમેરિકા



વચ્ચે ટ્રેડ વોર વણસવાના એંધાણ મળી રહ્યા છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ ચીન પર વેપાર સંધિના ભંગના આરોપ લગાવ્યા હતા. ચીનના વાણિજ્ય મંત્રાલયની સત્તાવાર યાદીમાં ટ્રમ્પના આક્ષેપોને ફગાવી દેવાની સાથે અમેરિકાએ સંધિની શરતોનો ગંભીરતાથી ભંગ કર્યો હોવાનું જણાવાયું છે. ચીને AI ચીપ્સ અને વિદ્યાર્થીઓના વિઝા સ્ટેટસના મુદ્દાને પરસ્પર સાંકળી અમેરિકાને જવાબદાર ઠેરવવા પ્રયાસ કર્યો છે. અમેરિકામાં હાલ ચીનના ૨.૭ લાખ વિદ્યાર્થીઓને વિઝા અપાયા છે. ભારત બાદ ચીનના સૌથી વધુ વિદ્યાર્થી અમેરિકામાં છે.યુએસ સેક્રેટરી ઓપ સ્ટેટ માર્કો રુબિઓ દ્વારા સંવેદનશીલ ક્ષેત્રોમાં અભ્યાસ કરતા અને ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓના વિઝા રદ કરવાનું એલાન થયું હતું. આ પગલાના કારણે બંને દેશના વડાઓ વચ્ચે ટેલિફોનિક વાતચીતમાં સધાયેલી સમજૂતિ અને ચીનના કાયદેસરના અધિકારોનું હનન થયું હોવાનો દાવો ચીને કર્યો છે. અમેરિકા ઈરાદાપૂર્વક વેપાર ઘર્ષણ ઊભું કરવા અને બંને દેશના આર્થિક સંબંધો બગાડવાની હરકતો કરતું હોવાનો ચીનનો આક્ષેપ છે. ચીનના આ દાવા બાદ ટેરિફ વધારાના વિવાદ સાથે શરૂ થયેલું બંને દેશો વચ્ચેનું ઘર્ષણ વધારે તીવ્ર થવાની આશંકા છે.

## ભારતે ૪૮ કલાકની લડાઈ ૮ જ કલાકમાં પૂરી કરી દીધી : CDS અનિલ ચૌહાણ

### આ દરમિયાન પાકિસ્તાનને વાતચીતનો પ્રસ્તાવ રજૂ કર્યો આ ઓપરેશન દર્શાવે છે કે, યુદ્ધ માત્ર સ્ટ્રાઇક નથી, પરંતુ રાજનીતિનો પણ ભાગ હોય છે

। (એજન્સી) નવીદિલ્હી,તા.૩ ।

ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે પુણે યુનિવર્સિટીમાં 'ભવિષ્યના યુદ્ધ અને યુદ્ધકલા' વિષ પર પોતાના સંબોધનમાં ઓપરેશન સિંદૂર પર મહત્ત્વપૂર્ણ વાત જણાવી. તેમણે કહ્યું કે, ભારતે ૪૮ કલાકની લડાઈ ૮ કલાકમાં જ પૂર્ણ કરી લીધી. આ દરમિયાન પાકિસ્તાનને વાતચીતનો પ્રસ્તાવ રજૂ કર્યો. આ



ઓપરેશન દર્શાવે છે કે, યુદ્ધ માત્ર સ્ટ્રાઈક નથી, પરંતુ રાજનીતિનો પણ ભાગ હોય છે. આ અંગે વધુ વાત કરતા ઝDSએ કહ્યું કે, ઓપરેશન સિંદૂરમાં જ્યાં યુદ્ધ અને રાજનીતિ એક સાથે ચાલી રહ્યા હતા, ત્યારે અમને સારી કાઉન્ટર ડ્રોન સિસ્ટમ હોવાનો ફાયદો મળ્યો. ૧૦ મેની રાત્રે ૧ વાગ્યે પાકિસ્તાન યુદ્ધ હારી ગયું હતું. ૪૮ કલાકની લડાઈ અમે ૮ કલાકમાં પૂર્ણ કરી લીધી, પછી તેમણે ફોન ઉઠાવ્યો અને કહ્યું કે તેઓ વાત કરવા ઈચ્છે છે. CDS અનિલ ચૌહાણે કહ્યું, 'આપણે પ્રોફેશનલ ફોર્સ તરીકે નુકસાન અને આંચકાઓથી પ્રભાવિત થતા નથી. આપણે આપણી ભૂલો સમજવી જોઈએ અને તેને સુધારવી જોઈએ અને પાછળ ફરીને ન જોવું જોઈએ.' તેમણે સ્પષ્ટતા કરી કે યુદ્ધમાં નુકસાન કરતાં પરિણામો વધુ મહત્વ ધરાવે છે. ઓપરેશન સિંદૂર એક યુદ્ધ વ્યૂહરચનાનું ઉદાહરણ હતું જેમાં ગતિશીલ અને બિન-ગતિશીલ યુદ્ધ કુશળતાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### યુપીના મેરઠના એક ઘરમાં પાંચ વિસ્ફોટ, સમગ્ર વિસ્તાર હચમચી ઉઠ્યો

। (એજન્સી) મેરઠ, તા.૩ ।

ઉત્તરપ્રદેશના મેરઠ જિલ્લામાં કોતવાલી વિસ્તારમાં મંગળવારે બપોરે એક બાદ એક ૫ વિસ્ફોટોથી સમગ્ર વિસ્તાર ધણધણી ઉઠ્યો હતો. કોતવાલી વિસ્તારના મોહલ્લા જાહિદીયાનમાં બુઢાના ગેટ ચોકીની સામે જ ગલીમાં આવેલા એક મહિનામાં આ વિસ્ફોટ થયો. એક બાદ એક પાંચ બ્લાસ્ટ થયા. બ્લાસ્ટ એટલા જોરદાર હતા કે સમગ્ર વિસ્તાર અવાજ સંભળાયો.

### પંજાબ પોલીસે વધુ એક પાકિસ્તાની જાસૂસની ધરપકડ કરી

। (એજન્સી) પંજાબ, તા.૩ ।

ભારત-પાકિસ્તાનની તંગદિલી વચ્ચે દેશમાં આતંકવાદ વિરોધી તપાસ અને જાસૂસોને પકડવાની કવાયત મોટાપાયે હાથ ધરાઈ છે. જેમાં પંજાબ પોલીસે વધુ એક પાકિસ્તાની જાસૂસની ધરપકડ કરી છે. કાઉન્ટર ઈન્ટેલિજન્સ પંજાબ પાસેથી મળેલી સૂચનાના આધારે તરનતારન પોલીસે એક સંયુક્ત અભિયાનમાં ગગનદીપ સિંહ ઉર્ફ ગગન નામના શખસની ધરપકડ કરી છે. મળેલી માહિતી અનુસાર, ધરપકડ કરવામાં આવેલો આરોપી ગગન પાકિસ્તાન ISI અને ખાલિસ્તાન સમર્થક ગોપાલ સિંહ ચાવલાના સંપર્કમાં હતો.

### પાકિસ્તાન હવે ઇટાલીની મદદ માંગવા માટે પહોંચ્યુ

# પાકિસ્તાનએ વ્યક્ત કરી ઇચ્છા, ભારત સાથે શાંતિ વાર્તા કરવા

। (એજન્સી) નવીદિલ્હી, તા.૩ ।

પાકિસ્તાન હવે ઈટાલીની મદદ માંગવા માટે પહોંચ્યુ છે. તેઓએ પીએમ જ્યોર્જિયા મેલોની પાસે મદદ માંગી છે. પાકિસ્તાને જણાવ્યુ છે કે, ઈટાલી જ શાંતિ કરાર કરાવી શકે છે. પાકિસ્તાને ભારત સાથે શાંતિ વાર્તા માટે મધ્યસ્થતા કરવા આશા વ્યક્ત કરી છે.

ઈસ્લામાબાદમાં ઈટાલીના નેશનલ ડે પર પાકિસ્તાન સૂચના મંત્રી અતાઉલ્લા તારડે ઈટાલીને વિશ્વાસપાત્ર 'શાંતિ નિર્માતા' કહ્યુ છે. અને સાથે જ દ્વિપ ક્ષીય સંબંધોની મજબૂતીનો પણ



ઉલ્લેખ કર્યો છે. ભારત સાથે સંબંધોમાં સુધાર આવે તે માટે પાકિસ્તાને હવે ઈટાલી તરફ મદદ માટે નજર કરી છે. પાકિસ્તાનના સૂચના મંત્રી અને પ્રસારણ મંત્રી અતાઉલ્લા તારડે ઈટાલીને ક્ષેત્રીય અને વૈશ્વિક અશાંતિના સમયમાં 'શાંતિ નિર્માતા' દેશ તરીકે ઓળખાવ્યો છે. તેઓએ વધુમાં જણાવ્યુ હતુ કે, ઈટાલીના પીએમ જ્યોર્જિયા મેલોની જો મધ્યસ્થતા કરે તો ભારત અને પાકિસ્તાન વચ્ચે શાંતિ વાર્તા થઈ શકે છે. અને વણસેલા સંબંધો ફરી સુધરી શકે છે. આ નિવેદન ઈસ્લામાબાદમાં ઈટાલીના નેશનલ ડે દરમિયાન પાકિસ્તાન સૂચના મંત્રી અતાઉલ્લા તારડે આપ્યુ હતુ. તારડે વધુમાં જણાવ્યુ હતુ કે, પાકિસ્તાન અને ઈટાલી વચ્ચે ૭૫ વર્ષ જૂનો રાજનૈતિક સંબંધ છે. જે સમયની સાથે વધુ મજબૂત થયો છે. ઈટાલી સાથે તેઓ પ્રવાસ, શિક્ષણ અને વેપાર ક્ષેત્રે વધુ મજબૂતી લાવવા ઈચ્છીએ છીએ. પાકિસ્તાનના મંત્રીએ માહિતી આપી છે કે, ગયા મહિને જ ઈટાલીના ગૃહમંત્રીએ પાકિસ્તાન પ્રવાસ કર્યો હતો. જે દરમિયાન પ્રવાસ અને શ્રમ અંગે કરાર કરવામાં આવ્યો હતા. આ પ્રવાસ દરમિયાન કરવામાં આવેલા કરારથી એ સાબિત થાય છે કે, તણાવની સ્થિતિમાં પણ પાકિસ્તાન અને ઈટાલી વચ્ચે સંબંધો મજબૂત છે. બન્ને દેશ એકબીજા સાથે સતત વાતચીત કરતા રહે છે. તારડે SEPનો ઉલ્લેખ કરતા જણાવ્યુ હતુ કે, વર્ષ ૨૦૧૩થી જ બન્ને દેશમાં સંવાદની રુપરેખા બની છે.

### ઇસ્લામાબાદમાં પ્રખ્યાત પાકિસ્તાની ટિકટોકરની ગોળી મારીને હત્યા

। ઇસ્લામાબાદ, તા.૩ ।

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં એક દુ:ખદ ઘટનામાં, પ્રખ્યાત ટિકટોકર સના યુસુફની ગોળી મારીને હત્યા કરવામાં આવી. આ ઘટના ઈસ્લામાબાદના સેક્ટર G-13 સ્થિત તેના નિવાસસ્થાને બની હતી, જે સુમ્બલ પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે. પોલીસના જણાવ્યા અનુસાર, મૂળ અપર ચિત્રાલની રહેવાસી સના યુસુફને તેના ઘરે મળવા આવેલા એક મહેમાન દ્વારા ગોળી મારી દેવામાં આવી હતી.

### યોગી સરકારનો મોટો નિર્ણય

# ભરતીમાં અગ્નિવીરોને ૨૦% અનામત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો

### આ નિર્ણય પાછળ અગ્નિપથ યોજના અંતર્ગત ૪ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરનારા અગ્નિવીરોને સેવા કરવાનો અવસર પ્રાપ્ત થશે

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૩ ।

ઉત્તર પ્રદેશની યોગી સરકારે રાજ્ય પોલીસ દળ માટે અનેક પદ પર ભરતીને લઈને જાહેરાત કરીછે. હવે આ ભરતીમાં અગ્નિવીરોને ૨૦% અનામત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય યોગી આદિત્યનાથે તેમની અધ્યક્ષતામાં યોજાયેલી કેબીનેટની બેઠક બાદ લીધો છે. નાણામંત્રી સુરેશ કુમાર ખન્નાએ જણાવ્યુ હતુ કે આ નિર્ણય પાછળ અગ્નિપથ યોજના અંતર્ગત ૪ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરનારા અગ્નિવીરોને સેવા કરવાનો અવસર પ્રાપ્ત થશે.

આ મહત્ત્વપૂર્ણ નિર્ણય તમામ શ્રેણી જેમકે સામાન્ય, એસસી, એસટી અને ઓબીસી પર લાગુ થશે. જો કોઈ અગ્નિવીર એસસી શ્રેણીમાં આવે છે તો તેને અનામતનો લાભ મળશે. જો ઓબીસીથી આવે છે તો પણ અનામતનો લાભ મળશે, કોન્સ્ટેબલ પોલીસ, કોન્સ્ટેબલ પીએસી, ઘોડેસવાર પોલીસ અને ફાયરમેન જેવી શૃંખલાઓમાં ઉમેદવારી કરી શકાશેઆ તમામમાં અગ્નિવીરોને ઉંમરમાં મળશે ૩ વર્ષની છૂટ

સિસ્ટમ અનુસાર ભરતીની પહેલી બેન્ચ ૨૦૨૬માં આવશે. કેટલાયે રાજ્યોમાં કેન્દ્રીય બળોને અગ્નિવીરોને અનામત આપવાની પહેલ કરવામાં આવી છે. હરિયાણા અને ઓડિશા જેવા રાજ્યોએ પૂર્વ અગ્નિવીરોને૧૦



ટકા અનામતનો લાભ આપવાની રજૂઆત કરી છે. ઉત્તરપ્રદેશ મંત્રિમંડળે હવે ૨૦ ટકા અનામતને મંજૂરી આપી દીધી છે.

યુપી સરકારે પોલીસ દળમાં કોન્સ્ટેબલ પોલીસ, કોન્સ્ટેબલ પીએસી, ઘોડેસવાર પોલીસ અને ફાયરમેન જેવા પદ પર ભરતી કરાશે. ૪ વર્ષ પૂર્ણ કરનારા અગ્નિવીરોને અગ્નિપથ સ્કીમમાં ફાયદો થશે.

કેન્દ્ર સરકારે ૨૦૨૨માં અગ્નિપથ યોજના શરૂ કરી હતી. જેમા સેના, નૌસેના અને વાયુસેનામાં યુવાનોને ૪ વર્ષમાટે અગ્નિવીર તરીકે ભરતી કરાશે. આ ૪ વર્ષના કાર્યકાળમાં ૬ મહિના ટ્રેનિંગ આપવામાં આવશે. ૪ વર્ષ પૂરા થયા પછી અગ્નિવીરોના કામને મુલવીને તેમની કાર્યક્ષમતા અને મિરિટલિસ્ટને તૈયાર કરવામાં આવશે. જે મેરિટના આધારે ૨૫% અગ્નિવીરોને સેનામાં હંગામી ધોરણે નોકરી મળશે અને બાકી ૭૫% અગ્નિવીરોને નિવૃત્ત કરાશે. અનુમાન છે કે ૧ લાખ અગ્નિવીરોની પહેલી બેચ ૨૦૨૬-૨૭માં નિવૃત્ત થશે. આમાંથી ૨૫,૦૦૦ને સેનામાં કાયમી ભરતી કરાશે.

### LGનું મોટુ એક્શન

## જમ્મુ-કશ્મીરમાં આતંકવાદને સમર્થન આપતા 3 કર્મચારીઓને સસ્પેન્ડ કરાયા

। (એજન્સી) જમ્મુ-કશ્મીર, તા.૩ ।

જમ્મુ-કશ્મીરના ઉપ રાજ્યપાલ મનોજ સિન્હાએ મંગળવારે એક મોટી કાર્યવાહી કરી છે. તેમણેમ ૩ સરકારી કર્મચારીઓને સસપેન્ડ કરી દીધા છે. પાકિસ્તાનના આતંકી સંગઠનો લશ્કર-એ-તૈયબા અને હુબ્જ-ઉલ-મુજાહિદીનની સાથે કનેક્શન પર આ કાર્યવાહી કરવામાં આવી છે. જમ્મુ-કશ્મીરમાં લશ્કર અને હિજબુલ જૈશ સાથે સબંધના આરોપમાં ૩ સરકારી કર્મચારીઓને સસપેન્ડ કરી દેવાયા છે. સસપેન્ડ કરવામાં આવેલા કર્મચારીઓમાં એક પોલીસ કોન્સ્ટેબલ છે. તો બીજો સ્કૂલ ટીચર અને ત્રીજો સરકારી ડોક્ટર છે. ત્રણેય કર્મચારીઓ પર આતંકી સંગઠન લશ્ક-એ-તૈયબા અને હિબ્જ-ઉલ-મુજાહિદીન માટે કામ કરવાના આરોપો છે. ઓગસ્ટ ૨૦૨૦માં પદ સંભાળ્યા બાદથી એલજી મનોજ સિન્હાઓએ આતંકીઓ, તેમના નેટવર્ક અને સરકારી સંસ્થાઓમાં સમાવિષ્ટ સમર્થકો વિરુદ્ધ મોટુ એક્શન લીધુ છે. સિન્હાએ આક્રામક આતંકવાદ વિરોધી અભિયાન શરૂ કર્યા છે. જેમાં સુરક્ષાબળોએ ૨૦૨૦ અને ૨૦૨૪ વચ્ચે જમ્મૂ-કાશ્મીરમાં સેંકડો આતંકવાદીઓને પકડી પાડ્યા છે.

### સંગઠન સર્જન અભિયાનની શરૂઆત દરમિયાન કડક આદેશ

# હેરાફેરી નહીં ચાલે, જૂથવાદ બંધ કરોઃ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી

### તેમણે નેતાઓને જૂથવાદ દૂર કરવા, એકજૂટ બની કામ કરવા અને સંગઠનાત્મક ઢાંચાને સશક્ત બનાવવા સંદેશ આપ્યો છે

। (એજન્સી) ભોપાલ, તા.૩ ।

લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ મંગળવારે મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં કોંગ્રેસના 'સંગઠન સર્જન અભિયાન'ની શરૂઆત કરી છે. આ અભિયાનનો ઉદ્દેશ ૨૦૨૮ની વિધાનસભા ચૂંટણી માટે પક્ષ સંગઠનને મજબૂત બનાવવા અને ૨૦ વર્ષથી નિસ્તેજ બનેલા કોંગ્રેસ સંગઠનને મિશન ૨૦૨૮ માટે તૈયાર કરવાનો છે. રાહુલ ગાંધી પાંચ



કલાકની મુલાકાત દરમિયાન પાંચ બેઠકોમાં ભાગ લીધો હતો. તેમણે નેતાઓને જૂથવાદ દૂર કરવા, એકજૂટ બની કામ કરવા અને સંગઠનાત્મક ઢાંચાને સશક્ત બનાવવા સંદેશ આપ્યો છે. રાહુલ ગાંધીએ પક્ષના નેતાઓને નિર્દેશ આપતાં કહ્યું કે, જૂથવાદ બંધ કરો અને એક સાથે મળીને કામ કરો. કોઈપણ નિર્ણય ઉપરથી થોપવામાં આવશે નહીં. બધાએ સાથે મળીને નિર્ણય લેવો પડશે, જો કોઈ બદલાવની જરૂર પડી તો તેનો નિર્ણય અમે લઈશું.

કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ સંગઠનના પુનર્ગઠન મુદ્દે કડક વલણ અપનાવતાં કહ્યું કે, કોઈપણ પ્રકારની હેરાફેરી ચલાવી લેવામાં આવશે નહીં. જો કઈ ખોટુ થયું તો અમે તેને તુરંત દૂર કરીશું.

### કેન્દ્રીય મંત્રીનું મોટું નિવેદન

# ટેસ્લાને ભારતમાં શો રૂમ ખોલવો છે પણ મેન્યુફેક્ચરિંગ નથી કરવુ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૩ ।

ટેસ્લાના સીઈઓ અને સ્પેસએક્સના માલિક ઈલોન મસ્કની ઈલેક્ટ્રિક કાર મેન્યુફેક્ચરિંગ કંપની ટેસ્લા ભારતમાં શો રૂમ ખોલવામાં રસ ધરાવે છે. પરંતુ તેને ભારતમાં (ટેસ્લા ઈન્ડિયા) કારનું ઉત્પાદન કરવામાં રસ નથી. આ નિવેદન ખુદ દેશના કેન્દ્રીય ભારી ઉદ્યોગ મંત્રી એચડી કુમારસ્વામીનું છે. અગાઉ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, 'જો ટેસ્લા ભારતના ટેરિફથી બચવા માટે ત્યાં ફેક્ટરી બનાવે છે, તો તે અમેરિકા સાથે અન્યાય થશે.'

ભારતમાં ઈલેક્ટ્રિક કારના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે યોજના માટે માર્ગદર્શિકા જારી કરવામાં આવી હતી. આ જાહેરાત કરવા માટે સોમવારે (બીજી જૂન) એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, 'મર્સિડીઝ-બેન્ઝ, ફોક્સવેગન-સ્કોડા, હ્યુન્ડાઈ અને કિયા. આ બધા ગ્લોબલ ઈલેક્ટ્રિક ઉત્પાદકોએ પહેલાથી જ રસ દાખવ્યો છે. જ્યારે ટેસ્લા બે શોરૂમ ખોલવા જઈ રહ્યા છે. તેમને ભારતમાં ઉત્પાદન કરવામાં રસ નથી.' ઈલોન મસ્કે એપ્રિલ ૨૦૨૪માં કહ્યું હતું કે, 'કંપનીની ભારે જવાબદારીઓને કારણે તેમની ભારત મુલાકાત મોડી પડી છે.' અગાઉ ફેબ્રુઆરી ૨૦૨૫માં પીએમ મોદી તેમની યુએસ મુલાકાત દરમિયાન ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્કને મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી ૨૦૨૫માં અમેરિકાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેસ્લાની ભારતમાં લાવવાની યોજનાઓની ટીકા કરી હતી.

### સિક્કિમમાં જળપ્રલય

# ઉત્તર સિક્કિમમાં ભારે વરસાદના કારણે પૂરની તારાજી સર્જાઈ

। (એજન્સી) સિક્કિમ, તા.૩ ।

ઉત્તર સિક્કિમમાં ભારે વરસાદના કારણે પૂરની તારાજી સર્જાઈ છે. સિક્કિમમાં અનેક વિસ્તારોમાં વરસાદના કારણે ભૂસ્ખલનની દુર્ઘટના બની છે. જેના કારણે લાચુંગ અને ચુંગથાંગમાં ૧૬૭૮ પ્રવાસીઓ ફસાયા હતા. એનડીઆરએફ અને સ્થાનિક પ્રશાસને બચાવ અભિયાન હાથ ધરી તેઓને સુરક્ષિત પણે બહાર નીકળ્યા છે. મંગન જિલ્લાના છાતેનમાં એક સેનાની છાવણીમાં ભૂસ્ખલન થયું હતું. જેમાં ત્રણ જવાનોના મોત થયા હતા, જ્યારે છ જવાન હજુ ગુમ છે. લાચુંગમાં હજી ૧૦૦થી વધુ લોકો ફસાયેલા છે. ડીજીપી અક્ષય સચદેવાએ પૂરની દુર્ઘટનાને ધ્યાનમાં લેતાં જણાવ્યું કે, અમુક પર્યટકોને લાચુંગમાંથી બહાર સુરક્ષિત સ્થળે ગંગટોક લઈ જવામાં આવ્યા છે. લાચેનમાં ફસાયેલા લોકોને પણ બચાવવાનો પ્રયાસ જારી છે. ભારે વરસાદના કારણે મંગન જિલ્લામાં ભૂસ્ખલન થયું હતું. જેના લીધે રસ્તા બંધ થયા છે. છાતેનમાં સેનાની છાવણી પર ભૂસ્ખલન થતાં લખનવિંદર સિંહ, લાંસ નાયક મુનિશ ઠાકુર અને પોર્ટર અભિષેક લખડાનું મોત થયું છે.

### શિક્ષણ મંત્રી દાદા ભુસે એક જાહેરાત કરી

# દેશભક્તિ અને અનુશાસન માટે મહારાષ્ટ્ર સરકારની પહેલ

। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૩ ।

મંત્રી ભૂસેએ જણાવ્યુ કે આ પહેલથી વિદ્યાર્થીઓને સૈન્યના અનુશાસન, વ્યાયામ અને રાષ્ટ્રસેવાની ભાવના સાથે જોડાશે. પ્રશિક્ષણ માટે સેવાનિવૃત્ત સૈનિકોની સેવા લેવાશે જેથી બાળકોને યોગ્ય માર્ગદર્શન અને પ્રેરણા મળી શકે. દેશના નાના બાળકોની દેશભક્તિ, શારીરિક વ્યાયામનું મહત્વ અને અનુશાસનમાં કેવી રીતે રહેવુ તેનાથી વિદ્યાર્થીઓને પ્રશિક્ષિત કરાશે. ભૂસેએ આગળ કહ્યુ કે ધોરણ-૧થી જ શિક્ષણની સાથે સાથે સૈન્ય જેવી ટ્રેનિંગ મળે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. આનથી દેશના નાના બાળકોની દેશભક્તિ, શારીરિક વ્યાયામનું મહત્વ અને અનુશાસનમાં કેવી રીતે રહેવુ તેનાથી વિદ્યાર્થીઓને પ્રશિક્ષિત કરાશે. આ મામલે ઝસ દેવેન્દ્ર ફડણવીસે પ્રસ્તાવને સકારાત્મક પ્રતિક્રિયા આપી છે. શિવસેનાના મંત્રીએ કહ્યુ કે આ પ્રસ્તાવ લાગુ કરવા માટે શિક્ષકોને અલગથી ટ્રેનિંગ અપાશે, રમત ગમત ક્ષેત્રના પીટી ટીચરોને અલગથી ટ્રેનિંગ અપાશે., સ્કાઉટ અને ગાઈડ સાથે ૨.૫ લાખ પૂર્વ સૈનિકોની મદદ લેવામાં આવશે. મામલે પુરો સહયોગ આપવાનું આશ્વાસન આપવામાં આવ્યુ છે. મહારાષ્ટ્ર દેશનું એવુ પહેલુ રાજ્ય છે જ્યાં આ રીતે પ્રાથમિક રીતે શિક્ષણની સાથે સાથે મિલીટ્રી ટ્રેનિંગ આપવામાં આવશે. આગામી સમયમાં આ યોજનાનું એક મોડલ તૈયાર કરાશે જેનાથી બીજા રાજ્યોને પણ પ્રેરણા મળે. રાજ્ય સરકારના આ નિર્ણયથી સ્કુલી બાળકોના પરિજનોએ નારાજગી દર્શાવી છે.

### ભારતમાં કંપનીનું લગભગ $5 બિલિયનનું રોકાણ

# ફ્રેન્ચ એનર્જી જાયન્ટ ટોટલ એનર્જીનું અદાણી ગ્રીનની યોજનાઓને સમર્થન

। અમદાવાદ, તા.૩ ।

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલની ફ્રાન્સની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાત દરમિયાન ફ્રેન્ચ કંપની ટોટલ એનર્જીઝએ ભારતીય કંપની અદાણી ગ્રીનમાં પુનઃ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. છ્ર્ઈન્ હાલમાં ૧૪ ગીગાવોટ નવીનીકરણીય ઊર્જા ક્ષમતાનું સંચાલન કરે છે, અને ટોટલએનર્જી સાથેની તેની ભાગીદારી ભારતના વ્યાપક નવીનીકરણીય ઊર્જા લક્ષ્યાંકોમાં મહત્વપૂર્ણ ફાળો આપે તેવી અપેક્ષા છે.

ટોટલએનર્જીઝએએના ચેરમેન અને સીઈઓ પેટ્રિક પૌયાનીએ અદાણી ગ્રીન એનર્જી લિમિટેડના વિસ્તરણને સતત ટેકો આપવાની ફરીવાર પુષ્ટિ કરી છે. ભારતના ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ સાથે પેરિસમાં એક બેઠક દરમિયાન બોલતા પૌયાનીએ કહ્યું, " અદાણી ગ્રીનના વિસ્તરણને ટેકો આપવા અમે પ્રતિબદ્ધ છીએ, જે પહેલાથી જ ૧૪ ગીગાવોટ ક્ષમતા ધરાવે છે. અમે તે વૃદ્ધિને ટેકો યથાવત્ રાખીશું."

છેલ્લા પાંચ વર્ષમાં ટોટલએનર્જીઝએ ભારતમાં લગભગ **$5** બિલિયનનું રોકાણ કર્યું છે, જેમાં અદાણી ગ્રુપની કંપનીઓ સાથે સહયોગ દ્વારા કુદરતી ગેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સિટી ગેસ નેટવર્ક અને સૌર અને પવન જેવા નવીનીકરણીય ઉર્જા સ્થાપનો પર ધ્યાન



કેન્દ્રિત કરવામાં આવ્યું છે. અહેવાલો અનુસાર ગોયલે ફ્રેન્ચ ઊર્જા કંપનીને ભારતના ઊર્જા ક્ષેત્રમાં તેની ભાગીદારી વધારવા પ્રોત્સાહિત કર્યા હતા. ટોટલએનર્જીઝએ સૌપ્રથમ જાન્યુઆરી ૨૦૨૧માં કંપનીમાં માઈનોર સ્ટેક ખરીદીને **AGEL** સાથે ભાગીદારી શરૂ કરી હતી. સમગ્ર ભારતમાં નવીનીકરણીય ઉર્જા પ્રોજેક્ટ્સનું સંચાલન કરતી **AGEL** સાથેના ત્રણ સંયુક્ત સાહસોમાં પણ ફ્રેન્ચ કંપની ૫૦% હિસ્સો ધરાવે છે. ઉલ્લેખનીય છે કે, ટોટલએનર્જીએ ઈન્ડિયા એનર્જી સમિટ દરમિયાન ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન સાથે સમજૂતી કરાર કર્યા હતા.

પૌયાનેએ આ મુલાકાત દરમિયાન ભારતમાં ટોટલએનર્જીઝની વ્યાપક વ્યૂહરચનાનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં યુનાઈટેડ સ્ટેટ્સમાંથી ઊર્જા નિકાસ વધારવાનો સમાવેશ થાય છે. યુએસમાં ટોટલ એનર્જી કંપની અગ્રણી ઊર્જા નિકાસકાર છે. ભારત માટે વધારાની સપ્લાય લાઈન બનાવવા તેમણે મોઝામ્બિકમાં કામગીરી ફરી શરૂ કરવાની યોજનાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો.

ટોટલએનર્જીઝએ એમ પણ સ્પષ્ટતા કરી કે અદાણી ગ્રુપની કંપનીઓમાં તેના અગાઉના રોકાણો કાનૂની જરૂરિયાતો અને આંતરિક પાલન પ્રક્રિયાઓ અનુસાર કરવામાં આવ્યા હતા. જે ભાગીદારો તરફથી વ્યાપક ડ્યુ ડિલિજન્સ અને ઘોષણાઓના આધારે કરવામાં આવ્યા હતા.આ જાહેરાત બંને કંપનીઓની ભારતના નવીનીકરણીય ઉર્જા ક્ષેત્રમાં વિસ્તરણ કરવાની યોજનાઓ સાથે સુસંગત છે.

## વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે ભાવનગરમાં વિશિષ્ટ પહેલ : ૫૦ પ્લાસ્ટિકના ઝબલા સામે એક કાપડની થેલી

### સ્વચ્છ ભારત મિશન અર્બનના બ્રાન્ડ એમ્બેસેડર ડો. તેજસ દોશીના વિવિધ પ્રોજેક્ટ દ્વારા અત્યાર સુધીમાં ૫૦ લાખ કિલો પ્લાસ્ટિક રિસાયકલ કરાયું



। ભાવનગર, તા.૩ ।

ભાવનગરમાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે વિશિષ્ટ પહેલ અંતર્ગત ૫૦ પ્લાસ્ટિકના ઝબલા સામે એક કાપડની થેલી આપવાનો કાર્યક્રમ ૫ જૂનના દિવસે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી રાખવામાં આવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની પ્રેરણાથી ૨૨ મે થી ૫ જૂન સુધી ચાલી રહેલા STOP SINGLE USE PLASTIC કેમ્પેઈનને દેશભરમાં અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કેમ્પેઈન અંતર્ગત ભાવનગર શહેરના બી.એમ.સી. ના સ્વચ્છતા બ્રાન્ડ એમ્બેસેડર ડૉ. તેજસ દોશી, ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘના સહયોગથી ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ મિશન અંતર્ગત ૫૦ સિંગલ યુઝ પ્લાસ્ટિક સામે એક કોટન બેગ પાણીની ટાંકી પાસે વિક્ટોરિયા પાર્ક, શિવાજી સર્કલ સેન્ટ મેરી સ્કૂલ પાસે, ઘોઘા સર્કલ અખાડા – ભાવનગર ખાતેથી મેળવી શકો છો. ૫ જૂનના દિવસે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી આ સ્થળોએ યોજાશે. સ્વચ્છ ભારત મિશન અર્બન બી.એમ.સી. ના બ્રાન્ડ એમ્બેસેડર ડો તેજસ દોશી દ્વાર અત્યારસુધીમાં ૨ લાખથી વધુ કોટન બેગ ડીસ્ટ્રીબ્યુટ કરવામાં આવી છે ૧ કરોડથી વધુ ઝભ્ભલા સોસાયટી માંથી ઓછા કરવામાં આવ્યા છે જેમાં વિવિધ પ્રોજેક્ટ દ્વારા અત્યાર સુધીમાં ૫૦ લાખ કિલો પ્લાસ્ટિક રિસાયકલ કરવામાં આવ્યું છે.

### 2B, 3B અને e-Way Billનો ડેટા ત્રણ મહિનાના પેકેજમાં વેચાય છે

# GSTની સિસ્ટમમાંથી કરદાતાઓના ગુપ્ત ડેટા વેચાતા હોવાની ગંભીર ફરિયાદ

### ‘ડેટા સોલ્યુશન’ નામની ગેંગ દિલ્હી, ગાઝિયાબાદ અને નોઈડામાં બેસીને સમગ્ર નેટવર્ક ચલાવી રહી હોવાની વાત પણ પત્રમાં કરવામાં આવી છે

। (એજન્સી) સુરત, તા.૩ ।

GSTની ઓનલાઈન સિસ્ટમમાંથી કરદાતાઓના ગુપ્ત ડેટા વેચાતા હોવાની ગંભીર ફરિયાદ થઈ છે. આવી ફરિયાદ સાથે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિએશન (CAAS) દ્વારા કેન્દ્રીય નાણામંત્રીને મોકલવામાં આવેલો પત્ર ચર્ચાનો વિષય બન્યો છે. આ પત્રમાં ગુડસ એન્ડ સર્વિસ ટેક્સ (GST) વ્યવસ્થાની ગંભીર ખામીઓ, કરદાતાઓના ગુપ્ત ડેટાના વેચાણથી લઈને રિફંડ વિલંબ અને અપ્રમાણભૂત દંડ સુધીના મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક પ્રકાશ પાડવામાં આવ્યો છે. ‘ડેટા સોલ્યુશન’ નામની ગેંગ દિલ્હી, ગાઝિયાબાદ અને નોઈડામાં બેસીને સમગ્ર નેટવર્ક ચલાવી રહી હોવાની વાત પણ પત્રમાં કરવામાં આવી છે.CAASના પ્રમુખ હાર્દિક કાકડિયાએ માહિતી આપતાં જણાવ્યું કે, હાલમાં GST ડેટા બજાર ગેરકાયદે રીતે ખુબ જ મોટા પ્રમાણમાં સક્રિય છે. GST સંબંધિત તમામ પ્રકારના ડેટાનું વેચાણ થઈ રહ્યું છે. તેમાં, GSTR-1નો ડેટા રૂ. ૮,૦૦૦થી ૧૦,૦૦૦ સુધીમાં વેચાઈ રહ્યો છે, આ ડેટા પરથી એવું જાણવા મળે છે કે વેપારીએ કયા પાર્ટીને માલ વેચ્યો છે. એટલું જ નહીં 2B, 3B અને e-Way Billનો ડેટા ત્રણ મહિનાના પેકેજ રૂપે રૂ. ૧૫,૦૦૦માં વેચવામાં આવે છે.

એસોસિયેશનના કાકડિયાએ વધુમાં ખુલાસો કર્યો કે, આ સમગ્ર ડેટા વેચવાનું કામ “ડેટા સોલ્યુશન” નામની ગેંગ દ્વારા હાથ ધરવામાં આવી રહ્યું છે. આ ગેંગનું નેટવર્ક દિલ્હી, ગાઝિયાબાદ અને નોઈડા સહિતના વિસ્તારોમાં સક્રિય છે. “આ તમામ પેકેજોની વિગતો અને ડેટા વેચાણ સંબંધિત પુરાવા અમારા પાસે ઉપલબ્ધ છે”, તેમણે ચિંતા વ્યક્ત કરી હતી કે, જો વેપારીઓના વ્યાવસાયિક ડેટાનું પ્રોફાઈલિંગ ત્રીજા પક્ષ પાસે પહોંચી જાય તો કોઈપણ વ્યક્તિ બિઝનેસ કોપી કરીને સામ સામી સ્પર્ધા ઊભી કરી શકે છે. બિઝનેસ માટેની ગુપ્ત માહિતી જાહેર થવી એ ગોપનીયતાનો ભંગ છે. આપણે એવી સ્થિતિ તરફ જઈ રહ્યા છીએ જ્યાં વેપાર કરવો સુરક્ષિત નહીં રહે, એવુ તેમણે ઉમેર્યું.CAASએ જણાવ્યું કે, તેઓએ આ મુદ્દા અંગે અગાઉ પણ ગુજરાત સરકારને જાણ કરી છે. જોકે, આ મામલો કેન્દ્ર સરકારના હસ્તક્ષેપ વિના ઉકલી શકે તેમ નથી.

### તમામ વિભાગોને સજ્જ રહેવા સૂચના

# ડિઝાસ્ટર પ્લાન અને કંટ્રોલ રૂમ શરૂ કરવા સરકારનો આદેશ

### પરિસ્થિતિને પહોંચી વળવા અંગે કેન્દ્ર અને રાજ્યની વિવિધ એજન્સીઓ તથા વિભાગોની સમીક્ષા બેઠક યોજાઈ હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

ગુજરાતમાં મે મહિનાથી જ છૂટોછવાયો વરસાદ પડી રહ્યો છે. આ વર્ષે ગુજરાતમાં ચોમાસુ સમયસર આવવાની હવામાન વિભાગની આગાહી છે. આ દરમિયાન પ્રી-મોન્સૂનને લઈને રાજ્ય સરકારની પૂર્વ તૈયારી વર્તાઈ રહી છે, ત્યારે ગાંધીનગર ખાતે મુખ્ય સચિવ પંકજ જોષીની અધ્યક્ષતામાં રાજ્યમાં આગામી ચોમાસાની સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા અંગે કેન્દ્ર અને રાજ્યની વિવિધ એજન્સીઓ તથા વિભાગોની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યમાં ડિઝાસ્ટર પ્લાન અને કંટ્રોલ રૂમ શરૂ કરવા સરકારે આદેશ કરવાની સાથે તમામ વિભાગોને સજ્જ રહેવા સૂચના આપવામાં આવી છે. રાજ્યમાં પ્રી-મોન્સૂનને લઈને સરકાર તૈયારીમાં છે, ત્યારે ગાંધીનગરમાં મળેલી બેઠકમાં મહેસૂલ, ઊર્જા, ગૃહ, સિંચાઈ સહિતના સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ, ઈસરો, સેનાની ત્રણેય પાંખ, BSF, કોસ્ટ ગાર્ડ, NDRF, SDRF, CWC, RAF, રેલવે, BSNL સહિત અનેક એજન્સીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મુખ્ય સચિવે સંબંધિત વિભાગોને તાત્કાલિક રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાના કંટ્રોલ રૂમ શરૂ કરવા તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરી અમલ શરૂ કરવા સૂચના આપી હતી. ભારે વરસાદ-પૂરની સ્થિતિમાં નાગરિકોને પૂરતી સુવિધા મળી રહે તે માટે જરૂરી પુરવઠાનો પૂરતો જથ્થો સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, ચોમાસા દરમિયાન કોઈપણ પ્રકારની જાનહાનિ ન થાય તે માટે વહીવટીતંત્ર સંપૂર્ણ સજ્જ છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આ વર્ષે ગુજરાત રીજીયનમાં ૧૧૪% અને સૌરાષ્ટ્ર-કચ્છમાં ૧૧૯% જેટલો સારો વરસાદ થવાની સંભાવના છે. તેવામાં ભારે વરસાદી પરિસ્થિતિને લઈને રાજ્યમાં NDRFની ૧૫ અને SDRFની ૧૧ ટીમો ઉપલબ્ધ રહેશે, જે જરૂરિયાત મુજબ તહેનાત કરી શકાશે. આ ટીમો બોટ, લાઈફ જેકેટ અને અદ્યતન કમ્યુનિકેશન સુવિધાઓથી સજ્જ હશે. મુખ્ય સચિવે ભૂતકાળમાં વધુ વરસાદવાળા વિસ્તારોની સમીક્ષા કરી અગમચેતીના ભાગરૂપે નુકસાન અટકાવવા તૈયારી કરવા જણાવ્યું હતું.

## પાણીના મિટર મૂકનારું ડભોઇનું બાણેજ વડોદરા જિલ્લાનું પ્રથમ ગામ બન્યું

। (એજન્સી) ડભોઇ, તા.૩ ।

ડભોઈ તાલુકામાં આવેલા ઐતિહાસિક ગામ બાણજમાં જલ જીવન મિશન હેઠળ ગ્રામજનોને હવે ૨૪ કલાક પાણી મળતું થયું છે. ગામમાં પાણીના વપરાશ માટે મિટર મૂકવામાં આવ્યા છે.

પાણી બચાવવા માટે ઘરે ઘરે મિટર મૂકવાની વ્યવસ્થામાં બાણજ ગામ વડોદરા જિલ્લામાં પ્રથમ છે. જેના કારણે પાણીની બચત થવાની સાથે ગ્રામજનોમાં પાણીના વિવેકપૂર્ણ વપરાશ કરવાની સ્વયંશિસ્ત પણ આવી છે. ગામના સરપંચ કહે છે, વર્ષ ૨૦૧૭માં ગ્રામ પંચાયતે પાણી વિતરણ વ્યવસ્થાને નવી કરવાનું નક્કી કર્યું. જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ દ્વારા રૂ.૧૧.૨૧ લાખ કિંમતની યોજના મંજુર કરવામાં આવી. જેમાં ૯૦ ટકા રકમ સરકારશ્રી દ્વારા તથા ૧૦ ટકા રકમ ગ્રામજનોએ ઘર ઘરથી ઉઘરાવીને લોકફાળા રૂપે રૂ. ૧.૧૨ લાખની રકમ એકઠી કરી હતી. આ યોજના અંતર્ગત દરેક ફળિયામાં પુરતુ અને નિયમિત પાણી મળી રહે અને પાણીનું એકસરખુ વિતરણ થાય તે હેતુથી ૬ વાલ્વ સીસ્ટમ નાખવામાં આવી છે. તદઉપરાંત ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા નર્મદા નદી કેનાલથી પાણી મેળવી તેને શુદ્ધિકરણ પ્લાટથી શુદ્ધ કરીને ડભોઈ જુથ પાણી પૂરવઠા યોજના હેઠળ ગામના પાણી સંગ્રહના સમ્પમાં આપવામાં આવ્યુ છે. આ સમ્પથી ગામની ૧૨ મીટર ઉચી ટાંકીમાં ચઢાવીને ઘર ઘર નળ દ્વારા પાણી વિતરણ કરવામાં આવે છે.

### ૨૧ જિલ્લામાં ધોધમાર વરસાદનું એલટ

# ગુજરાતમાં આ સપ્તાહમાં વરસાદ મચાવશે તાંડવ

### ભાવનગર, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી અને છોટા ઉદેપુર સહિત ઘણા જિલ્લાઓમાં વરસાદની સંભાવના

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

ગુજરાતમાં છેલ્લા બે-ત્રણ દિવસથી છૂટોછવાયો વરસાદ પડી રહ્યો છે અને આજે પણ હળવો વરસાદ પડ્યો છે. હવામાન વિભાગે ૭ જૂન સુધી છૂટાછવાયા હળવા વરસાદની આગાહી કરી છે. આજે દક્ષિણ ગુજરાત ઉપરાંત ભાવનગર, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી અને છોટા ઉદેપુર સહિત ઘણા જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, ૧૫ દિવસ પછી એટલે કે ૧૫ જૂન પછી ચોમાસું વધુ સક્રિય થશે, તેથી આગામી ૧૫ દિવસ સુધી વરસાદની શક્યતા હજુ ઓછી છે. જ્યારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, મોરબી, દ્વારકા જિલ્લામાં કેટલાક સ્થળોએ ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર

૨ જૂન ૨૦૨૫ના રોજ ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, ખેડા, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

૩ જૂન ૨૦૨૫ના રોજ પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, ભાવનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, ખેડા, પંચમહાલ, દાહોદ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

૪ જૂન ૨૦૨૫ના રોજ ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી અને નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

૫ જૂન ૨૦૨૫ના રોજ ભરૂચ, નર્મદા, સુરત, દાહોદ, ભાવનગર, રાજકોટ, ગીર સોમનાથ, સાબરકાંઠા, મહિસાગર, વડોદરા, ડાંગ અને વલસાડ જિલ્લામાં હળવા વરસાદની સંભાવના છે.

## સરકારી હોસ્પિટલમાં દર્દીના સગા પર પોલીસકર્મીએ કર્યો લાફાનો વરસાદ

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૩ ।

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડીમાં એક દર્દીનું મોત થયા બાદ હોસ્પિટલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો છે. દર્દીનું મોત નિપજતાં મૃતકના સગાએ હોસ્પિટલમાં રોષ ઠાલવ્યો હતો. દર્દીનું મોત નિપજતાં મૃતકના સગાએ પોલીસને કરી રજૂઆત હતી. દર્દીનું હાર્ટએટેકથી મોત નીપજતાં ત્યાં પોલીસ સમક્ષ ડોક્ટરને હાજર કરવાની માંગ કરી રહ્યા હતા. ડોક્ટરો દ્વારા જવાબ આપવામાં ન આવતા મૃતકના સગાએ સવાલો પૂછ્યા હતા. આ દરમિયાન સુરેન્દ્રનગર પોલીસની દાદાગીરીની ઘટના સામે આવી છે. જિલ્લાની પાટડી સરકારી હોસ્પિટલમાં દર્દીનું મોત નિપજતાં દર્દીના સગા દ્વારા ડોક્ટરને હાજર કરવા માંગ કરવામાં આવતા પોલીસની દાદાગીરીનો વીડિયો વાયરલ થયો છે.

**વિશેષ**

### બાઇક રેલીના માધ્યમથી પ્લાસ્ટિક પ્રદુષણને હરાવવાનો સંદેશો આપવામાં આવ્યો

# બારડોલી ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગ રૂપે સુરત બેંક ઓફ બરોડાની ડિસ્ટ્રિક્ટ રિજિયોન કચેરી દ્વારા બાઇક રેલી યોજાઈ







। (માહિતી) સુરત ।

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગ રૂપે સુરત બેંક ઓફ બરોડાની ડિસ્ટ્રિક્ટ રિજિયોન દ્વારા બારડોલી ખાતે બાઈક રેલી યોજાઈ હતી. આ બાઈક રેલીનું બેંક ઓફ બરોડાના રિજિયોનલ હેડ શ્રી આદર્શ કુમાર અને બારડોલી મામલતદાર શ્રી મેહુલ પટેલે લીલી ઝંડી પ્રસ્થાન કરાવ્યું હતું. બારડોલી નગરમાં વિવિધ જગ્યાએ બાઈક રેલીના માધ્યમથી પ્લાસ્ટિક પ્રદુષણને હરાવીએના મેસેજ સાથે વિધા ભારતી કેમ્પસ ઉમરાખ ખાતે બાઈક રેલીનું સમાપન થયું હતું.

આ અવસરે બેંકના રિજનલ હેડ શ્રી આદર્શ કુમારે જણાવ્યું હતું કે, આપણા દેશને ગ્લોબલ વોર્મિંગની અસરોથી બચાવવા માટે પ્લાસ્ટિકના ઉપયોગને અંકુશિત કરવાની સાથે વધુમાં વધુ વૃક્ષો ઉછેરવાની અપીલ કરી હતી તથા પ્લાસ્ટિક પ્રોડક્ટની ગ્લોબલ ઈફેક્ટ વિશે સમજાવ્યું હતું.

આ પ્રસંગે મામલતદાર શ્રીએ પણ પ્લાસ્ટિકના ગેરલાભો જણાવી તેના ઉપયોગને સીમિત કરવા જણાવ્યું હતું. વિધા ભારતી કેમ્પસના પ્રિન્સિપાલ ડો.પિયુષ જૈને જણાવ્યું હતું કે, બેંક અને સરકાર દ્વારા આ પ્રકારની જાગૃતિના કાર્યક્રમોથી લોકો સિંગલ યુઝ પ્લાસ્ટિકના ગેરલાભોની જાણકારી મળવાની સાથે લોકો પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડે તેવો અનુરોધ કર્યો હતો.

આ સાથે વિધા ભારતી કેમ્પસ ઉમરાખ અને આરએનજી પીટી કોલેજ તાજપોર ખાતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરી અને વિધા ભારતી કેમ્પસ ઉમરાખ કોલેજ તથા આરએનજીપીટી કોલેજના ટોપ ત્રણ ત્રણ વિધાર્થીઓને બેંક ઓફ બરોડા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં શ્રી વિરેન્દ્રભાઈ, શ્રી રાણાજી તથા આર. એન. જી. પી.ટી કોલેજ તાજપોરના ડો. લતેસ ચૌધરી, શ્રી અંકિત જોશી તથા લીડ બેંક મેનેજર સુરત શ્રી અનવર મલિક અને બેંકની વિવિધ શાખાના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### નદીનું ૭૦ ટકા પાણી તો ભારતમાં જ ઉત્પન્ન થાય છે

# આસામના CM હિમંતા બિસ્વા સરમાએ આપ્યો પાકિસ્તાનની ધમકીનો જવાબ

## બ્રહ્મપુત્ર એક એવી નદી છે જે ભારતમાં વધે છે, ઘટતી નથી, ચીન બ્રહ્મપુત્રના કુલ પાણીના પ્રવાહમાં માત્ર ૩૦-૩૫% યોગદાન આપે છે

। (એજન્સી) આસામ, તા.૩ ।

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે સિંધુ જળ સંધિ પર કડક વલણ અપનાવ્યું છે. ભારતે પાકિસ્તાન સાથે સિંધુ નદીના પાણીનો પ્રવાહ બંધ કરી દીધા બાદ પાકિસ્તાનની સ્થિતિ માથાભારે થઈ ગઈ છે. પાકિસ્તાન અવારનવાર આ કરાર અંગે ભારતને ખોખલી ધમકી આપી રહ્યું છે. પાકિસ્તાને હવે ભારતમાં ભય ફેલાવવા માટે એક નવું જૂઠાણું ફેલાવ્યું છે કે, સિંધુ જળ સંધિને સસ્પેન્ડ કરવાના જવાબમાં અમારો મિત્ર દેશ ચીન ભારતમાં બ્રહ્મપુત્ર નદીના પાણીનો પ્રવાહ રોકી શકે છે. હવે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ આ ધમકીનો જવાબ તથ્યો સાથે આપ્યો છે, જે પાકિસ્તાનની આંખો ખોલી નાખશે.તેમણે પાકિસ્તાનની આ થિયરીને સંપૂર્ણપણે નકારી કાઢી છે કે ભારતમાં બ્રહ્મપુત્રા નદીનો પ્રવાહ ચીનથી આવતા પાણી પર નિર્ભર કરે છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં વિગતવાર જણાવ્યું કે, 'કેવી રીતે બ્રહ્મપુત્રા નદી ભારતમાં આત્મનિર્ભર છે



અને તેણે પોતાનો પ્રવાહ જાળવી રાખવા માટે ચીનના પાણી પર નિર્ભર નથી રહેવું પડતું. હિમંતા બિસ્વા સરમાના મતે બ્રહ્મપુત્રાના કુલ પાણીના પ્રવાહમાં ચીન માત્ર ૩૦-૩૫% યોગદાન આપે છે, તે પણ મોટાભાગે પીગળતી હિમનદીઓ અને મર્યાદિત વરસાદના કારણે.' તેમણે X પર લખ્યું કે, 'ભારત દ્વારા જ્યારથી સૌથી જૂની અને એકપક્ષીય સિંધુ જળ સંધિને સસ્પેન્ડ કરી દેવામાં આવી છે ત્યારથી, પાકિસ્તાન એક નવો ભય ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, જો ચીન બ્રહ્મપુત્રના પાણીને અટકાવે તો શું થશે? ચાલો આપણે આ ખોટી કહાનીને ડરથી નહીં પરંતુ તથ્યો અને રાષ્ટ્રીય સ્પષ્ટતાથી તોડી નાખીએ. બ્રહ્મપુત્ર એક એવી નદી છે જે ભારતમાં વધે છે, ઘટતી નથી. ચીન બ્રહ્મપુત્રના કુલ પાણીના પ્રવાહમાં માત્ર ૩૦-૩૫%યોગદાન આપે છે, તે પણ મોટાભાગે હિમનદીઓ પીગળવા અને મર્યાદિત વરસાદથી. બાકીનું ૬૫-૭૦% પાણી ભારતમાં જ ઉત્પન્ન થાય છે.' તેમણે આનું કારણ પણ જણાવ્યું.હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે, 'અરુણાચલ પ્રદેશ, આસામ, નાગાલેન્ડ અને મેઘાલયમાં મૂશળધાર વરસાદ. પ્રમુખ સહાયક નદીઓઃ સુબનસિરી, લોહિત, કામેંગ, માનસ, ધનસિરી, જિયા-ભારાલી, કોપિલી, મેઘાલયની ખાસી, ગારો અને જયંતિયા પહાડોમાંથી નીકળતી કૃષ્ણાઈ, દિગારુ, કુલસી વગેરે સહાયક નદીઓ ભારતની બ્રહ્મપુત્રા નદીના પ્રમુખ જળ સ્ત્રોત છે. ભારત-ચીન સરહદ પર બ્રહ્મપુત્રા નદીનો પ્રવાહ ૨,૦૦૦-૩,૦૦૦ ઘન મીટર/સેકન્ડ રહે છે, જ્યારે ગુવાહાટી જેવા આસામના મેદાનોમાં ચોમાસા દરમિયાન આ પ્રવાહ ૧૫,૦૦૦-૨૦,૦૦૦ ઘન મીટર/સેકન્ડ થઈ જાય છે. તેમણે કહ્યું કે, 'ભારતમાં પ્રવેશ્યા પછી બ્રહ્મપુત્રા નદી સશક્ત બને છે. તે એક ભારતીય, વરસાદ આધારિત નદી પ્રણાલી છે.

### અમે યુદ્ધ નથી ઈચ્છતાઃ શશી થરૂર

# US યાત્રા પહેલા કોંગ્રેસ નેતા થરૂર ડેલિગેશનનો ટ્રમ્પને સીધો સંદેશો

## ભારત યુદ્ધ નથી ઈચ્છતું અને તેને સમજાવવા માટે કોઈની જરૂર નથી

। (એજન્સી) બ્રાસીલિયા,તા.૩ ।

ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાનને દુનિયા સામે ઉઘાડું પાડવા માટે કોંગ્રેસ નેતા શશી થરૂરના નેતૃત્વમાં ભારતીય ડેલિગેશન બ્રાઝિલના બ્રાસીલિયામાં છે. ત્યારબાદ ડેલિગેશન અમેરિકા જશે. જોકે, આ પહેલાં જ થરૂરે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, 'ભારત યુદ્ધ નથી ઈચ્છતું અને તેને સમજાવવા માટે કોઈની જરૂર નથી. ટ્રમ્પ સતત કહી રહ્યા છે કે, ભારત-પાકિસ્તાન વચ્ચે સીઝફાયર કરવા માટે મધ્યસ્થી કરી છે. તેઓ એવું પણ કહે છે કે, તેમણે બંને દેશના વેપારને બંધ કરવાની ચેતવણી પણ આપી હતી. આ વાત પાયાવિહોણી છે.' થરૂરે બ્રાસીલિયામાં મીડિયા સાથે વાતચીત કરતા કહ્યું કે, 'અમેરિકન પ્રમુખના પદ માટે અમારા મનમાં ખૂબ જ સન્માન છે અને અમે આ સન્માનને ધ્યાનમાં રાખીને નથી બોલતા પરંતુ, વ્યાપક રીતે કહીએ તો આ બાબતે અમારી સમજ થોડી અલગ છે. અમને રોકવા માટે કોઈને સમજાવવાની જરૂર નથી. જો અમેરિકન પ્રમુખ અથવા તેમના વરિષ્ઠ અધિકારીઓ તરફથી કોઈ સમજાવવાની જરૂર હોત, તો તે પ ાકિસ્તાનીઓને સમજાવવાનું હતું. અમને



સમજાવવાની જરૂર નથી કારણ કે અમે યુદ્ધ નથી ઈચ્છતા. અમે વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગીએ છીએ. આ મૂળભૂત સંદેશ છે. ૭ મેની શરૂઆતથી જ અમે સતત કહ્યું હતું કે,સંઘર્ષને લાંબો ખેંચવામાં અમારી રૂચિ નથી. આ કોઈપણ પ્રકારના યુદ્ધની શરૂઆત નથી. આ ફક્ત આતંકવાદીઓ સામેનો બદલો છે. જો પાકિસ્તાને પ્રતિક્રિયા ન આપી હોત, તો અમે પણ પ્રતિક્રિયા ન આપત.' બ્રાસીલિયાની યાત્રા બાદ શશી થરૂરના નેતૃત્વમાં ડેલિગેશન પોતાની યાત્રાના અંતિમ તબક્કામાં અમેરિકા જશે. આ યાત્રાને લઈને તેમણે કહ્યું કે, 'આ એક પડકારપૂર્ણ માહોલ છે, જોકે દુનિયા ન્યૂઝ જનરેટર છે તેથી અમારી સ્ટોરી કદાચ તેમના માટે સૌથી ઉપર ન હોય, પરંતુ જો અમે તેના ઉપર લોકોનું ધ્યાન આકર્ષિત કરી શકીએ જે દક્ષિણ એશિયાની ચિંતા કરે છે, જે ભારતની ચિંતા કરે છે, જે આતંકવાદ સામેની લડાઈની ચિંતા કરે છે.'છ થી સાત ઈન્ટરવ્યુ આપશે થરૂર, કોંગ્રેસ નેતાએ કહ્યું કે, 'અમે વોશિંગ્ટનની જનતાનો અભિપ્રાય, સરકારી અધિકારી, ધારાસભ્યો, સેનેટરો અને કોંગ્રેસમેન, ગૃહ અને સેનેટમાં વિવિધ સમિતિઓ, વોશિંગ્ટનમાં ખૂબ જ પ્રભાવશાળી થિંક ટેંકો, ખાસ કરીને વિદેશ નીતિ, મીડિયા અને કેટલાક જાહેર સંબોધનો પર ધ્યાન કેન્દ્રિત કરતી સમિતિઓ સાથે બેઠકો કરીશું. મને છ અથવા સાત ઈન્ટરવ્યુ આપવા માટે કહેવામાં આવ્યું છે. આ ઈન્ટરવ્યુ વ્યક્તિગત અમેરિકન ચેનલ અને બ્રોડકાસ્ટર્સ, પૉડકાસ્ટરોની દેન છે.' અમેરિકા વિશે વાત કરતા શશી થરૂરે કહ્યું કે, 'અમેરિકા અમારા માટે તમામ પ્રકારે મહત્ત્વપૂર્ણ છે કારણ કે, સ્પષ્ટ રૂપે સુરક્ષા પરિષદ અમેરિકા સાથે અમારા સંબંધોનો એક નાનકડો ભાગ છે. અમારો સંબંધ ખૂબ બહોળો છે, ભલે તે વેપારની વાત હોય, સંરક્ષણની વાત હોય, ગુપ્ત જાણકારી શેર કરવાની વાત હોય કે ભલે ૪-૨૦ સ્ક્વૉડમાં અમારી ભાગીદારીની વાત હોય, આવા ઘણાં રસ્તા છે, જેમાં અમેરિકાએ અમારો સહયોગ કર્યો છે.

**ન્યૂઝ બ્રિફ**

### હરણીના ટ્રાન્સપોર્ટ ઓફિસમાંથી ૪.૨૨ લાખનો દારૂ પકડાયો

। (એજન્સી) હરિયાણા, તા.૩ ।

દારૂની હેરાફેરી માટે હવે ટ્રાન્સપોર્ટરોનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાના કિસ્સા બહાર આવી રહ્યા છે ત્યારે હરણી વિસ્તારની વધુ એક ટ્રાન્સપોર્ટ ઓફિસમાંથી દારૂનો મોટો જથ્થો પોલીસને હાથ લાગ્યો છે. હરણી ગોલ્ડન ચોકડી વિસ્તારમાં આવેલી કેપી ટ્રાન્સપોર્ટમાં દારૂનો જથ્થો બહારથી આવ્યો હોવાની વિગતો મળતા હરણી પોલીસે સામાનની ચકાસણી કરી હતી. જે દરમિયાન હરિયાણા પંચકુલાથી આવેલી પ્લાસ્ટિકની ૧૧૪ નંગ પેક બાલ્ટીઓની તપાસ કરતા તેમાંથી દારૂ મળી આવ્યો હતો. પોલીસે ડોલોના બિલ તપાસતા તેમાં હાઈડ્રોલિક ઓઈલ ભર્યું હોવાના બિલ મળી આવ્યા હતા. જેમાં ૩૮ ડોલ ગાયત્રી ટ્રેડર્સ ૩૮ ડોલ હરિઓમ સ્ટીલ વર્કસ મકરપુરા અને ૩૮ ડોલ એચ એ ટ્રેડિંગના નામે મોકલવાની હતી. આ પૈકી ૩૮ ડોલ જશવંત ભગવાન ભાઈ ડાભી વિનાયક રેસીડેન્સી વડોદરા ટેમ્પો લઈને લેવા માટે આવેલ હતા. જ્યારે બીજી ડોલ પછીના ફેરામાં લઈ જવાના હતા.

### જલગાંવમાં એક યુવાન માટે એજન્ટ દ્વારા લગ્ન કરવા ખૂબ મોંઘા સાબિત થયા

। (એજન્સી) જલગાંવ, તા.૩ ।

લગ્ન પછી સુખી જીવન જીવવાનું સ્વપ્ન દરેક વ્યક્તિ જુએ છે. લોકો લગ્ન પહેલા અને પછી વિવિધ પ્રકારના ભવિષ્યના આયોજનો કરે છે. પરંતુ ક્યારેક આ મીઠા સપના ખૂબ પીડા આપે છે. મહારાષ્ટ્રના જલગાંવના એક યુવક સાથે પણ આવું જ કંઈક બન્યું હતું. યુવક લગ્ન બાદ, સુહાગરાત વિશે ખૂબ જ ઉત્સાહિત હતો. અડધી રાત્રે તે તેની દુલ્હનને મળવા અને સુહાગરાત મનાવવા રૂમમાં પહોંચ્યો તો દુલ્હન દેખાઈ નહીં. તેણે ઘણી શોધ કરી પણ દુલ્હન મળી નહીં. આ બાદ, વરરાજા પોલીસ પાસે દોડીને ગયો અને પછી મોટો ખુલાસો થયો હતો. જલગાંવમાં એક યુવાન માટે એજન્ટ દ્વારા લગ્ન કરવા ખૂબ મોંઘા સાબિત થયા હતા. લગ્નના ત્રીજા દિવસે, કન્યા ઘરેણાં અને પૈસા લઈને ભાગી ગઈ હતી. મળતી માહિતી પ્રમાણે, યુવક સાથે કુલ ૨ લાખ ૪૪ હજાર રૂપિયાની છેતરપિંડી થઈ હતી. દુલ્હન ફરાર થયા બાદ, વરરાજાએ એજન્ટ અને દુલ્હન સહિત ચાર લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જલગાંવના એક એજન્ટ દ્વારા છોકરાના લગ્ન ૧ લાખ ૬૦ હજાર રૂપિયામાં નક્કી થયા હતા.

### કન્નડ ભાષા મુદ્દે વિવાદિત ટિપ્પણી

# સાઉથના સુપરસ્ટાર કમલ હાસનની કર્ણાટક હાઈકોર્ટે ઝાટકણી કાઢી

## રાજ્યમાં ભારે વિરોધ બાદ કમલ હાસન કોર્ટ પહોંચ્યા હતા જ્યાં કોર્ટે તેની અરજી નામંજૂર કરતાં ફટકાર લગાવી હતી

। (એજન્સી) કર્ણાટક, તા.૩ ।

કન્નડ ભાષા મુદ્દે વિવાદિત ટિપ્પણી બદલ સાઉથના સુપરસ્ટાર કમલ હાસનની કર્ણાટક હાઈકોર્ટે ઝાટકણી કાઢી છે. કોર્ટે કમલ હાસનને કહ્યું કે, તમે ભલે કમલ હાસન કેમ ન હોવ પરંતુ તમને કોઈની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો હક નથી. કર્ણાટક કોર્ટના જસ્ટિસ એમ નાગપ્રસન્નાએ સુનાવણી દરમિયાન કમલ હાસનના નિવેદન પર નારાજગી વ્યક્ત કરતાં કહ્યું કે, કોઈપણ નાગરિકને કોઈની પણ લાગણી દુભાવવાનો હક નથી. જળ, ભૂમિ અને ભાષા આ ત્રણેય વસ્તુથી પ્રત્યેક નાગરિકની ઓળખ જોડાયેલી છે. દેશનું વિભાજન પણ ભાષાના આધારે થયું હતું. હાસન અસંવેદનશીલ અને વિભાજનકારી છે. કમલ હાસન પોતાની અપકમિંગ ફિલ્મ 'ઠગ લાઈફ'ના પ્રમોશન દરમિયાન બોલ્યા હતા કે, કન્નડ તમિલ ભાષામાંથી ઉદ્ભવેલી ભાષા છે. જેના લીધે રાજ્યમાં હોબાળો મચી ગયો હતો. કર્ણાટકમાં વિવિધ સંગઠનો અને રાજકીય નેતાઓએ કમલ હાસનના નિવેદનને રાજ્યની ભાષા અને અસ્મિતા



પર હુમલા સમાન ગણાવ્યું હતું. તેમણે માગણી કરી હતી કે, જ્યાં સુધી કમલ હાસન માફી નહીં માગે ત્યાં સુધી તેની કોઈ ફિલ્મ રાજ્યમાં પ્રસારિત કરવામાં આવશે નહીં. રાજ્યમાં ભારે વિરોધ બાદ કમલ હાસન કોર્ટ પહોંચ્યા હતા. જ્યાં કોર્ટે તેની અરજી નામંજૂર કરતાં ફટકાર લગાવી હતી.જસ્ટિસે આકરા વલણ સાથે સવાલ કર્યો હતો કે, તમારી પાસે આ દાવા મુદ્દે કોઈ ઐતિહાસિક પ્રમાણ છે. તમે આવું નિવેદન આપી કર્ણાટકના લોકોની લાગણી દુભાવી છે. તમે આ વાત કયા આધાર પર કહી હતી. શું તમે ઈતિહાસકાર છો કે ભાષાવિદ ? તમે કોર્ટમાં અરજીના બદલે માફીનામું લઈને આવ્યા હોત તો આ કેસ ઉકેલાઈ ગયો હોત.

### વિયેતનામથી ભારત લવાયા ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષો

। (એજન્સી) વિયેતનામ, તા.૩ ।

ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષો કે જેને વિયતનામના અનેક શહેરોમાં આયોજિત પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા હતા. તેને આજે ભારત લવાયા છે. સારનાથ સ્થિત વિહારમાં સ્થાપિત પવિત્ર અવશેષો ૨મેના રોજ વિયતનામથી હો ચી મિન્હ શહેર પહોંચ્યા હતા. વિયતનામમાં પ્રદર્શની દરમિયાન આધ્યાત્મિક અનુભવ પછી તે અવશેષોને ૨ જૂનના રોજ વાયુસેનાના વિમાન દ્વારા ભારત લવાયા છે. આ અવસર પર વિયેતનામે સંયુક્ત રાષ્ટ્ર વેસાક દિવસના અવસર પર ભવ્ય સમારોહનું આયોજન કરાયુ હતું. જે માટે ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોને વિયેતનામ લઈ જવાયા હતા. વિયેતનામમાં આયોજિત પ્રદર્શનમાં ૧.૭ કરોડથી વધારે શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા. તેઓનું કહેવુ છે કે આ એક આધ્યાત્મિક અનુભવ હોય. મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું કે વિયેતનામના દક્ષિણ ઉત્તરથી લઈને ઘણા પ્રતિષ્ઠિત સ્થાનો પરથી આ પસાર થયેલી આ યાત્રાએ કુલ ૧.૭૮ કરોડ શ્રદ્ધાળુઓને આકર્ષિત કર્યા . શ્રદ્ધા અને સંસ્કૃતિની એકજૂથતા દર્શાવતા આ પ્રદર્શને આધ્યાત્મિક ભક્તોને એક જૂથ કરવાનું કામ કર્યુ છે. આજે દિલ્હીમાં ઓડિશાના રાજ્યપાલ હરિબાબુ કંભમપતિના નેતૃત્વમાં ભારત સરકારના પ્રતિનિધિમંડળએ ભારતીય સાધુ સંતો સાથે આંતરરાષ્ટ્રીય બૌદ્ધ પરિસંઘના અધિકારીઓની હાજરીમાં આ અવશેષોને પાલમ વાયુ સેના સ્ટેશન પર ઓપચારિક રીતે પ્રાપ્ત કર્યું. મહત્વનું છે કે વિયેતનામમાં પહેલીવાર આવુ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

### USએ મુકેલા પ્રતિબંધોનું ઉલ્લંઘન કરી ઈરાન સાથે વેપાર કરવાનો આરોપ

# ઈરાન સાથે તેલના કથિત કારોબાર મામલે અદાણી જૂથ સામે USની તપાસ

## અહેવાલમાં જણાવ્યાં અનુસાર, ગુજરાતના મુંદ્રા અને ઈરાનના અખાત વચ્ચે ટેન્કર્સની હેરફેર જોવા મળી છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩ ।

હિન્ડેનબર્ગ રિસર્ચ દ્વારા કરાયેલાં આક્ષેપો બાદ ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણીની માલિકીના અદાણી જૂથ વિરુદ્ધ વધુ એક આક્ષેપ મુકાયો છે. અમેરિકા દ્વારા મુકાયેલાં પ્રતિબંધોનું ઉલ્લંઘન કરી ઈરાન સાથે કથિત રીતે કારોબાર કરવા મામલે અમેરિકાના ન્યાય વિભાગે અદાણી જૂથની કંપનીઓની તપાસ હાથ ધરી હોવાનું એક અખબારી અહેવાલમાં જણાવાયું છે. અહેવાલમાં જણાવ્યાં અનુસાર, ગુજરાતના મુંદ્રા અને ઈરાનના અખાત વચ્ચે ટેન્કર્સની હેરફેર જોવા મળી છે. પ્રતિબંધોનું ઉલ્લંઘન કરનારા જહાજો દ્વારા મોટાભાગે આ રૂટનો ઉપયોગ કરતો હોવાનું નિષ્ણાતોનું માનવું છે. અદાણી જૂથના પ્રવક્તાએ આ મામલે રદિયો આપતાં જણાવ્યું હતું કે, પ્રતિબંધોનું ઉલ્લંઘન કરતી કોઈ પણ પ્રવૃત્તિ કે ઈરાનમાં ઉત્પાદિત એલપીજીના કારોબારમાં કંપની સામેલ હોવાના અહેવાલનો અમે ભારપૂર્વક રદિયો આપીએ છીએ. એટલું જ નહીં પરંતુ, આ મામલે અમેરિકાના કોઈ વિભાગ દ્વારા અમારી સામે તપાસ શરૂ કરાઈ હોવાની બાબત અંગે અમને કોઈ



જાણ નથી. ઉલ્લેખનીય છે કે, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગત મે મહિનામાં જણાવ્યું હતું કે, ઈરાનના ઓઈલ કે પેટ્રોકેમિકલ્સના તમામ ઉત્પાદનોની ખરીદી બંધ થવી જોઈએ. જે કોઈ દેશ કે વ્યક્તિ તેની પાસેથી ખરીદી કરશે તેની પર પ્રતિબંધો લાદવામાં આવશે. થોડાં મહિનાઓ પૂર્વે અમેરિકા દ્વારા ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી પર વીજ સપ્લાયના કોન્ટ્રાક્ટ માટે કથિત રીતે લાંચ ચૂકવવાના અને અમેરિકામાં ભંડોળ ઉભું કરવાની પ્રક્રિયા દરમિયાન ત્યાંના રોકાણકારોને ગેરમાર્ગે દોરવાના આક્ષેપો મુકવામાં આવ્યાં હતાં. જોકે અદાણી જૂથે તેની વિરુદ્ધના આક્ષેપોને પાયાવિહોણાં કહી ફગાવી દીધાં હતાં અને કાનૂની રાહે લડત આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

### પાકિસ્તાનના અનેક એરબેઝ નષ્ટ

# ભારત કહે છે તેના કરતા ઘણો મોટો હુમલો હતો, ૨૦ નહીં ૨૮ સ્થળે નુકસાનઃ પાકિસ્તાનની કબૂલાત

## પાકિસ્તાને ઓપરેશન સિંદૂર મુદ્દે અનેક વખત જૂઠ્ઠાણું ચલાવ્યું હતું પરંતુ તેના આ જૂઠાણાંનો પર્દાફાશ તેના જ ડોઝિયરે કર્યો છે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૩ ।

પહલગામ આતંકી હુમલા બાદ આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપતાં ભારતે ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું. પાકિસ્તાને ઓપરેશન સિંદૂર મુદ્દે અનેક વખત જૂઠ્ઠાણું ચલાવ્યું હતું. પરંતુ તેના આ જૂઠાણાંનો પર્દાફાશ તેના જ ડોઝિયરે કર્યો છે. પાકિસ્તાનના ડોઝિયરે જ જણાવી દીધુ કે, ભારતે પાકિસ્તાનની અંદર સુધી જવાબી કાર્યવાહી કરી હતી. તેણે પાકિસ્તાનમાં ૨૦ નહીં પણ ૨૮ સ્થળે હુમલા કર્યા હતા. ભારતીય સેનાએ પ્રેસ બ્રીફિંગમાં પાકિસ્તાનમાં હાથ ધરાયેલી જવાબી કાર્યવાહીમાં સ્થળોનો કોઈ ઉલ્લેખ કર્યો ન હતો. પરંતુ ડોઝિયરમાં તેનો ખુલાસો થયો છે કે, ભારતે પેશાવર, સિંધ, ઝાંગ, ગુજરાંવાલા, ભવાલનગર, અને છોર સહિત અનેક સ્થળોએ નુકસાન પહોંચાડ્યું હતું. ભારતે પાકિસ્તાની સેનાના અનેક એરબેઝ પર હુમલા કર્યા હતાં. તેણે નૂર ખાન, રફીકી, મુરીદકે, સુકરૂર, સિયાલકોટ, પસરૂર,




ચુનિયાન, અને સરગોધા સહિત કુલ ૧૧ એરબેઝ પર હુમલા કર્યા હતાં. મેક્સાર ટેક્નોલોજીસે પણ હુમલાથી થયેલા નુકસાનની સેટેલાઈટ ઈમેજ રજૂ કરી હતી. જેમાં ઓપરેશન સિંદૂરની સફળતાનો ખુલાસો થયો છે. પાકિસ્તાન વિશ્વભરમાં ઓપરેશન સિંદૂર વિશે જૂઠ્ઠાણું ચલાવી રહ્યું છે. પરંતુ પાકિસ્તાની ડોઝિયરમાં આપવામાં આવેલા મેપ એ તેનો પર્દાફાશ કર્યો છે. ભારતે ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાનમાં સ્થિત આતંકવાદીઓના નવ ઠેકાણાં નષ્ટ કર્યા છે. પાકિસ્તાન અને POKમાં ભારતે જૈશ-એ-મોહમ્મદના મુખ્યાલય અને મુરિદકેમાં લશ્કર-એ-તૈયબાના ટ્રેનિંગ સેન્ટર સહિત નવ સ્થળો પર હુમલા કર્યા હતાં. ૭ મેના રોજ હુમલો કરવામાં આવેલા અન્ય સ્થળોમાં મુઝફ્ફરાબાદ, કોટલી, રાવલકોટ, ચકસ્વરી, ભીમબર, નીલમ ખીણ, ઝેલમ અને ચકવાલ સામેલ છે. ભારતે પાકિસ્તાનના ૧૧ એરબેઝને ટાર્ગેટ કર્યા હતા. પહલગામ હુમલા બાદ પાકિસ્તાને LOC અને આંતરરાષ્ટ્રીય સરહદો પર સીઝફાયરનું ઉલ્લંઘન શરૂ કરતાં રોજ મોર્ટાર અને આર્ટિલરી ગન વડે ગોળીબાર કર્યા હતાં. ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર હાથ ધરાયા બાદ પાકિસ્તાને જવાબી કાર્યવાહી હાથ ધરતાં ભારતીય સેનાની છાવણીઓને ટાર્ગેટ બનાવી હતી. પરંતુ ભારતીય સેનાએ તેના તમામ હુમલાઓ નિષ્ફળ બનાવ્યા હતાં. ૧૦ મે સુધી બંને દેશો વચ્ચે સંઘર્ષ ચાલ્યો હતો. બાદમાં સીઝફાયરને સહમતિ આપવામાં આવી હતી.

### હાઈવે અને ગામડાઓ સીલ કરી દેવામાં આવ્યા

# ભૂકંપનો લાભ લઈને કરાચી જેલમાંથી ૨૧૬ કેદીઓ ભાગ્યા

## જેલની આંતરિક પ્રક્રિયાઓને કારણે સર્કલ નંબર ૪ અને ૫ ના ૬૦૦ થી વધુ કેદીઓ તેમના બેરેકની બહાર બેઠા હતા

। (એજન્સી) કરાચી,તા.૩ ।

પાકિસ્તાનના કરાચીમાં આવેલી માલીર જિલ્લા જેલમાંથી સોમવારે મોડી રાત્રે કુલ ૨૧૬ કેદીઓ ભાગી ગયા હોવાની માહિતી પ્રકાશમાં આવી છે. પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પોલીસ અને જેલ અધિકારીઓએ જણાવ્યું હતું કે શહેરમાં સતત હળવા ભૂકંપના આંચકાને કારણે થયેલી અંધાધૂંધી વચ્ચે કેદીઓ ભાગી ગયા હતા. ઘણા કેદીઓ પહેલાથી જ તેમની બેરેકની બહાર હતા, તેમણે આ અંધાધૂંધીનો લાભ ઉઠાવ્યો અને જેલ સ્ટાફ પર દબાણ કર્યું. આ પછી હિંસક અથડામણ સર્જાઈ. જેલ પરિસરની અંદર અને આસપાસ ભારે ગોળીબારના અહેવાલ મળ્યા હતા, જેના કારણે નજીકના રહેણાંક વિસ્તારોમાં ગભરાટ ફેલાયો હતો. પોલીસ અને રેન્જર્સે આ વિસ્તારને ઘેરી લીધો હોવાથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ સહિત અનેક માર્ગો અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યા હતા. પોલીસ અને અર્ધલશ્કરી દળોની મોટી ટુકડી થોડીવારમાં જેલમાં પહોંચી ગઈ હતી અને નજીકની વસાહતો, હાઈવે અને ગામડાઓને સીલ કરી દીધા હતા. માલિરની મસ્જિદોમાંથી જાહેરાતો કરવામાં આવી હતી, જેમાં ભાગી ગયેલા કેદીઓને પકડવામાં જાહેર સહયોગની અપીલ કરવામાં આવી હતી.'' ડીઆઈજી જેલ હસન સાહેતુ અને ડાયરેક્ટર



જનરલ રેન્જર્સ સિંધ મેજર જનરલ મુહમ્મદ શમરેઝે પણ જેલની મુલાકાત લીધી હતી અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. અહેવાલ મુજબ, ભૂકંપ આવ્યો ત્યારે જેલની આંતરિક પ્રક્રિયાઓને કારણે સર્કલ નંબર ૪ અને ૫ ના ૬૦૦ થી વધુ કેદીઓ તેમના બેરેકની બહાર બેઠા હતા. ત્યારબાદ થયેલી અંધાધૂંધી ટૂંક સમયમાં રમખાણો જેવી પરિસ્થિતિનું કારણ બની, અધિકારીઓના મતે જેલ 'યુદ્ધક્ષેત્ર'માં ફેરવાઈ ગઈ. નિયંત્રણ મેળવવાના પ્રયાસમાં, જેલ અધિકારીઓએ ગોળીબાર કર્યો. એન્કાઉન્ટર દરમિયાન, બે ફ્રન્ટિયર કોર્પ્સ (એફસી) કર્મચારીઓ સહિત ઓછામાં ઓછા પાંચ સુરક્ષા કર્મચારીઓ ઘાયલ થયા હતા. એક કેદીનું મોત થયું હતું અને ત્રણ અન્ય ઘાયલ થયા હતા. ઘાયલોને સારવાર માટે જિન્ના પોસ્ટગ્રેજ્યુએટ મેડિકલ સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા હતા.

## તંત્રી લેખ...

# ભારત વિરોધી કાવતરાંનું નવું ઠેકાણું બાંગ્લાદેશ

બાંગ્લાદેશની આંતરિક દશા સતત કમજોર થઈ રહી છે. આર્થિક રૂપે પણ તે નબળું થઈ રહ્યું છે. મોહંમદ યુનૂસને ત્યાંની સેના સાથે સંબંધો ઠીક નથી. છાત્ર સંગઠનને કટ્ટરપંથી બનાવાઈ રહ્યા છે અને તેને સત્તા સુધી લઈ જવાની ચર્ચા છે. ભારત માટે આ બધો ચિંતાનો વિષય એટલા માટે છે, કારણ કે બાંગ્લાદેશ-મ્યાંમાર સીમા પર ભારત વિરોધી અભિયાનની ઝલક દેખાઈ રહી છે. અસલમાં આ બધું એક સુનિયોજિત રણનીતિનો હિસ્સો છે, જો લશ્કરી સમીકરણના વિભિન્ન પાસાંને એક સાથે જોડીને જોવામાં આવે તો. બાંગ્લાદેશ અને મ્યાંમારની સીમા માત્ર ૨૭૧ કિમીની છે, પરંતુ તે બહુ મહત્ત્વપૂર્ણ છે, વિશેષ કરીને ભારત માટે. ભારતના ઉત્તર-પૂર્વી રાજ્યોની સીમાઓ બંને દેશો સાથે જોડાય છે. મિઝોરમની સીમા બંને દેશોને મળે છે. મ્યાંમારના ત્રણ જિલ્લા જે અશાંત છે, આ જ સીમા પર આવેલા છે. બાંગ્લાદેશનું કોકસ બજાર બીજી તરફ છે. ભારતના ઉત્તર-પૂર્વી રાજ્યો સાથે પાંચ દેશોની સીમાઓ જોડાય છે, ચીન, ભુટાન, નેપાળ, બાંગ્લાદેશ અને મ્યાંમાર. બધું જ ચીનના ઈશારે કરવાની તૈયારી છે.

## ડો.મનસુખએ 'અર્બન અડ્ડા ૨૦૨૫'નું ઉદ્ઘાટન અને સાયકલિંગ પર સીમાચિહ્નરૂપ પુસ્તકોનું વિમોચન કર્યું



કેન્દ્રીય શ્રમ અને રોજગાર અને યુવા બાબતો અને રમતગમત મંત્રી, ડૉ. મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હીમાં અર્બન અડ્ડા ૨૦૨૫ કોક્લેવનું ઉદ્ઘાટન કર્યું હતું. ત્રણ દિવસીય કોક્લેવનો હેતુ ટકાઉ શહેરી ભવિષ્ય બનાવવા માટે યુવા અવાજો, નિષ્ણાતો અને નેતાઓને એક કરવાનો છે. પોતાના મુખ્ય ભાષણમાં ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું, ''સાયકલિંગ એ કસરતનું શ્રેષ્ઠ સ્વરૂપ છે. તે ફક્ત આપણને સ્વસ્થ જ નહીં પણ પર્યાવરણીય ટકાઉપણામાં પણ મદદ કરે છે. સાયકલિંગ એ પ્રદૂષણનો ઉકેલ છે.''

પોતાના ભૂતકાળના અનુભવો વર્ણવતા, કેન્દ્રીય મંત્રીએ કહ્યું, ''જ્યારે હું પહેલી વાર સાંસદ બન્યો, ત્યારે હું દરરોજ સાયકલ ચલાવીને સંસદ જતો હતો અને લોકો મને 'સાયકલ-વાલા સાંસદ' તરીકે જોતા હતા. આપણે સાયકલિંગને એક ચળવળમાં ફેરવવું જોઈએ, એ ખ્યાલને દૂર કરવો જોઈએ કે તે ફક્ત સમાજના ચોક્કસ વર્ગ માટે છે અને ત્યારે જ સાયકલિંગ દરેક માટે ફેશન બનશે.'' સમુદાય જોડાણને પ્રોત્સાહન આપવા પર, કેન્દ્રીય મંત્રીએ ઉમેર્યું, ''સન્ડે ઓન સાયકલ પહેલ ફિટ ઇન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે એક રાષ્ટ્રવ્યાપી ચળવળ બની ગઈ છે. હું દરેકને દરરોજ સાયકલ ચલાવવા અને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત તરફ યોગદાન આપવા વિનંતી કરું છું.'' આ કાર્યક્રમ દરમિયાન, વિશ્વ સાયકલ દિવસના અનુસંધાનમાં, ડૉ. માંડવિયાએ બે સીમાચિહ્નરૂપ પ્રકાશનોનું ઔપચારિક લોન્ચિંગ કર્યું: ડૉ. ભૈરવી જોશી દ્વારા લખાયેલ સાયકલિંગ, ચિલ્ડ્રન એન્ડ સિટીઝ, ડૉ. ભૈરવી જોશી અને અકુશ પરીખ દ્વારા લખાયેલ રોડ ટુ સાયકલ ૨ સ્કૂલ, આ પુસ્તકો સક્રિય ગતિશીલતા, સ્વસ્થ જીવનશૈલી અને બાળકો માટે સુરક્ષિત જાહેર સ્થળોને ટેકો આપવા માટે શહેરી વાતાવરણના તાત્કાલિક પુનઃડિઝાઈનની હિમાયત કરે છે. લોન્ચિંગ સમયે બોલતા, ડૉ. માંડવિયાએ ટિપ્પણી કરી: ''જો આપણે ૨૦૪૭ સુધીમાં ખરેખર વિકસિત ભારતનું નિર્માણ કરવું હોય, તો આપણે સુરક્ષિત શેરીઓ, સ્વસ્થ જાહેર જગ્યાઓ અને સાયકલિંગ જેવા સુલભ ગતિશીલતા વિકલ્પો દ્વારા આપણા બાળકોના રોજિંદા જીવનનું રક્ષણ કરીને શરૂઆત કરવી જોઈએ.''

સત્રના સમાપન સાથે, ડૉ. ભૈરવી જોશી, વ્યવસાયે દંત ચિકિત્સક, BYCS ઈન્ડિયા ફાઉન્ડેશનના CEO અને સ્થાપક ડિરેક્ટર અને ઉત્સાહી સાયકલિંગ હિમાયતીએ, સમગ્ર ટીમ વતી હૃદયપૂર્વક આભાર માન્યો હતો. ૩ જૂનથી ૫ જૂન સુધી ચાલનારા અર્બન અડ્ડા ૨૦૨૫માં આબોહવા-સ્થિતિસ્થાપક શહેરો, લિંગ અને ગતિશીલતા, સ્વચ્છ હવા અને પાણી, કચરો વ્યવસ્થાપન અને સમાવિષ્ટ પરિવહન પર વિષયોના સત્રો યોજાશે. તેમાં સામેલ છેઃ યુથ અડ્ડાઃ શહેરી પરિવર્તનમાં યુવા અવાજોને સશક્ત બનાવતું સમર્પિત મંચ. સાયક્લોથોનઃ વિશ્વ સાયકલ દિવસ પર ફ્લેગ ઓફ, ૧૦૦+ સાયકલ સવારો સક્રિય ગતિશીલતાને પ્રોત્સાહન આપશે. અર્બન અડ્ડા ફિલ્મ ફેસ્ટિવલ (UAFF-25): ૪ જૂનના રોજ નિર્ધારિત, આ મહોત્સવમાં આબોહવા સ્થિતિસ્થાપકતા અને શહેરી નવીનતા પર ટૂંકી ફિલ્મો પ્રદર્શિત કરવામાં આવશે, ત્યારબાદ અભિનેત્રી પૂજા બેદી ગાલા નાઈટમાં હાજરી આપશે. ઈન્ટરેક્ટિવ પબ્લિક આર્ટ પ્રદર્શનોઃ કલાકાર સાગર સિંહના નેતૃત્વમાં, સેન્ટ્રલ એટ્રિયમ કલા, ચળવળ અને ટકાઉપણુંનું સર્જનાત્મક મિશ્રણ યોજશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મહાનુભાવોમાં દિલ્હીના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી રેખા ગુપ્તા, દિલ્હીના માનનીય પરિવહન મંત્રી ડૉ. પંકજ કુમાર સિંહ, હરિયાણાના માનનીય મંત્રી શ્રી રાવ નરબીર સિંહ, રાજસ્થાનના માનનીય મંત્રી શ્રી રાજ્યવર્ધન રાઠોડ અને શિક્ષણવિદો, નાગરિક સમાજ અને આંતરરાષ્ટ્રીય સંગઠનોના વિચારક નેતાઓનો સમાવેશ થાય છે. રાહગીરી ફાઉન્ડેશન દ્વારા ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓન ક્લીન ટ્રાન્સપોર્ટેશન (ICCT) અને ગુરુજલ સાથે ભાગીદારીમાં આયોજિત અને નગારોના સમર્થનથી, આ કાર્યક્રમ ૩ થી ૫ જૂન ૨૦૨૫ દરમિયાન નવી દિલ્હીના ઈન્ડિયા હેબિટેટ સેન્ટર ખાતે યોજાઈ રહ્યો છે.

**મિત્રો તમાકુનું વ્યસન બહુ જ જીવલેણ સાબિત થાય છે, એનાથી થતાં મૃત્યુનો દર વધતો જ જાય છે ! છતાં વપરાશમાં કોઈ ઓટ નથી!**

# મયંક ને શું થયું હતું? અને શેઠ રમણલાલ એને સહય કરીને શેનું પ્રાયશ્ચિત કરતાં હતાં?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આજે હું બુધવારની બોધકથામાં એક એવો કિસ્સો લાવી છું! જે કંઈક અલગ છે, અને આ રીતે પણ સમાજ સુધારો થઈ શકે, મયંક અને મુકેશ બંને ચાલીમાં રહેતા હતાં, બંનેની ભાઈબંધી પણ ઘણી જૂની હતી! એકબીજા એકબીજાને બહુ સારી રીતે ઓળખતાં હતાં, આજે બંને ફેક્ટરી માંથી પાછાં ફરતાં હતાં!**

સમગ્ર વિશ્વમાં વિકાસ તો પ્લેનની ગતિએ થાય છે, પણ આધુનિક સમયમાં વ્યસનનું જોર પણ એટલી જ ઝડપે વધતું જાય છે! એ ચિંતિત કરનારું છે. પહેલાં,પાન મસાલા અને ગુટકા બીડી સિગારેટ વગેરે વ્યસનોની આદત હોય એ વ્યસની કહેવાતા, પણ આજે તો દારુ વીડ અને ડ્રગ્સ અને એમાં પણ વિવિધતા! સિગારેટમાં પણ ઈ સિગારેટનું નવું ઉપાર્જન શરું થયું છે, અને વિદ્યાર્થીઓ માટે આ બધું સાવ આસાનીથી ઉપલબ્ધ થતું હોયને દર વર્ષે તમાકુના સેવનથી લાખો લોકોનાં મરણ થાય છે, અને છતાં એનું કોઈ નિરાકરણ થતું નથી. પણ આજે હું બુધવારની બોધકથામાં એક એવો કિસ્સો લાવી છું! જે કંઈક અલગ છે, અને આ રીતે પણ સમાજ સુધારો થઈ શકે. મયંક અને મુકેશ બંને ચાલીમાં રહેતા હતાં, બંનેની ભાઈબંધી પણ ઘણી જૂની હતી! એકબીજા એકબીજાને બહુ સારી રીતે ઓળખતાં હતાં. આજે બંને ફેક્ટરી માંથી પાછાં ફરતાં હતાં! પણ મયંક આજે સાવ ચૂપ હતો. મુકેશ એને પુછતો હતો શું થયું? ભાભી સાથે ઝઘડો થયો! કે પછી ટિફિનમાં જમવાનું સારુ નહોતું મુક્યું! આમ કેટલુંય પુછ્યુ પણ મયંક બોલ્યો નહીં! એટલે એણે પુછ્યું બોલને શું થયું? છતાં એ બોલ્યો નહીં એટલે માવો ધરતાં કહ્યું લે ૧૩૫ નો છે, લગાવ! મજા આવી જશે!; એમ કર આજે બીડી પી લે! સમસ્યાનો ધૂમાડો થઈ જશે! એમ કરી હસવા લાગ્યો. ત્યાં તો મયંકે બીડી અને માવો ગુસ્સાથી ફેંકીને કહ્યું બધી સમસ્યાઓનું મૂળ આ જ છે! મુકેશે પુછ્યુ એટલે? બે ત્રણ દિવસથી શાક તીખું લાગતું હતું, એટલે થયું મોઢું આવી ગયું હશે! બે દિવસ પછી દાઢ પૂરી થાય ત્યાં એક ચાંદુ દેખાયું! એટલે થયું કે દવા લઈ લઉં! કારણકે મોળું મોળું ભાવતું નહોતું. એટલે ગલીનાં નાકે નાનકડી ઓરડીમાં દવાખાનું ચલાવતાં, જગદીશ જોષી પાસે ગયો તો કહે! દવા તો આપું છું, પણ એક ચિઠ્ઠી લખી આપું છું ત્યાં દેખાડી આવજે. ચિઠ્ઠીમાં ડોક્ટર દર્શન ઉપાધ્યાયને કંઈક ટેસ્ટ લખ્યા હતા. એક અઠવાડિયા પછીની એપોઈન્ટમેન્ટ આપી મેં કહ્યું મને બહુ તકલીફ છે! તો કહ્યું કે એક્સ્ટ્રા ઈમર્જન્સી ચાર્જ લાગશે! સર ની ફી ૧૫૦૦ +૫૦૦ એટલે ૨૦૦૦ થશે! આ મહિને તારી ભાભીનો જન્મ દિવસ આવે છે, એટલે થોડાં બચાવ્યા હતા! એ આમાં વાપરી નાખ્યા! પણ ડોક્ટર દર્શન ઉપાધ્યાય એ તપાસીને જે કહ્યું, એ સાંભળીને ભૂખ તરસ સુખ ચેન નીંદર બધું ઉડી ગયું!: એણે કહ્યું કે ગલોફાના કેન્સરની શરૂઆત થઈ ગઈ છે અને તાત્કાલિક ઓપરેશન કરવું પડશે,તમે સમયસર આવી ગયા છો, એટલે જાનનું જોખમ નથી,પણ રૂપિયા પાંચ લાખ થશે?; હવે એક મિલ મજૂર આટલાં રુપિયા ક્યાંથી કાઢે! નાની ઢીંગલીનાં જન્મને હજી વરસ પણ થયું નથી, અને તારી ભાભી પણ હજી ૨૪ ની જ છે! બા ને વંશ વધારવાની પડી છે!; એને કેમ સમજાવું કે આ મોંઘવારીમાં હવે બીજું સંતાન પોષાય એમ નથી, ત્યાં આ ખર્ચ! બા એ શહેરની આ હાઉસિંગ સોસાયટીના મકાન માટે રુપિયા આપીને કહ્યું કે, લલ્લા હવે આ બે દાગીના છે, એ નાની ને આપીશ! એણે રહેવા ઘર પણ રાખ્યું નહીં, તેમજ અહીં સાથે પણ રહેતી નથી, ભાડાની એક ઓરડીમાં રહીને ખેતરનાં કામ કરી પોતાનું જીવન ચલાવે છે. મુકેશે કહ્યું કે તો ભાભીનાં પિયર વાત કરી જો! સંકટ સમયે સગું કામ ન આવે તો ક્યારે આવે? મુકેશે બહુ ખેદ સાથે કહ્યું, યાર આવડી મોટી રકમ તો હું પણ ક્યાંથી કાઢું! એક કામ કરીએ શેઠને વાત કરીએ! મયંકે કહ્યું મને નથી લાગતું એ લોભિયો કંઈ આપે નહીં ! મુકેશના કહેવાથી અંતે પહેલાં શેઠ આગળ જવાનું નક્કી કર્યું!: મયંકે ડરતા ડરતા પાંચ લાખની લોનની વાત કરી! એમણે પુછયુ શું કામ લોન લેવી છે? મયંક કંઈ રીતે કહેવું એનાં શબ્દો શોધતો હતો, ત્યાં મુકેશે જ કહી દીધું કે શેઠ મયંકને કેન્સર થયું છે, અને ઓપરેશન માટે રુપિયા જોઈએ છીએ! કંજૂસ દેખાતા શેઠ રમણલાલ એ ઘડીકમાં રુપિયા પાંચ લાખનો ચેક લખી આપ્યો! અને કહ્યું કે આ રુપિયા હું લોન પેટે નથી આપતો ! સહાય પેટે આપું છું, પણ હું એક અભિયાન ચલાવું છું, અને એમાં તમારે મદદ કરવાની છે. મારી એક બે શરત છે! પહેલી શરત કે હવે પછી ક્યારેય તમાકુનું સેવન નહીં કરું, એવું વચન આપવાનું, બીજું તમારાં મિત્ર વર્તુળ કે સંગા સંબંધીઓમાં જેને તમાકુની ટેવ હોય એને આ રોગની ગંભીરતા સમજાવવાની જવાબદારી લેવાની! ઓછામાં ઓછાં પાંચ વ્યક્તિને તમાકુની ટેવ છોડાવવાની અને જો શક્ય હોય તો કોઈનું ઓપરેશન થતું હોય, ત્યારે જેટલી આર્થિક સહાય થાય એ કરવાની! અને જો આ શરતોનું પાલન કરી શકો નહીં તો, છ મહિનામાં આ રકમનાં ડબ્બલ રુપિયા મને પાછાં જમા કરાવવાનાં! બોલો છે શરત મંજૂર? તો આ ચેક આ જ મિનિટે તમારો! મયંક સીધો શેઠનાં પગમાં પડી ગયો અને કહ્યું કે મને બધી શરત મંજૂર છે. મુકેશે પુછ્યુ શેઠ ખરાબ નહીં લગાડતાં, પણ વાત વાતમાં પચાસ, સો રુપિયા, ભૂલ પેટે અમારા કાપી લ્યો છો! અને આજે કંઈ તપાસ વગર આમ જ ચેક લખ્યો? શેઠે કહ્યું કે મારે પણ તમારી જેવો એક દિકરો હતો, રોનક એનું નામ! મારી પત્ની એનાં જન્મ પછી બહુ જીવી નહીં! અને એટલે મને એની તરફ દુર્ભાવ થયો! આમ પણ નવો નવો ધંધો હતો, એટલે હું વધુ વખત ફેક્ટરી અને એનાં કામમાં વ્યસ્ત રહેતો, અને એ અમારા ચોકીદાર કાનજીનાં દીકરા મનુ સાથે ઉછેરવા લાગ્યો! કાનજીને બીડીની ટેવ હતી, અને એ બંને બીડી ચોરી ચોરીને પીતા હતા! -પછી તો એ મોટો થયો! મારી પાસે એને આપવાં રુપિયા સિવાય કંઈ હતું નહીં! ક્યારેય વિચાર્યું જ નહીં કે આવડી ઉંમરમાં આટલાં રુપિયાનું એ શું કરે છે? અને એમ એને સિગારેટ અને તમાકુ વાળા ગુટકા કે પડીકીની ટેવ પડી ગઈ. એને પણ કેન્સર થયું! અને ડોક્ટરે જ્યારે મને કહ્યું ત્યારે એ છેલ્લા સ્ટેજમાં હતું, અને એક દિવસ એ આ દુનિયા છોડી ચાલ્યો ગયો! પણ પોતાની મમ્મી એના જન્મ પછી ગુજરી ગઈ એમાં મારી ભૂલ શું હતી? એ પ્રશ્નાર્થ વાળી એની આંખો મને સૂવા દેતી નહોતી! થોડા સમય પછી એક સવારે કાનજી આવ્યો અને કહ્યું શેઠ મનુ ને કેન્સર થયું છે, અને ઓપરેશન... મેં તરત ચેક બુક કાઢી અને બ્લેક્ક ચેક લખી આપી દીધો. ઈશ્વરનું કરવું અને મનુ બચી ગયો! અને મને પેલી આંખોમાં મારી માટે આભાર દેખાયો! પહેલીવાર મને રાતભર નીંદર આવી, અને મને જીવવાનું કારણ મળી ગયું. દર વર્ષે આ રીતે ઓછામાં ઓછાં દસને મદદ કરવી! એની પાસે આ રીતે શરત મુકવી અને એ શરતોના પાલનથી કેટલાંય બાપની ટેકણલાકડી બચાવવી, કેટલીય સ્ત્રીઓને વિધવા થતી બચાવવી, અને એમના બાળકોને અનાથ થતાં બચાવવા એજ મારું પ્રાયશ્ચિત છે. તો મિત્રો તમાકુનું વ્યસન બહુ જ જીવલેણ સાબિત થાય છે, અને એનાથી થતાં મૃત્યુનો દર વધતો જ જાય છે ! છતાં વપરાશમાં કોઈ ઓટ નથી! ઉલટું બમણું વેંચાય છે, ત્યારે શેઠ રમણલાલ જેમ સમાજ સુધારવાની કોશિશ કોઈ કરે તો એને વંદન કરવા ઘટે!: અને વ્યસનીને જ્યાં સુધી પોતાની પીઠે લાકડી નહી પડે ત્યાં સુધી એને સમજાશે નહીં, એ આ જ રીતે સુધરશે.

**સુખમાં પાંડવો સાનભાન ન ભૂલે તેથી આ દુઃખ પ્રભુએ આપ્યું ભગવાન જીવને ગુપ્ત રીતે દુઃખમાં મદદ કરે છે**

# કોઈ ખબર ના પૂછે તો ખોટું નહીં લગાડવું કેમ કે આ દુનિયામાં ખબર પૂછવાવાળા ઓછા છે અને ખબરને ફેલાવવાવાળા વધારે હોય છે...



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**એકાદ દુઃખ તો મનુષ્યના હૃદયમાં હોવું જ જોઈએ કારણ કે દુઃખમાં જ ખાતરી થાય છે કે, ભગવાન વિના મારું કોઈ નથી.દરેક મહાન પુરુષ ઉપર દુઃખો આવ્યાં છે, પરમાત્માએ વિચાર્યું કે, પાંડવોને પૃથ્વીનું રાજ્ય મળ્યું છે, સંતતિ છે અને સંપત્તિ પણ પુષ્કળ છે, પાંડવોને આ સુખમાં કદાચ અભિ માન થશે તો તેમનું પતન થશે, આવા શુભ હેતુ માટે ઠાકોરજી કોઈ વખત નિષ્ઠુર બની જાય છે.**

કોરોનાનો કહેર દિન પ્રતિદિન વધી રહ્યો છે રાજકોટ પોલીસ વડા કોરોના પોઝીટીવ થયા સાથે ત્યાં આઠ કેશ નોંધાયા કાળઝાળ ગરમી બફારો લોકોને અકળાવી રહ્યો છે એસી કુલર ઠંડા પીણા ઓછા લઈએ સૌ સાવચેતી રાખશો આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભગવાન પૃથ્વીલોક પર મનુષ્યાવતાર ધારણ કરીને આવ્યા પછી જગતના જીવોને જે ઉપદેશ આપ્યો તે ભગવદ્ ગીતા માં જણાવ્યો છે. આ જીવ સર્વ પ્રકારે સુખી થાય એ યોગ્ય નથી. એકાદ દુઃખ તો મનુષ્યના હૃદયમાં હોવું જ જોઈએ કારણ કે દુઃખમાં જ ખાતરી થાય છે કે, ભગવાન વિના મારું કોઈ નથી. દરેક મહાન પુરુષ ઉપર દુઃખો આવ્યાં છે. પરમાત્માએ વિચાર્યું કે,પાંડવોને પૃથ્વીનું રાજ્ય મળ્યું છે, સંતતિ છે અને સંપત્તિ પણ પુષ્કળ છે. પાંડવોને આ સુખમાં કદાચ અભિ માન થશે તો તેમનું પતન થશે. આવા શુભ હેતુ માટે ઠાકોરજી કોઈ વખત નિષ્ઠુર બની જાય છે. સુખમાં પાંડવો સાનભાન ન ભૂલે તેથી આ દુઃખ પ્રભુએ આપ્યું ભગવાન જીવને ગુપ્ત રીતે દુઃખમાં મદદ કરે છે. તમે પણ પ્રભુ પાસે એકાદ દુઃખ તો માગજો. તે પછી અશ્વત્થામાં અને અર્જુનનું યુદ્ધ થાય છે.અર્જુને અશ્વત્થામાને મારવાની પ્રતિજ્ઞા કરેલી છે,પણ મારવાની હિંમત નથી, ગુરુપુત્ર ગુરુનું સ્વરૂપ છે. અશ્વત્થામાને બાંધી અર્જુન તેને ખેંચીને દ્રૌપદી પાસે લાવ્યો. દ્રૌપદી આંગણામાં બેઠેલાં છે.પુત્રશોકથી રડે છે. અશ્વત્થામાની આ સ્થિતિ જોઈ દ્રૌપદી દોડ્યાં આવે છે,ને અશ્વત્થામાને વંદન કરે છે. કહે છે, મારા આંગણે બ્રાહ્મણનું અપમાન ન કરો. પોતાના પાંચે બાળકોને મારનારને દ્રૌપદી વંદન કરે છે. હું આ સાધારણ વેરી નથી. પાંચ બાળકોને મારનારો વેરી આંગણે આવ્યો છે, છતાં તેને બ્રાહ્મણ માની દ્રોપદી પ્રણામ કરે છે. તમારો વેરી તમારે આંગણે આવ્યો હોય તો તમે જય શ્રી કૃષ્ણ કહેશો?વેરની શાંતિ નિર્વેરથી પ્રેમથી વંદન થી થાય છે. વૈષ્ણવ એ કે જે વેરનો બદલો પ્રેમથી આપે છે. જય શ્રીકૃષ્ણ કહેવાનો એ અર્થ છે કે, મને જે દેખાય તે શ્રીકૃષ્ણમય છે. અશ્વત્થામા વિચારે છે, ખરેખર દ્રૌપદી વંદનીય છે.હું વંદનીય નથી અશ્વત્થામા કહે છે, દ્રૌપદી, લોકો જે તારાં વખાણ કરે છે તે ઓછાં છે. તું વેરનો બદલો પ્રેમથી આપે છે, ધન્ય છે તને!જેનો સ્વભાવ અતિ સુંદર તે ભગવાનને વહાલો લાગે છે.શરીર જેનું સુંદર છેતે ઠાકોરજીને સર્વદા ગમતોનથી પણ જેનો સ્વભાવ સુંદર છે તે ઠાકોરજીને સર્વદા ગમે છે. સ્વભાવ સુંદર ક્યારે બને? અપકારનો બદલો ઉપકારથી આપે ત્યારે દ્રૌપદી બોલી ઊઠે છે, તેને છોડી ઘો. મારશો નહીં. આ ગુરુ પુત્ર છે. જે વિદ્યા દ્રોણાચાર્યે. શુકન પોતાના પુત્રને ન આપી તે તમને આપી.ગુરુનું ઋણ કદી ભૂલશો નહીં. બ્રાહ્મણ પરમાત્માનું સ્વરૂપ છે.ગાયલૂલી,લંગડી, વાંઝણી હોય તો પણ ગાયના શુકન માનવામાં આવતા નથી. ગાય અને બ્રાહ્મણ વંદનીય છે. દ્રૌપદીએ દયાનું સ્વરૂપ છે. દવા સાથે જીવ ન પરણે,ત્યાં સુધી શ્રી કૃષ્ણ તેના સારથિ બનતા નથી. અર્જુન જીવાત્મા ગુડાકેશ અને શ્રીકૃષ્ણ હૃષીકેશ છે.એ જોડી આ શરીર રથમાં બેઠી છે. ઈન્દ્રિયોરૂપી ઘોડાઓનો રથ પ્રભુનેસોંપશો તો કલ્યાણ થશે. ઈન્દ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણ છે. યુધિષ્ઠિરએ ધર્મ છે. ભીમએ બળ છે. સહદેવ-નકુલ બુદ્ધિ અને જ્ઞાન છે.આ ચાર ગુણ વાળો જીવ અર્જુન છે.આ ગુણો ક્યારે શોભે?જયારે દ્રીપદી-દયા તેની પત્રી બને છે ત્યારે જીવદયા દ્રૌપદી સાથેલગ્ન કરે છે, ત્યારે દ્રૌપદી કયારે મળે ધર્મને મોટો માને ત્યારે.પરમાત્મા સારથિ ત્યારે જ થાય કે ધર્મને મોટો માને.આજે તો લોકો ધર્મને મોટો માનતા નથી. ધનને મોટું માને છે પણ માનવ જીવનમાં ધન મુખ્ય નથી, ધર્મ મુખ્ય છે. ધન ધર્મની મર્યાદામાં રહીને મેળવવું જોઈએ તમારે કોઈ કાર્ય કરવું હોય તો પહેલા ધર્મને પૂછજો. આ કાર્ય કરવાથી પાપ તો નહીં લાગે ને? તમે અર્જુન જેવું પવિત્ર જીવન ગાળશો તો, ભગવાન તમારા સારથિ થશે. પૈસા માટે ધર્મનો ત્યાગ કરે તે ઈશ્વરને ગમતો નથી, પણ ધર્મ માટે પૈસાનો ત્યાગ કરે તે પ્રભુને ગમેછે.દ્રૌપદીએ અશ્વત્થામાને બચાવ્યો.તેણે અર્જુનને કહ્યું, અશ્વત્થામાને મારશો તો તેની મા ગૌતમીને અતિ દુઃખ થશે. હું હજુ સધવા છું. અશ્વત્થામાની મા વિધવા છે. તે પતિના મર્યા પછી પુત્રના આશ્વાસને જીવે છે. કોઈના આશીર્વાદ ન લો તો કાંઈ નહીં પણ કોઈનો નિઃસાસો લેશો નહીં. કોઈ નિઃસાસો આપે તેવું કૃત્ય કરતા નહીં.જગતમાં બીજાને રડાવર્શો નહી, જાતે રડજો, રડવાથી પાપ બળે છે. રડવાથી એક દિવસ પરમાત્મા કૃપા કરે છે. ત્યારે ભીમ અર્જુનને કહે છે,આ બાલહત્યારા ઉપર દયા હોતી હશે?અર્જુન વિચારમાં પડ્યા. છેલ્લે શ્રીકૃષ્ણે આજ્ઞા કરી, દ્રૌપદી કહે છેતે બરાબર છે. દ્રૌપદીના દિલમાં દયા છે. ભીમસેને કહ્યું કે, આતતાયીને મારવામાં પાપ નથી. તેને શ્રીકૃષ્ણ જવાબ આપે છે, બ્રાહ્મણનું અપમાનએ મરણ બરાબર છે.માટે અશ્વત્થામાને મારવાની જરૂર નથી.તેનું અપમાન કરી કાઢી મૂકો. અશ્વત્થામાનું મસ્તક કાપ્યું નહીં. તેના માથામાં જન્મસિદ્ધ મણિ હતો તે કાઢી લીધો અશ્વત્થામા તેજહીન બન્યો કરતાં પણ વિશેષ અશ્વ ત્થામાએ વિચાર કર્યો કે,આના કરતાં મને મારી નાખ્યો હોત તો સારું થાત!આ અપમાનનો બદલો હું લઈશ. ઉત્તરાના પેટમાં ગર્ભ છે તે પાંડવોનો ઉત્તરાધિ કારી છે. તે ગર્ભનો નાશ થાય તો પાંડવોના વંશનો નાશ થાય,એમ વિચારી ગર્ભ ઉપર તેણે બ્રહ્માસ્ત્ર છોડ્યું. ઉત્તરા વ્યાકુળ થાય છે,હરિ સ્મરણ કરે અને હરિઆશ્રય લે તો ભગવાન માર્ગ બતાવે છે. બહ્માસ્ત્ર ઉત્તરાના શરીરને બાળવા લાગ્યું.ઉત્તરા દોડતાં દોડતાં શ્રીકૃષ્ણ પાસે આવ્યા. શ્રીકૃષ્ણ ઉત્તરાના ગર્ભમાં પરીક્ષિતનું રક્ષણ કરે છે. જીવ માત્ર પરીક્ષિત છે. સર્વનું ગર્ભમાં કોણ રક્ષણ કરે છે? જીવમાત્રનું રક્ષણ ગર્ભમાં ઈશ્વર કરે છે. બહાર આવ્યા પછી પણ જીવનું રક્ષણ ભગવાન કરે છે. ગર્ભમાં તો જીવાત્મા હાથજોડીને પરમાત્માને સતત નમન કરે છે પણ બહાર આવ્યા પછી બે હાથ છૂટા થતાં તેનું છે. નમન છૂટી જાય છે, પ્રભુ ને તે ભૂલી જાય ગર્ભાવસ્થામાં જીવનું રક્ષણ પરમાત્મા કરે છે, તે બાલ્યાવસ્થા માં પણ જીવનું પરમાત્મા જ રક્ષણ કરે છે. પણ જવાનીમાં માટલી ભાન ભૂલે છે. અક્કડાઈમાં ચાલે છે અને કહે છે કે હું ધર્મમાં માનતો નથી. ઈશ્વરમાં માનતો નથી. દ્રૌપદીએ ઉત્તરાને સારીશિખામણ આપેલી કે જીવનમાં દુઃખનોપ્રસંગ આવે ત્યારે શ્રીકૃષ્ણને શરણેજજે તે તને જરૂર મદદ કરશે.તારા દુઃખ ની કથા દ્વારિકાનાથ સિવાય કોઈ ને કહેતી નહીં. તેથી ઉત્તરા રક્ષણ માટે પાંડવો પાસે ગયા નથી પણ પરમાત્મા પાસે ગયા છે. ભગવાન કોઈના ગર્ભમાં જતા નથી.પરમાત્માની લીલા અપ્રાકૃત છે.દેવકીના પેટમાં ભગવાન ગયા નથી.દેવકીને ભ્રાંતિ કરાવી છે કે, મારા પેટમાં ભગવાન છે. પરંતુ આજે એવી જરૂર પડી હતી. આજે ભક્તનું રક્ષણ કરવું હતું એટલે પરમાત્મા એ ગર્ભમાં જઈ રક્ષણ કર્યું. પરમ આશ્ચર્ય છે. શ્રીકૃષ્ણે સુદર્શનચક્રથી બ્રહ્માસ્ત્રનું નિવારણ કર્યું, પરીક્ષિતનું રક્ષણ કર્યું. માતાના પેટમાં જ પરીક્ષિતને પરમાત્માનાં દર્શન થયા છે, તેથી પરીક્ષિત ઉત્તમ શ્રોતા છે. હવે દ્વારિકાનાથ દ્વારિકા જવા તૈયાર થાય છે. કુંતાએ મર્યાદા ભક્તિ છે. સાધન ભક્તિ છે. યશોદાએ પુષ્ટિ ભક્તિ છે. યશોદા નો બધો વ્યવહાર ભક્તિરૂપ હતો. પ્રેમલક્ષણા ભક્તિમાં વ્યવહાર અને ભક્તિનો ભેદ રહેતો નથી. વૈષ્ણવની દરેક ક્રિયા ભક્તિ બની જાયછે.મર્યાદાભક્તિ પહેલાં આવે છે,તે પછી પુષ્ટિ ભક્તિ. મર્યાદા શક્તિએ સાધન છે તેથી આરંભમાં આવે છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત ગઈકાલે મંગળવારે ગણપતિજીની જ્યોતિષાચાર્યના કહેવાથી સિંદુર-ઘીથી પુજા અર્ચના કરી અને મારું રાષ્ટ્ર સર્વ રીતે પ્રગતિના સોપાન સર કરે તેવી પ્રાર્થના કરી. યુક્રેને રશિયામાં ચાર હજાર કીમી અંદર જઈ ચાર એર બેઝ અને ચાલીસ લડાકુ વિમાનોનો નાશ કર્યો જે એક સારી ઘટના બની નથી. આજે આપણે અહીં જ અટકીએ અસ્તુ.

# હીરામંડી' ફેમ શર્મીન સહગલ માતા બની

## દંપતીએ નવેમ્બર ૨૦૨૪ માં ઇટાલીમાં લગ્ન કર્યા, જેમાં નજીકના પરિવારના સભ્યો હાજર રહ્યા હતા

હીરામંડી' ફેમ અભિનેત્રી શર્મીન સહગલ માતા બની છે.સંજય લીલા ભણસાલીની ભત્રીજીએ ૨૮ મે, ૨૦૨૫ ના રોજ એક પુત્રને જન્મ આપ્યો છે. તેણીએ પતિ અમન મહેતા સાથે તેના પહેલા બાળકનું સ્વાગત કર્યું છે. જોકે, આ દંપતીએ સોશિયલ મીડિયા પર આ વાત કહી નથી. કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. પરંતુ સમાચાર અનુસાર, તેમના આંગણામાં ખુશીઓ છવાઈ ગઈ છે.શર્મીન સહગલના લગ્ન અમન મહેતા સાથે થયા છે, આ દંપતીએ નવેમ્બર ૨૦૨૪ માં ઈટાલીમાં લગ્ન કર્યા હતા, જેમાં નજીકના પરિવારના સભ્યો હાજર રહ્યા હતા જે ટોરેન્ટ ગ્રુપની પેટાકંપની ટોરેન્ટ ફાર્માસ્યુટિકલ્સમાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે કામ કરે છે. આ દંપતીએ નવેમ્બર ૨૦૨૪ માં ઈટાલીમાં લગ્ન કર્યા હતા, જેમાં નજીકના પરિવારના સભ્યો હાજર રહ્યા હતા. આ પછી, અભિનેત્રી અમદાવાદ ગઈ અને પછી મુંબઈ પાછી ફરી અને અહીં રહે છે. શર્મીન અને અમન, સંજય લીલા ભણસાલી અને તેના માતાપિતા દીપક અને બેલા ભણસાલી સહગલ સહિત ભણસાલી પરિવાર બાળકના આગમનથી ખૂબ જ ખુશ છે.શર્મીન સહગલે સંજય લીલા ભણસાલીની નેટફ્લિક્સ શ્રેણી ‘હીરામંડી’માં કામ કર્યું હતું. તેમાં તેના અભિનયની ખૂબ મજાક ઉડાવવામાં આવી હતી. તેની ટીકા થઈ હતી. આમાં, તેના પાત્રનું નામ આલમઝેબ હતું અને તેની માતા મનીષા કોઈરાલાએ ભજવી હતી. તેણે ૨૦૧૯ માં ફિલ્મ ‘મલાલ’ થી તેની કારકિર્દીની શરૂઆત કરી હતી, જેનું નિર્માણ સંજય લીલા ભણસાલી દ્વારા કરવામાં આવ્યું હતું.અભિનેત્રી બનતા પહેલા, શર્મીન સહગલે દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ અભિનીત ફિલ્મ ‘બાજીરાવ મસ્તાની’માં સહાયક દિગ્દર્શક તરીકે પણ કામ કર્યુ છે. તેને કેમેરા પાછળ કામ કરવાનો પણ અનુભવ છે. તેણી હોરર-કોમેડી ‘અતિથિ ભૂતો ભવ’ માં પણ જોવા મળી હતી, જ્યાં તેણીએ જેકી શ્રોફ અને પ્રતીક ગાંધી સાથે સ્ક્રીન સ્પેસ શેર કરી હતી.



# બોલિવૂડમાં નેપોટિઝમ નથી, નહીંતર શાહરૂખ ખાન-અક્ષય કુમાર ન હોત?

છેલ્લા ઘણા સમયથી બોલિવૂડમાં નેપોટિઝમ પર ડિબેટ ચાલુ છે. અનેક સ્ટ્રગલિંગ સ્ટાર્સે પોતાની વાતચીતમાં કહ્યું છે કે, અમે બોલિવૂડમાં નેપોટિઝમનો શિકાર બન્યા છે. આ મુદ્દો દરેક વખતે ચર્ચામાં આવ્યો છે. હવે ફરી એક વખત નેપોટિઝમ પર વાત છેડાઈ છે. કોમેડી ફિલ્મોની ‘આત્મા’ રહેલા એક્ટર રાજપાલ યાદવે આ મુદ્દે પોતાના વિચારો મૂક્યા છે. તેમનું કહેવું છે કે, બોલિવૂડમાં કોઈ નેપોટિઝમ નથી. તાજેતરમાં જ રાજપાલ યાદવે એક ન્યૂઝ એજન્સીને આપેલા ઈન્ટરવ્યુમાં નેપોટિઝમ પર વાત કર. તેમનું માનવું છે કે, જો ઈન્ડસ્ટ્રીમાં નેપોટિઝ હોત તો કદાચ આજે શાહરુખ ખાન, પરેશ રાવલ જેવા એક્ટર્સ ન હોત. આ સાથે જ એક્ટરે એ પણ કહ્યું કે, મારા પરિવારમાં આટલા લોકો છે પરંતુ હું આજ સુધીમાં કોઈને પણ ઈન્ડસ્ટ્રીમાં એક્ટર ન બનાવી શક્યો. રાજપાલ યાદવે કહ્યું કે, ‘વિશ્વાસ કરો, બોલિવૂડમાં નેપોટિઝમ નથી. હું ખૂબ જ ઈમાનદારી સાથે કહેવા માગુ છું કે, જો નેપોટિઝમ હોત તો શાહરુખ ખાન, રાજપાલ યાદવ, પરેશ રાવલ, અનુપમ ખેર, અક્ષય કુમાર, જોની લીવર, સંજીવ કુમાર, ધર્મેન્દ્ર, રાજેશ ખન્ના, આ બધા લોકો કેવી રીતે હોત? જે છોકરો ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં છે, તેના ઘરમાં પણ બીજા ૫૦ લોકો હોય છે. પરંતુ માત્ર તે જ કેમ તેનો હિસ્સો બને છે? કારણ કે, તે હકદાર છે.’ રાજપાલ યાદવે આગળ કહ્યું કે, ‘હું વર્ષોથી બોલિવૂડમાં કામ કરી રહ્યો છે. પરંતુ આજ સુધી હું મારા પરિવારમાંથી કોઈને પણ ઈન્ડસ્ટ્રીમાં તક ન અપાવી શક્યો. મને એક્ટિંગ કરતા ૩૮ વર્ષ થઈ ગયા છે, પરંતુ આજ સુધી હું મારા પરિવારના કોઈ સભ્યને ઈન્ડસ્ટ્રીમાં નથી લાવી શક્યો. એટલા માટે હું ક્યારેય માનતો નથી કે નેપોટિઝમ જેવી કોઈ વસ્તુ હોય છે. જો તમને બોલિવૂડમાં કામ મળ્યું છે, તો તમે પ્રયાસ કરો કે, તમારા કામથી ઈન્ડસ્ટ્રીનું નામ વધુ આગળ વધે.’આ દરમિયાન રાજપાલે ફિલ્મી દુનિયામાં આવવાના પોતાના નિર્ણય વિશે પણ વાત કરી. તેણે કહ્યું કે, મારા પરિવારમાં કોઈએ મને એક્ટિંગ માટે નહોતું કહ્યું. ફિલ્મોમાં કામ કરવાનો મારો ખુદનો વિચાર હતો. હું આજે મારા બાળકોને એ જ શીખ આપું છું કે દરેક લોકો ફિલ્મો કે રમતગમતમાં કારકિર્દી નથી બનાવી શકતા. જો તમે તેમાં કારકિર્દી બનાવવા માટે સક્ષમ હશો.



# મારી ૨૫ વર્ષની તપસ્યાનું આ ફળ છેઃ મમતા કુલકર્ણી

મમતા કુલકર્ણીને કિન્નર અખાડાના મહામંડલેશ્વર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, ત્યારે તે ઘણી હેડલાઈન્સમાં આવી હતી. તે જ સમયે, કેટલાક લોકોએ આ અંગે પ્રશ્નો પણ ઉઠાવ્યા હતા. હવે મમતાએ આ બાબતે પોતાનો મુદ્દો રજૂ કર્યો છે અને કહ્યું છે કે ભગવાને તેમને આશીર્વાદ આપ્યા છે. મમતા કુલકર્ણીએ કહ્યું - ભગવાને મને ૨૫ વર્ષની તપસ્યા આપી છે. પ્રયાગરાજમાં મહા કુંભ મેળા દરમિયાન મમતા કુલકર્ણીને કિન્નર અખાડાના મહામંડલેશ્વર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જોકે, આ અંગે ઘણો વિવાદ થયો હતો. જોકે, પાછળથી કિન્નર અખાડાના સ્થાપક ઋષિ અજય દાસે મમતા કુલકર્ણી અને આચાર્ય મહામંડલેશ્વર લક્ષ્મી નારાયણ ત્રિપાઠી બંનેને અખાડામાંથી હાંકી કાઢ્યા હતા. લક્ષ્મીએ કથિત રીતે સ્થાપકની સંમતિ વિના મમતાને નિયુક્ત કર્યા હતા, જેના કારણે ઘણો વિવાદ થયો હતો. હવે મમતાએ આ અંગે વાત કરી છે. મમતાએ કહ્યું, ‘તે કુંભમાં મહામંડલેશ્વર બનવું મારા પર ભગવાનની કૃપા હતી જે ૧૪૦ વર્ષમાં સૌથી પવિત્ર પ્રસંગ હતો. ભગવાને મને મારા ૨૫ વર્ષના તપનું ફળ આપ્યું.૩૦ જાન્યુઆરીએ ઋષિ દાસે એક પ્રેસ રિલીઝ જારી કરી હતી જેમાં ઋષિ અજયે કહ્યું હતું કે કિન્નર અખાડાના સ્થાપક તરીકે, હું આચાર્ય મહામંડલેશ્વર લક્ષ્મી નારાયણ ત્રિપાઠીને તાત્કાલિક અસરથી કિન્નર અખાડાના આચાર્ય મહામંડલેશ્વર પદ પરથી મુક્ત કરી રહ્યો છું. તેમની નિમણૂક ધાર્મિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા અને ટ્રાન્સજેન્ડર સમુદાયના ઉત્થાનના ઉદ્દેશ્યથી કરવામાં આવી હતી, પરંતુ તેમણે આ જવાબદારીઓથી વિચલિત થઈ ગયા હતા. અજય દાસે કહ્યું હતું કે મમતા કુલકર્ણીની નિમણૂક ચિંતાનો વિષય છે કારણ કે તેમનો ગુનાહિત ઈતિહાસ છે. તેમણે કહ્યું હતું કે, ‘આવા વ્યક્તિને મહામંડલેશ્વરનું બિરુદ આપીને, તમે સનાતન ધર્મને કેવા ગુરુ આપી રહ્યા છો? નોંધનીય છે કે મમતા ૯૦ના દાયકાની લોકપ્રિય અભિનેત્રી હતી.



# એક્ટ્રેસ સ્મૃતિ ઇરાનીએ સિક્યોરિટી સાથે ક્યોંકિ સાસનું શૂટિંગ શરૂ કર્યું




એકતા કપૂરનો લોકપ્રિય ટીવી શો ક્યોંકિ સાસ ભી કભીની સીઝન ટુ લાંબા સમયથી ચર્ચામાં છે. હવે અપડેટ છે કે, આ શોનું શૂટિંગ શરૂ થઇ ગયું છે. સ્મૃતિ ઈરાનીફરી સેટ પર આવી ગઇ છે અને તેને ઝેડ પ્લસ સિક્યોરિટી પણ આપવામાં આવી છે. સેટ પર સુરક્ષા પ્રોટોકોલ હેઠળ મોબાઈલ ફોનનું ટેપિંગ કરવામાંઆવશે. અમર ઉપાધ્યા, સ્મૃતિ ઈરાની અને એકતા કપૂરને છોડીને સેટ પરના તમામ લોકોનો મોબાઈલ ફોનના ઉપયોગથી રોક્વામાં આવશે. સૂત્રે એમ પણ દાવો કર્યો છે કે, સ્મૃતિ ઈરાનીને ઝેડ પ્લસ સિક્યોરિટી સેટ પર આપવામાં આવી છે.એક દાવો એવો પણ કરવામાં આવ્યો છે કે, ક્યોંકિ સાસ ભી કભી બહુથીની બીજી સીઝન ૧૫૦ એપિસોડની હશે.ઉલ્લેખનીય છે કે, આ શોમાં સ્મૃતિ ઈરાનીએ તુસલીના પાત્રમાં ઘર-ઘરમાં પોતાની અનોખી ઓળખ બનાવી હતી. આ શોની પહેલી સીઝન ૨૦૦૦માં શરૂ કરવામાં આવી હતી અને ૨૦૦૮માં આ શો પુરો કરવામાં આવ્યો હતો.

# ભગવાન પર ભરોસો, નેગેટિવિટી પર ધ્યાન નથી આપતીઃ ધનશ્રી

## છૂટાછેડા બાદ સોશિયલ મીડિયામાં ધનશ્રી વર્માને ખૂબ ટ્રોલ કરવામાં આવી હતી

યુઝવેન્દ્ર ચહલ સાથે છૂટાછેડા બાદ સોશિયલ મીડિયામાં ધનશ્રી વર્માને ખૂબ ટ્રોલ કરવામાં આવી હતી. હવે આ મામલે ધનશ્રીએ પહેલીવાર પ્રતિક્રિયા આપી છે. ધનશ્રીના જણાવ્યા મુજબ, તે ચહલ સાથે છૂટાછેડા બાદ મૂવ ઓન કરી ચૂકી છે. પરંતુ તે ચરણ તેના માટે સરળ નહોતું, કારણ કે સોશિયલ મીડિયા પર અનેક લોકોએ આ છૂટાછેડા માટે તેને જવાબદાર ઠેરવી હતી. જો કે, ધનશ્રીએ હવે આ મામલે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, મને હેટ કોમેન્ટ્સથી કોઈ ફરક નથી પડ્યો, મને ભગવાન પર ભરોસો છે. હું નેગેટિવિટી પર ધ્યાન નથી આપતી.’ધનશ્રીએ એક ઈનટરવ્યૂમાં આ અંગે વાત કરતા તેને સાંભળવા મળેલી ટીકાઓ અને નેગેટિવિટી પર પ્રતિક્રિયા આપી છે. તેણે કહ્યું છે કે, ‘મારા વિરૂદ્ધ ફેલાવવામાં આવેલી વાતો સત્યથી ખૂબ જ દૂર છે. કોઈ પણ અફવા મારું પ્રતિનિધિત્વ નથી કરતી. લોકો સત્ય નથી જાણતા પણ હું આવી વાતો પર સ્પષ્ટતા નથી આપતી કારણ કે મને મારા સંસ્કારો પર ભરોસો છે. મને મારી વેલ્યૂ, સંસ્કાર અને અસ્તિત્વ વિશે ખબર છે.’આ દરમિયાન ધનશ્રીએ આડકતરી રીતે ચહલ પર પ્રહાર કરતા કહ્યું કે, ‘હું હંમેશા શાલીનતા અને ગરિમા જાળવી રાખવામાં માનું છું. હું બીજાને નીચું બતાવવામાં વિશ્વાસ નથી રાખતી. આનાથી મને કોઈ લાભ નહીં થાય. હું મારી આસપાસના લોકો પર ફોકસ કરવા માંગુ છું. સેલ્ફ ગ્રોથ, પોતાની જાત પ્રત્યે પ્રેમ અને અનુશાસને મને હંમેશા પ્રેરિત કર્યું છે. હું મારા કામમાં લાગેલી રહું છું. મને વિશ્વાસ છે કે એક દિવસ સત્ય લોકોની સામે આવશે. અત્યારે મારું ધ્યાન માત્ર કરિયર પર જ છે.’





સોશિયલ મીડિયા પર શાહરુખનો એક વીડિયો વાયુ વેગે વાઇરલ થઈ રહ્યો છે

# શાહરુખની અપકમિંગ ફિલ્મ ‘KING’નો પહેલો લૂક વાઇરલ

શાહરુખ ખાન પોતાની અપકમિંગ ફિલ્મ ‘KING’ને લઈને ચર્ચામાં છે. એક તરફ ફિલ્મ પર કામ શરુ થઈ ગયું છે, ત્યારે બીજી તરફ સોશિયલ મીડિયા પર માત્ર કિંગ-કિંગની ચર્ચા થઈ રહી છે. તેનું કારણ અજય દેવગન પણ છે. એવા અહેવાલો છે કે દ્રશ્યમ ૩ અને કિંગની ટક્કર જોવા મળશે. પરંતુ હજુ સુધી આ અંગે કોઈ પુષ્ટિ નથી થઈ, કારણ કે કિંગના મેકર્સે હજુ સુધી રિલીઝ ડેટનું એલાન નથી કર્યું. ત્યારે હવે આ વચ્ચે શાહરુખ ખાનનો એક નવો લુક વાઈરલ થઈ રહ્યો છે. શાહરુખના આ લુકે માહોલ સેટ કરી દીધો છે. હાથ પર ટેટૂ, ફૂલ સ્વેગ. શું ‘કિંગ’ ફિલ્મથી એક્ટરનો ફર્સ્ટ લુક આઉટ થઈ ગયો છે?વાસ્તવમાં સોશિયલ મીડિયા પર શાહરુખ ખાનનો એક વીડિયો વાયુ વેગે વાઈરલ થઈ રહ્યો છે. જેમાં તે ખૂબ જ કુલ લુકમાં નજર આવી રહ્યો છે. બંને હાથ પર ટેટૂ અને બાયસેપ્સ જોયા બાદ લોકો તેને કિંગનો ફર્સ્ટ લુક જણાવી રહ્યા છે. ચાહકોનું કહેવું છે કે, સિદ્ધાર્થ આનંદની ફિલ્મના સેટ પરની જ આ તસવીર છે. આ વીડિયોમાં શાહરુખ ખાને વ્હાઈટ ટેન્ક ટૉપ, ગ્રે બેગી પેન્ટ અને બીની પહેર્યું છે. આ જોઈને લોકો કોમેન્ટ કરી રહ્યા છે કે “ભાઈ સ્વેગ તો પૂરા હૈ.” આ દરમિયાન એક્ટર ડાર્ક કલનાર શેડ્સ લગાવીને ક્યાંક જતો દેખાઈ રહ્યો છે. જો કે, તેના હાથ પરના ટેટૂએ સૌથી વધુ ધ્યાન ખેંચ્યું છે. જ્યારથી આ લુક સામે આવ્યો છે, ત્યારથી ચારેય બાજુ કિંગની જ ચર્ચા ચાલી રહી છે. લોકો કહી રહ્યા છે કે જો આ કન્ફર્મ લુક છે, તો શાહરુખ ખાનને રોકવો મુશ્કેલ છે, ફિલ્મ નક્કી ૨૦૦૦ કરોડ કમાશે. કંઈક મોટું થવાનું છે. આ વીડિયો સતત રી-શેર કરવામાં આવી રહ્યો છે. પરંતુ જે વીડિયોને કિંગનો લુક ગણાવીને વાઈરલ કરવામાં આવી રહ્યો છે, તેમાં કેટલી સત્યતા છે તે કોઈને ખબર નથી.



## સુચાતાએ હૈદરાબાદની મહિલાઓને સંદેશ આપ્યો

# મિસ વર્લ્ડ ઓપલ સુચાતાની અયોધ્યા જવાની તમન્ના



## મિસ વર્લ્ડમાં વિશ્વભરમાંથી લગભગ ૧૦૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો, ભારતમાંથી મોડેલ નંદિનીએ ભાગ લીધો હતો

સુચાતાએ ભારતના ઘણા મંદિરોની મુલાકાત લેવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેણીએ કહ્યું કે તે અયોધ્યામાં ભવ્ય રામ મંદિરના દર્શન કરવા પણ જવા માંગે છે. તેણીએ કહ્યું- ‘હું ભારતના ઘણા મંદિરો જોવા માંગુ છું. મને આ સ્થાનો ખૂબ જ સુંદર અને ખાસ લાગે છે. જેમ મેં કહ્યું, ભારત અને થાઈલેન્ડની સંસ્કૃતિ અને પરંપરા એકબીજા સાથે ખૂબ સમાન છે. તેથી આ સ્થાનો જોવા અને જાણવાનો અનુભવ ખૂબ જ સારો અને ખાસ રહેશે.ભારત અને થાઈલેન્ડ વચ્ચેનો સાંસ્કૃતિક અને વ્યાપારી સંબંધ ખૂબ જૂનો છે. થાઈલેન્ડમાં, ભારતના પ્રખ્યાત ગ્રંથ ‘રામાયણ’ને ‘રામકિયન’ કહેવામાં આવે છે. આ વાર્તાનો થાઈલેન્ડના રાજાઓ અને સોમ્રાટોના પુસ્તકો, કલા અને પરંપરાઓ પર ઊંડો પ્રભાવ છે. ‘રામકિયન’ માં હનુમાનજીને ખાસ સ્થાન આપવામાં આવ્યું છે. તેમના રમતિયાળ વર્તનને રંગવામાં આવ્યું છે. ચુઆંગશ્રીએ તેલંગાણાની મહિલાઓને ખાસ સંદેશ આપ્યો છે. મિસ વર્લ્ડ ૨૦૨૫નો ગ્રાન્ડ ફિનાલે તેલંગાણાના હૈદરાબાદમાં આયોજિત કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું, ‘મને તેલંગાણાની મહિલાઓ પાસેથી ઘણી પ્રેરણા મળી. તમારા હૃદયની તાકાત, હિંમત અને સુંદરતાએ મને ખૂબ પ્રભાવિત કર્યો છે. મને અહીંની મહિલાઓ તરફથી ઘણો પ્રેમ અને ટેકો મળ્યો છે. મને લાગે છે કે ભારતની મહિલાઓ ખૂબ જ મજબૂત છે અને તેઓ તેમના જીવનમાં જે ઈચ્છે તે કરી શકે છે.’મિસ વર્લ્ડ ૨૦૨૫માં વિશ્વભરમાંથી લગભગ ૧૦૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ભારતમાંથી મોડેલ નંદિની ગુપ્તાએ ભાગ લીધો હતો. જોકે, તે મિસ વર્લ્ડ ૨૦૨૫ના ખિતાબની દોડમાં ફક્ત ટોપ-૨૦માં જ સ્થાન મેળવી શકી હતી. ચેક રિપબ્લિકની વર્તમાન મિસ વર્લ્ડ ક્રિસ્ટીના પિઝકોવાએ નવી મિસ વર્લ્ડ ચુઆંગશ્રીને પોતાનો તાજ સોંપ્યો. આ થાઈલેન્ડની પહેલી મોટી સૌંદર્ય સ્પર્ધા જીત છે.ચુઆંગશ્રીએ કહ્યું, ‘આ મારા માટે ખૂબ મોટી સફળતા છે. મને ખૂબ ગર્વ છે કે થાઈલેન્ડને મિસ વર્લ્ડ સ્ટેજ પર માન્યતા મળી છે. આ અમારો પહેલો મિસ વર્લ્ડ તાજ છે અને અમે તેને મેળવવા માટે ૭૦ વર્ષથી વધુ સમય રાહ જોઈ છે. મને ખરેખર લાગે છે કે મારા દેશના લોકો પણ ગર્વ અનુભવી રહ્યા છે.

# મારું કન્ટેટ બાળકો જુએ તેમાં પેરેન્ટ્સની નિષ્ફળતા

## યુ ટ્યૂબ શોમાં અશ્લીલ ટિપ્પણી મામલે સમય રૈના અને રણવીર અલાહાબાદિયા ચર્ચામાં આવ્યા હતા

કોમેડિયન સમય રૈનાને ‘ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ’ વિવાદે દેશભરમાં જાણીતો બનાવ્યો છે. યુ ટ્યૂબ ચેનલ પરથી આ શોના તમામ એપિસોડ હટાવી દીધા પછી સમય રૈનાએ નવા ઈન્ટરનેશનલ શોની જાહેરાત કરી છે. કરિયરમાં નવો અધ્યાય શરૂ કરવા જઈ રહેલા સમય રૈનાનો આખાબોલો સ્વભાવ ફરી એક ચર્ચામાં આવી ગયો છે. પોડકાસ્ટર ફૂડ ફાર્મરે શોમાં વાતચીત દરમિયાન સમય રૈનાને ઓડિયન્સ પ્રત્યે જવાબદારી અંગે સવાલ પૂછ્યો હતો. જવાબમાં રૈનાએ કહ્યું હતું કે, માત્ર પાણીને પ્રમોટ કરવા માટે ઈન્ફ્લુએન્સર્સે જાહેરમાં કોક પીવાનું ટાળવું જોઈએ? ફૂડ ફાર્મરે વાત આગળ વધારતા કહ્યું હતું કે તેનાથી ૮-૧૦ વર્ષના બાળકોના વર્તન પર અસર પડી શકે છે. યુ ટ્યૂબ શોમાં અશ્લીલ ટિપ્પણી મામલે સમય રૈના અને રણવીર અલાહાબાદિયા ચર્ચામાં આવ્યા હતા રૈનાએ તરત જ વાત પકડી લીધી હતી અને જણાવ્યુ હતું કે, આ ઉંમરના બાળકો મને જોતા હોય તો, તેમાં તેમના માતા-પિતાનો વાંક છે. સમય રૈનાએ પોતાના બાળપણની વાત કરતા જણાવ્યું હતું કે, તેના પિતાએ ટીવી જોવા પર મર્યાદાઓ મૂકેલી હતી. જેના કારણે નાની ઉંમરે ટીવીનો પ્રભાવ તેના પર આવ્યો ન હોતો. બાળકો શું જોઈ રહ્યા છે? તેની જવાબદારી પેરેન્ટ્સે લેવી જોઈએ. તેમણે કન્ટેન્ટ ક્રીએટર્સ પર આ બોજ નાખવો જોઈએ નહીં. નાના વ્યૂઅર્સ માટે ફિલ્ટર્ડ ઈમેજ રજૂ કરવાના બદલે ઈમાનદારીને પ્રમોટ કરવાનું અને પોતાની જાત પ્રત્યે નિષ્ઠાવાન રહેવું વધારે જરૂરી છે. યુ ટ્યૂબ શોમાં અશ્લીલ ટિપ્પણી મામલે સમય રૈના અને રણવીર અલાહાબાદિયા ચર્ચામાં આવ્યા હતા. આ શોની નોંધ છેક સુપ્રીમ કોર્ટ સુધી લેવામાં આવી હતી. આ મામલાની તપાસ હજુ ચાલી રહી છે ત્યારે સમય રૈનાએ તપાસમાં સંપૂર્ણ સહકારની ખાતરી આપી ‘ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ’ના તમામ એપિસોડ યુ ટ્યૂબ પરથી હટાવી લીધા છે. તેણે નવેસરથી કરિયરની શરૂઆત કરી છે, પરંતુ નવી ઈનિંગમાં પણ તે નૈતિકતા કે બોધપાઠના બદલે માત્ર કન્ટેન્ટના વ્યૂઝ વધારવાને પ્રાથમિકતા આપી રહ્યો હોય તેમ જણાય છે. બાળકોને નિયંત્રણમાં રાખવાની જવાબદારી કન્ટેન્ટ ક્રીએટર્સની નહીં, પેરેન્ટ્સની છે.



# ગુજરાત સરકારની નવી પહેલ: હવે રેશનકાર્ડ ધારકો પોસ્ટમેન દ્વારા ઘરે બેઠા મફત ઇ-કેવાયસી કરાવી શકશે

## ટપાલ વિભાગ રેશનકાર્ડ ધારકોને ઇ-કેવાયસી ની સાથે આધાર કાર્ડમાં મોબાઇલ નંબર અપડેટની સુવિધા પણ પૂરી પાડી રહ્યું છે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ









। અમદાવાદ, તા.૩ ।

ગુજરાત સરકાર દ્વારા રેશનકાર્ડ ધારકોને સબસિડીયુક્ત અનાજ મળતું રહે તેની સતત પાત્રતા સુનિશ્ચિત કરવા માટે ઈ-કેવાયસી પ્રક્રિયા ફરજિયાત કરવામાં આવી છે. જેના અંતર્ગત તમામ રેશનકાર્ડ ધારકોને ૩૦ જૂન ૨૦૨૫ સુધીમાં ઈ-કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે. રાજ્યમાં અનાજ વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શક અને સરળ બનાવવાની દિશામાં ગુજરાત સરકારની આ પહેલ એક મહત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવી રહી છે. હવે આ અભિયાનમાં ટપાલ વિભાગ પણ મહત્વની ભૂમિકા નિભાવશે.

ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ભારતીય ડાક વિભાગ અને ગુજરાત સરકારના ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગ વચ્ચેના એક મહત્વપૂર્ણ કરાર હેઠળ, ટપાલ વિભાગ કોઈપણ ચાર્જ વિના ઘરે રેશનકાર્ડ ધારકોને ઈ-કેવાયસી ની સુવિધા પૂરી પાડી રહ્યું છે. અત્યાર સુધીમાં, ડાક વિભાગ દ્વારા બે લાખથી વધુ રેશનકાર્ડ ધારકોના ઘરે બેઠા ઈ-કેવાયસી પૂર્ણ કરવામાં આવ્યું છે. આ યોજનાના લાભ ખાસ કરીને એનએફએસએ રેશનકાર્ડ ધારકોને મળશે. આ સેવા ગુજરાત રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સ્થિત ૮,૮૦૦ થી વધુ પોસ્ટ ઓફિસો દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. બધા રેશનકાર્ડ ધારકોના ઈ-કેવાયસી ઝડપથી પૂર્ણ કરવા માટે, ડાક કર્મચારીઓ લાભાર્થીઓના ઘરે જઈને તેમને સેવા પૂરી પાડી રહ્યા છે. આ ઉપરાંત, જિલ્લા પુરવઠા અધિકારી સાથે સંકલન કરીને, તેઓ રેશનની દુકાનો અને સમુદાય શિબિરોમાં ઈ-કેવાયસી સેવા પણ પૂરી પાડી રહ્યા છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડાક વિભાગ પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકો દ્વારા ઘરે બેઠા આધારમાં મોબાઈલ નંબર અપડેટ કરવાની સુવિધા પણ પૂરી પાડી રહ્યું છે. જો કોઈ પણ રેશનકાર્ડ ધારકનો મોબાઈલ નંબર આધારમાં અપડેટ ન થયો હોય, તો ડાક વિભાગ પહેલા આધાર સેવા હેઠળ તેનો મોબાઈલ નંબર અપડેટ કરશે અને બાદમાં તે રેશનકાર્ડ ધારકનો ઈ-કેવાયસી કરશે. જો કોઈ કારણસર હાજર ડાક કર્મીઓ સાથે સંપર્ક ન થાય, તો આ સેવાનો લાભ લેવા માટે, રેશનકાર્ડ ધારક તેમની નજીકની પોસ્ટ ઓફિસનો સંપર્ક કરી શકે છે. આ પહેલ ડિજિટલ ઈન્ડિયા અને સુલભ શાસન તરફ એક મોટું પગલું છે, જેના દ્વારા વૃદ્ધ વ્યક્તિઓ, દિવ્યાંગજનો, બીમાર વ્યક્તિઓ અને મહિલાઓને ટેકનોલોજી દ્વારા સરળ અને ગૌરવપૂર્ણ સેવા મળી રહેશે.

# ઉત્તરપ્રદેશથી પરિવારથી વિખૂટી પડેલી મહિલાનું તેના પરિવાર સાથે બોટાદના સખી વન સ્ટોપ સેન્ટરે મિલન કરાવ્યું

। (માહિતી) બોટાદ, તા.૩ ।

ઉત્તરપ્રદેશથી પોતાના પરિવારથી વિખૂટી પડેલી મહિલાનું તેના પરિવાર સાથે બોટાદના સખી વન સ્ટોપ સેન્ટરે મિલન કરાવ્યું છે. વાત જાણે એમ છે કે, તા.૨૭-૫-૨૦૨૫ના રોજ પોલીસ કર્મીઓ દ્વારા એક અજાણ્યા મહિલાને બોટાદના સખી વન સ્ટોપ સેન્ટર ખાતે લાવવામાં આવ્યા હતા. કાઉન્સેલિંગ દરમિયાન તેઓ હિન્દી ભાષા બોલતા હોવાનું જણાયું, જેના આધારે અનુમાન લગાવાયું કે તેઓ અન્ય રાજ્યમાં થી છે. પૂછપરછમાં મહિલાએ જણાવ્યું કે, “મેં ૧૨મી ધોરણ સુધી અભ્યાસ કર્યો છે.”સખી વન સ્ટોપ સેન્ટરના કાઉન્સેલરે મહિલા સાથે વધુ વાતચીત કરી તેમને માનસિક સાંત્વના આપી. તેમની વાતચીત અને વર્તન પરથી માનસિક સ્થિતિ થોડી અસ્થિર જણાઈ હતી. બાદમાં જ્યારે તેમને લખવા માટે પેન-પેપર આપવામાં આવ્યા, ત્યારે તેમણે પોતાનું નામ, પિતાનું નામ તથા નિવાસ સ્થાન લખનઉ, ઉત્તરપ્રદેશ દર્શાવ્યું. પિતાનો મોબાઈલ નંબર યાદ હોવાથી સેન્ટર દ્વારા સંપર્ક સાધવામાં આવ્યો અને સંપૂર્ણ હકીકત જાણી શકાઈ.

# આધાર કાર્ડમાં સુધારા, ફેરફાર કરવા શહેરીજનો માટે જનરલ પોસ્ટ ઓફિસમાં સુવિધા ઉપલબ્ધ

## આધાર કાર્ડ ૧૦ વર્ષ કે તેથી વધુ સમય જૂનું હોય, તો તેને અપડેટ કરાવવું જરૂરી




। અમદાવાદ, તા.૩ ।

ઓલ્ડ સિટી મિરઝાપુરમાં આવેલી અમદાવાદ જનરલ પોસ્ટ ઓફિસ (GPO) માં નાગરિકોને તેમના આધાર કાર્ડને અપડેટ કરવા અને સંબંધિત સેવાઓનો લાભ લેવા માટે પોસ્ટ માસ્ટરશ્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ પોસ્ટ ઓફિસ ખાતે, નાગરિકો નિઃશુલ્ક નવી આધાર નોંધણી કરાવી શકે છે તેમજ બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ પણ નિઃશુલ્ક થાય છે. ડેમોગ્રાફિક વિગતો જેવી કે નામ, સરનામું, જન્મતારીખ વગેરેમાં સુધારા માટે રૂા.૫૦ નો શુલ્ક અને ફોટો, ફિંગરપ્રિન્ટ તથા આઈરિસ સ્કેન જેવા બાયોમેટ્રિક અપડેટ માટે રૂા.૧૦૦ નો શુલ્ક નિર્ધારિત કરવામાં આવ્યો છે.

જી.પી.ઓ.ના ડેપ્યુટી ચીફ પોસ્ટ માસ્ટર શ્રી એ. આર. શાહના જણાવ્યા મુજબ બાયોમેટ્રિક અપડેટ, જેમાં વ્યક્તિનો નવો ફોટો, ફિંગરપ્રિન્ટ અને આંખની કીકીનું સ્કેન (આઈરિસ સ્કેન) શામેલ છે, તે ખાસ સંજોગોમાં આવશ્યક બને છે. જો કોઈનું આધાર કાર્ડ ૧૦ વર્ષ કે તેથી વધુ સમય જૂનું હોય, તો તેને અપડેટ કરાવવું જરૂરી છે. તે જ રીતે, બાળકોના કિસ્સામાં, જો ‘બાળ આધાર’ ૫ વર્ષથી ઓછી ઉંમરે કાઢવામાં આવ્યું હોય, તો બાળકની ૫ વર્ષની ઉંમર પૂર્ણ થયેથી અને ફરીથી ૧૫ વર્ષની ઉંમર પૂર્ણ થયેથી બાયોમેટ્રિક અપડેટ કરાવવું ફરજિયાત છે. આ ઉપરાંત, જો બાળકના આધાર કાર્ડમાં રહેલો ફોટો આશરે ૫-૬ વર્ષ જૂનો હોય અને તેના દેખાવમાં નોંધપાત્ર ફેરફાર થયો હોય, તો પણ બાયોમેટ્રિક અપડેટ કરાવવું જોઈએ. એ નોંધવું અત્યંત મહત્વપૂર્ણ છે કે રેશન કાર્ડ કેવાયસી (KYC) કે અન્ય સરકારી યોજનાઓ જ્યાં આપના લેટેસ્ટ ફોટાવાળા આધાર કાર્ડની જરૂરિયાત હોય, ત્યાં જૂના ફોટાવાળું આધાર કાર્ડ માન્ય ગણાશે નહીં. આથી, ભવિષ્યની સુગમતા અને સરકારી લાભોની સાતત્યતા માટે આધાર કાર્ડમાં સમયસર બાયોમેટ્રિક અપડેટ કરાવી લેવું હિતાવહ છે. આધાર અપડેશનની આ કામગીરી જનરલ પોસ્ટ ઓફિસ, સાલપાસ રોડ, મિરઝાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૦૧ ખાતે સોમવારથી શનિવાર, સવારે ૦૮:૦૦ થી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી ચાલુ રહે છે. ખાસ કરીને, હાલમાં શાળાઓમાં વેકેશન ચાલી રહ્યું છે, ત્યારે વાલીઓને તેમના બાળકોના આધાર કાર્ડમાં જરૂરી બાયોમેટ્રિક અપડેટ સમયસર કરાવી લેવા હિતાવહ છે. આમ કરવાથી ભવિષ્યમાં ઉદ્ભવી શકતી સંભવિત મુશ્કેલીઓ નિવારી શકાશે અને બાળકોને સરકારી યોજનાઓનો લાભ લેવામાં સરળતા રહેશે.

વધુ માહિતી અને માર્ગદર્શન માટે, નાગરિકો આધાર ટોલ-ફ્રી નંબર ૧૯૪૭ પર, અમદાવાદ GPO ના ફોન નંબર ૦૭૯-૨૫૫૦ ૦૯૭૭ પર, અથવા UIDAI ના ઈમેલ એડ્રેસ help.uidai.gov.in અને અમદાવાદ GPO ના ઈમેલ એડ્રેસ cpmahmedabadg-po@indiapost.gov.in પર સંપર્ક કરી શકાય છે.

# મે ૨૦૨૫માં મેસર્સ મારુતિ સુઝૂકી, જીસીટી બેચરાજી એ કર્યું અત્યાર સુધીનું સવર્શ્રેષ્ઠ લોડિંગ





। અમદાવાદ, તા.૩ ।

મલ્ટી-મોડલ કનેક્ટિવિટી માટે ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન પ્રધાનમંત્રીના દેશની આગામી પેઢીના ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓના નિર્માણના નિરંતર પ્રયાસોનું પરિણામ છે જે જીવનને સરળ બનાવવાની સાથે–સાથે વ્યાપાર કરવામાં પણ સરળતા લાવે છે. આ પ્રકાર ની મલ્ટી-મોડલ કનેક્ટિવિટી લોગો,વસ્તુઓ અને સેવાઓ ને એક પરિવહન ના સાધન થી બીજાં માં લઈ જવા માટે અકીકૃત અને નિર્બાધ કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ તર્જ પર કાર્ય કરતાં પશ્ચિમ રેલવે ના અમદાવાદ મંડળ દ્વારા શરૂ કરવામાં આવેલા વિવિધ નવીન પ્રયાસોના સકારાત્મક પરિણામ સામે આવવા લાગ્યા છે અને તેના ફળસ્વરૂપ મંડળ ને સફળતાનો બીજો એક મહત્વપૂર્ણ પડાવ હાંસલ કર્યો છે.

મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માના દૂરંદેશી નેતૃત્વ, સક્ષમ માર્ગદર્શન અને ઉર્જાવાન પ્રેરણાના ફળસ્વરૂપ આ મોટી સિદ્ધિ શક્ય બની છે. અમદાવાદ મંડળ દ્વારા લેવામાં આવેલા અસરકારક પગલાંથી માલવાહક ટ્રાફિકમાં નોંધપાત્ર વધારો થયો છે અને મંડળ સફળતાની નવી ઊંચાઈઓ સુધી પહોંચવાના માર્ગ પર નિરંતર અગ્રેસર રહ્યું છે. આ મહાન પ્રયાસો દ્વારા મંડળ દેશના અર્થતંત્રની બહુઆયામી પ્રગતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે. પશ્ચિમ રેલવે ઓટોમોબાઈલ ક્ષેત્ર માટે કાર્યક્ષમ અને ટકાઉ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સનેનું સુવિધા પ્રદાન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. બેચરાજી ખાતે મેસર્સ મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડના ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ (જીસીટી) એ મે ૨૦૨૫ માં તેના અત્યાર સુધીનું સૌથી વધુ માસિક લોડિંગ રેકોર્ડ કર્યું છે, જે ઓપરેશનલ કાર્યક્ષમતા અને આવક નિર્માણમાં નવા માનક સ્થાપિત કરે છે.

બેચરાજી ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ જેને ૧૫ માર્ચ ૨૦૨૩ ના રોજ ચાલુ કરવામાં આવ્યું હતું, મોટર વાહનોના પરિવહન માટે એક પ્રમુખ લોજિસ્ટિક હબ તરીકે વિકસિત થયું છે. ટર્મિનલ દર મહિને ૧૦૦ થી વધુ રેક સંભાળે છે અને ગુડગાંવ, ફારુખનગર, બેંગલોર જેવા પ્રમુખ ગંતવ્યો ની સાથે સાથે પીપાવાવ પોર્ટ ના માધ્યમ થી નિર્યાત માટે વાહનો ને મોકલે છે. પરિવહન એનએમજી વેગનો અને ખાનગી માલિકી ના બીસીએસીબીએમ વેગનો નો ઉપયોગ કરીને કરવામાં આવે છે. મે ૨૦૨૫ માં, ટર્મિનલ ના ૧૨૪ રેક નો રેકોર્ડ ડિસ્પેચ પ્રાપ્ત કર્યું. જેનાથી રૂ. ૨૦.૦૨ કરોડ ની આવક પ્રાપ્ત થઈ છે. તે સપ્ટેમ્બર ૨૦૨૪ માં નોંધાયેલા ૧૧૬ રેક અને રૂ. ૧૮.૭૬ કરોડ ના પાછલા સવર્શ્રેષ્ઠ આવક ને પાર કર્યું. અમદાવાદ મંડળ ના સમગ્ર પ્રદર્શન માં પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું, જેણે ૧૫૪ રેક ની પોતાની અત્યાર સુધી ની સવર્શ્રેષ્ઠ માસિક ઑટોમોબાઈલ લોડિંગ પ્રાપ્ત કરી જેના પરિણામસ્વરૂપ મે ૨૦૨૫ માં રૂ. ૨૨.૯૧ કરોડ ની આવક પ્રાપ્ત થઈ. આ નોંધપાત્ર પ્રદર્શન ભારતીય રેલવે અને મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ ના વચ્ચે મજબૂત પાર્ટનરશિપને દર્શાવે છે અને મલ્ટીમોડલ કાર્ગો મુવમેન્ટ અને આર્થિક વિકાસ ને પ્રોત્સાહન આપવામાં ગતિ શક્તિ પહેલની અસરકારકતાને રેખાંકિત કરે છે.

# આપણેએ યાદ કરીએ કે અસલી તાકાત સ્વાસ્થ્ય પસંદ કરવામાં છે નહીં કે લત કે વ્યસનમાં






। (પ્રતિનિધી) વિરમગામ, તા.૩ ।

તમાકુના વ્યસનના કારણે અમદાવાદ જિલ્લા સહિત સમગ્ર દેશમાં અનેક લોકો મૃત્યુના મુખમાં ધકેલાય રહ્યા છે. ખાસ કરીને યુવાનોમાં જો વ્યસનનું પ્રમાણ વધે તો વધુ ગંભીર પરિણામો આવી શકે તેવી શક્યતાઓ રહેલી છે ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી અંતર્ગત ખાસ તમાકુ વિરોધી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. અધિક નિયામક પરિવાર કલ્યાણ ગાંધીનગર ડો. નયન જાનીની ઉપસ્થિતિમાં અમદાવાદ જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. ચિંતન દેસાઈ દ્વારા તમાકુ વિરોધી શપથ લેવડાવવામાં આવ્યા અને લોકોને વ્યસન મુક્ત બનવા માટે અપીલ કરવામાં આવી હતી. તાલુકા આરોગ્ય કચેરી વિરમગામ દ્વારા પોપેટ શો દ્વારા વ્યસન મુક્તિનો સંદેશ આપવામાં આવ્યો હતો. અધિક નિયામક પરિવાર કલ્યાણ ગાંધીનગર ડો.નયન જાનીએ સી.એમ.એમ ભારત સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, વિશ્વ તમાકુ નિષેધ દિવસે, આપણે એ યાદ કરીએ કે અસલી તાકાત સ્વાસ્થ્ય પસંદ કરવામાં છે, નહીં કે લત કે વ્યસનમાં. તમારું ભવિષ્ય તમાકુ ઉદ્યોગો ના લક્ષ ને ખુલ્લું પાડવાનું છે— કારણ કે તેમને ખબર છે કે યુવા ઓ માં બદલાવ લાવવાની શક્તિ છે. તમાકુને કહો ના અને જિંદગીને કહો હા, તંદુરસ્ત શરીરને એકાગ્ર મન હોય તો એક ઉજ્જવળ ભવિષ્ય છે. તમારા આજના નિર્ણયો આવતીકાલનો વિશ્વ ઘડે છે. હિંમત બતાવો, જાગૃત રહો અને એ પેઢી બનો જે તમાકુનો અંત લાવે. તમારું આરોગ્ય બચાવો. તમારા સપનાઓ જીવંત રાખો. શક્તિ તમારા હાથમાં છે.

# ઝાલોદ નગરપાલિકા મોન્સૂનની કામગીરીને લઈ સક્રિય : હિટાચી મશીન થી નાળાઓની સફાઈ કરાઈ

## દેશભરના રાજ્યોના ૧ હજારથી વધુ લોક કલાકારો દ્વારા પારંપારિક નૃત્યોની પ્રસ્તુતિ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

ઝાલોદ નગરમાં ચોમાસુ જામે તે પહેલાં નગરપાલિકા સક્રિય ભૂમિકામા જોવા મળી હતી. ચોમાસાના પાણી થી રામસાગર તળાવ જો ભરાઈ જાય તો તેનું પાણી કેનાલોની સફાઈ બરાબર ન હોવાના લીધે આ પાણી નગરના રસ્તાઓ પર કબ્જો જમાવી દેતા હતા દર વર્ષે કેનાલોની સફાઈ કરાતી હતી પરંતુ તેના પર ગંભીરતાથી ધ્યાન આપવામાં ન આવતું હતું. હાલ ભાજપની નગરપાલિકા હોવાથી તેઓ દ્વારા નગરમાં વરસાદી પાણી ભરાઈ જવાની સમસ્યાને લઈને આખી કેનાલો સફાઈ કરાવી રહેલ છે જેથી રામસાગર તળાવનું વરસાદી પાણી નગરમાં ન ભરાઈ જાય.

ભાજપની કારોબારી બેસતા હાલ આખી કેનાલની સુવ્યવસ્થિત રીતે સફાઈ પ્રથમવાર કરવામાં આવી રહેલ છે. ઝાલોદ નગર પાલિકા દ્વારા હિટાચી મશીન તેમજ જેસીબી મશીનથી સફાઈ કરવામાં આવી રહેલ છે. કેનાલોમા કેટ-લાય વર્ષોનો જામી ગયેલ કચરો તેમજ ઝાડી ઝાંખરા ઉગી નીકળેલ હતા તેની સુવ્યવસ્થિત સફાઈ કરી કેનાલો પહોળી કરી વરસાદી પાણી નીકળી જાય તે રીતે આયોજન કરવામાં આવેલ છે. રામસાગર તળાવના ઓણા થી આસરે આ વરસાદી પાણીની કેનાલ ત્રણ કિલોમીટર થી વધુ અંતરની છે આ સમગ્ર કેનાલ પ્રથમ વખત સંપૂર્ણ રીતે સફાઈ કરવામાં આવી રહેલ છે. હવે કેનાલોની સુવ્યવસ્થિત સફાઈ થતાં વરસાદી પાણી ભરાવવાની સંભાવનાઓ હવે ઓછી જોવાઈ રહેલ છે. નગરપાલિકા ચીફ ઓફિસર, પ્રમુખ, ઉપપ્રમુખ કારોબારી પ્રમુખ તેમજ ભાજપ ની કારોબારી બૉડીના સુંદર કામગીરીને નગરજનો બિરદાવી રહેલ છે.

# માંડવી પોલીસ સ્ટેશન દ્વારા જપ્ત વાહનોની તા.૯મીએ જાહેર હરાજીઃ જાહેર જનતા, વેપારીઓ હરાજીમાં ભાગ લઈ શકશે

। (પ્રતિનિધી) સુરત, તા.૩ ।

માંડવી પોલીસ સ્ટેશનમાં પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળના ગુનાઓમાં જપ્ત વાહનોની જાહેર હરાજી તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યે માંડવી પોલીસ સ્ટેશન ખાતે યોજાશે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા વેપારીઓ, જાહેર જનતાએ તા.૦૭મીએ ૧૧.૦૦ વાગ્યે માંડવી પો.સ્ટે.માં જરૂરી ફોર્મ ભરી ડિપોઝીટના રૂ.૫૦ હજાર ભરી ફોર્મ સાથે આધારકાર્ડ, પાનકાર્ડ, તથા GST નંબરની વિગતો જોડવાની રહેશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય. મહત્વના લોકો સાથે હળો-મળો ત્યારે તમારા આંખ-કાન ખુલ્લા રાખો-કેમ કે એવું કરવાથી તમને મહત્વની કોઈ વાત જાણવા મળી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.

**કર્ક (ડ,હ) :**
આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. ઘરમાં કોઈક વિધી કરાવશો. સહકાર આપવાનો તમારો અભિગમ તથા વિશ્લેષણાત્મક કૌશલ્યની નોંધ લેવાશે. આજે તમે તમારી જાતને સ્પૉટલાઈટ હેઠળ મહેસૂસ કરશો.

**સિંહ (મ,ટ) :**
આજે તમારે તબિયત પર થોડું વધારે ધ્યાન આપવું પડશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે સ્વાસ્થ્યની દૃષ્ટિએ તમારા માટે સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**તુલા (ર,ત) :**
આજે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ. તમારા સગાં-સંબંધીઓ સાથે કોઈક ખાસ યોજના ઘડો. તેઓ પણ આ બાબતને ચોક્કસ જ બિરદાવશે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. આજે તમને જે ફાજલ સમય મળે તેનો લાભ લો અને તમારા પરિવારના સભ્યો સાથે પ્રેમભર્યો સમય વિતાવો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.

**મકર (ખ,જ) :**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશે પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. પરિવારના સભ્ય ાતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે કશુંક રસપ્રદ વિચારીને માનસિક વ્યાયામ કરો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમારા બૉસ અથવા વરિષ્ઠોને તમારા ઘરે આમંત્રવા માટે સારો દિવસ નથી.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારૂં કોઈ એક સૌથી પ્રિય સપનું સાકાર થવાની શક્યતાઓ છે પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### ૨૦૦૦ની નોટો હજુ સુધી પરત આવી નથી: રિઝર્વ બેન્ક



। (એજન્સી) મુંબઈ, તા.૩ ।

રિઝર્વ બેંક દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ ચલણ પાછું ખેંચ્યાના બે વર્ષ પછી પણ રૂ.૬,૧૮૧ કરોડના મૂલ્યની ૨૦૦૦ની નોટો હજુ પણ ચલણમાં છે. જોકે, આ સાથે રિઝર્વ બેંકે કહ્યું કે રૂ. ૨૦૦૦ની બેંક નોટો કાયદેસર (લીગલ ટેન્ડર) રહેશે. ઈંઁએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચલણમાં રહેલી ૨૦૦૦ની નોટોનું કુલ મૂલ્ય, જે ૧૯ મે, ૨૦૨૩ના રોજ કારોબારના અંતે રૂ.૩.૫૬ લાખ કરોડ હતું, તે ૩૧ મે, ૨૦૨૫ના રોજ કારોબારના અંતે ઘટીને ૬,૧૮૧ કરોડ થઈ ગયું હતું.કેન્દ્રીય બેંકે જણાવ્યું હતું કે આમ, ૧૯ મે, ૨૦૨૩ના રોજ ચલણમાં રહેલી ૨૦૦૦ની નોટોમાંથી ૯૮.૨૬ ટકા પરત આવી ગઈ છે. રિઝર્વ બેંકે સમયાંતરે લોકોને અપીલ કરી છે કે જો કોઈની પાસે ૨૦૦૦ની નોટો હોય, તો તેઓ તેને RBIમાં જમા કરાવે અને તેને બદલી નાખે.૭ ઓક્ટોબર, ૨૦૨૩ સુધી તમામ બેંક શાખાઓમાં ૨૦૦૦ની નોટો જમા કરાવવા અને/અથવા બદલવાની સુવિધા ઉપલબ્ધ હતી.

### નકલખોર પાકિસ્તાને વિદેશમાં રાજદ્વારી પ્રતિનિધિમંડળો મોકલ્યાં



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ભારતે પાકિસ્તાન દ્વારા પહેલગામમાં કરાયેલા આતંકવાદી હુમલા બાદ રાજદ્વારી રણનીતિ અંતર્ગત પાકિસ્તાન આતંકવાદનું સમર્થન કરે છે તે મુદ્દે ખુલ્લું પાડવા કેટલાક પ્રતિનિધિમંડળો જુદા જુદા દેશમાં મોકલ્યા છે. પાકિસ્તાને પણ ભારતનું અનુકરણ કરતા બે પ્રતિનિધિમંડળની રચના કરી છે જે યુએસ અને યુકેની મુલાકાત લેશે. ઓપરેશન સિંદૂર અંતર્ગત ભારતે હાથ ધરેલા હુમલાઓમાં પાકિસ્તાનના એરબેઝને કરાયેલા નુકસાન મુદ્દે વિશ્વના દેશો પાસેથી સમર્થન મેળવવાનો આ પ્રતિનિધિમંડળો પ્રયાસ રહેશે. પાકિસ્તાને સોમવારે બંને દેશો વચ્ચેની સમસ્યાના સમાધાન અર્થે રાજદ્વારી મદદ માંગવા રચેલા પ્રતિનિધિમંડળની વિગતો જાહેર કરી હતી. વિદેશ કચેરીના નિવેદન મુજબ પાકિસ્તાને બે ટીમ તૈયાર કરી છે જે અલગ અલગ દેશોની મુલાકાત લેશે.ઉલ્લેખનીય છે કે ભારતે તેની રાજદ્વારી પહોંચની કવાયત હેઠળ સાત બહુપક્ષીય પ્રતિનિધિમંડળને વિશ્વના ૩૩ વૈશ્વિક પાટનગરોમાં મોકલ્યા હતા. પાકિસ્તાને પૂર્વ વિદેશ મંત્રી અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના ચેરમેન બિલાવલ ભુટ્ટો ઝરદારીના નેતૃત્વમાં નવ સભ્યોનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ તૈયાર કર્યું છે જે ૨જી જૂનથી ન્યૂયોર્ક, વોશિંગ્ટન ડીસી, લંડન અને બ્રસેલ્સની મુલાકાત લેશે.

### રશિયાએ યુક્રેન પર સૌથી મોટો ડ્રોન હુમલો કર્યો

# રશિયા-યુક્રેનની વાટાઘાટો નિષ્ફળ, હવે યુદ્ધ વકરશે

### યુક્રેને આશ્ચર્યજનક હુમલામાં રશિયાના ૪૦ યુદ્ધ વિમાનો તબાહ કર્યા પછી નિયત સમયે તૂર્કીયેમાં બંને દેશ વચ્ચે મંત્રણા થઈ

। (એજન્સી) ઈસ્તંબુલ, તા.૩ ।



છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધમાં શસ્ત્ર વિરામ લાવવાના હેતુથી તુર્કીયેના પાટનગર ઈસ્તંબુલ ખાતે બંને દેશના પ્રતિનિધિમંડળ વચ્ચે મંત્રણા યોજાઈ હતી. યુક્રેન દ્વારા આશ્ચર્યજનક હુમલામાં રશિયાના ૪૦ યુદ્ધ વિમાન તોડી પડાયા બાદ રશિયાએ પણ વળતા પ્રહારમાં યુક્રેન પર સૌથી મોટો ડ્રોન હુમલો કર્યો હતો. સામ-સામે હુમલા તીવ્ર બનવા છતાં નિયત સમયે મંત્રણા યોજાઈ હતી. જો કે આ મંત્રણા માત્ર એક કલાકમાં જ આટોપી લેવાઈ હતી. આ મંત્રણામાં સૈનિકોના મૃતદેહ અને યુદ્ધ કેદીઓ સોંપવા બાબતે સંમતિ સધાઈ હતી. જો કે આ સિવાયની બાબતો અંગે રશિયા અને યુક્રેન તરફથી કોઈ સ્પષ્ટતા થઈ નથી, જેને જોતાં બંને દેશે શબ્દોના બદલે શસ્ત્રોના માધ્યમથી એકબીજા સાથે સંવાદ કરવાનો મનસૂબો સેવ્યો હોવાના સંકેત મળ્યા છે. તુર્કીયેના જણાવ્યા મુજબ, વાટાઘાટો માટે યુક્રેન ઉત્સુક હતું, પરંતુ રશિયાને શસ્ત્ર વિરામ મંજૂર ન હોતો. રશિયન સ્ટેટ મીડિયા અને યુક્રેન પ્રમુખ ઝેલેન્સ્કીના જણાવ્યા મુજબ, સોમવારે યોજાયેલી વાટાઘાટો એક કલાક જેટલી ચાલી હતી. ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે, બંને પક્ષે તુર્કીયેના માધ્યમથી દસ્તાવેજોની આપ-લે કરી હતી. આ સાથે યુદ્ધ કેદીઓની યાદી પણ બંને દેશ તૈયાર કરી રહ્યા છે. મંત્રણા શરૂ થવાના બે દિવસ અગાઉ બંને દેશ વચ્ચે તણાવ વધતાં કોઈ મહત્ત્વની સમજૂતી થવાની શક્યતા નહીંવત હતી. યુક્રેને રવિવારે રશિયામાં આર્કટિક, સાઈબિરિયન અને ફાર ઈસ્ટ પ્રાંતોમાં આશ્ચર્યજનક ડ્રોન હુમલા કરી ૪૦થી વધુ યુદ્ધ વિમાનો તબાહ કર્યા હતા. રશિયામાં છેક ૭૦૦૦ કિમી અંદર ઘૂસીને યુક્રેને કરેલા આ હુમલામાં રશિયન લશ્કર ઊંઘતું ઝડપાયું હતું. દોઢ વર્ષની તૈયારી બાદ રશિયાની લશ્કરી તાકાતને મોટી લપડાક મારવામાં સફળતા મળી હોવાનું યુક્રેન સંરક્ષણ દળના વડા વાસિલ માલિઉકે જણાવ્યુ હતું. ઝેલેન્સ્કીએ પોતાના સૈન્યને આ ઓપરેશન માટે બિરદાવી હતી. રશિયાના બોમ્બર વિમાનોના કાફલામાંથી ત્રીજા ભાગના વિમાનોને નષ્ટ કરનારા આ હુમલાને ઈતિહાસ યાદ રાખશે તેવો વિશ્વાસ પણ ઝેલેન્સ્કીએ વ્યક્ત કર્યો હતો. નોર્ડિક રાષ્ટ્રો સાથે બેઠક દરમિયાન સોમવારે ઝેલેન્સ્કીએ દાવો કર્યો હતો કે, આ પછડાટના કારણે રશિયાને મંત્રણા કરવાની ફરજ પડશે. રશિયાને પણ હવે ભાન થશે કે, ગુમાવવાથી કેટલું દુઃખ થાય છે. હથિયારના બદલે વાટાઘાટોથી વવાદ ઉકેલવાનું મહત્ત્વ રશિયાને સમજાશે.ઝેલેન્સ્કીના આ દાવાને પડકાર આપતાં રશિયાએ રવિવારથી જ વળતા પ્રહાર શરૂ કરી દીધા છે.

### રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધને ત્રણ વર્ષ કરતાં વધુનો સમય

# યુક્રેને રશિયાની અંદર જ રહીને હુમલાનો પ્લાન પાર પાડ્યો છે

### ૫૫૦૦ કિમી અંદર એરબેઝ તબાહ કરીને યુક્રેને તમામને ચોંકાવ્યા, 'યુક્રેનની આ કાર્યવાહી ઈતિહાસમાં અંકિત થશે' : વોલોદિમીર ઝેલેન્સ્કી

। (એજન્સી) કીવ, તા.૩ ।

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને ત્રણ વર્ષ કરતાં વધુનો સમય થઈ ચુક્યો છે. બંને તરફથી એકબીજા પર ભીષણ હુમલા થઈ રહ્યા છે. ખાસ કરીને રશિયાએ યુક્રેનના સૈન્યને ભારે માત્રામાં નુકસાન પહોંચાડ્યું છે, સાથે જ યુક્રેનની લગભગ ૨૦ ટકા જમીન પર કબજો કરી લીધો છે. જોકે, આ સંઘર્ષમાં લગભગ ૩૯ મહિના પછી એક વળાંક આવ્યો છે. હકીકતમાં, ૧લી જૂનને રવિવારે યુક્રેને ૧૦૦થી વધુ ડ્રોન થકી રશિયામાં હુમલા કર્યા અને રશિયાના બોમ્બર વિમાનોને તબાહ કરી દીધા. આ બોમ્બર વિમાન પરમાણુ બોંબને લઈ જવામાં પણ સક્ષમ હતા. યુક્રેનના આ હુમલાને આધુનિક સમયનો 'પર્લ હાર્બર' ગણવામાં આવ્યો છે. યુક્રેનની સુરક્ષા એજન્સીઓનું માનીએ તો તેમના હુમલામાં રશિયાના હવાઈ મિસાઈલ લોન્ચરોનો ૩૪ ટકા જથ્થો હવે તબાહ થઈ ચુક્યો છે. એવું માનવામાં આવી રહ્યો છે છેવટે યુક્રેને રશિયાના ૫૫૦૦ કિલોમીટર અંદર ઘુસીને હુમલો કર્યો કેવી રીતે? આ ઘટનાને લઈને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ જણાવ્યું કે હુમલામાં ૧૧૭ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ યુક્રેને રશિયામાં ઘુસીને સૌથી લાંબા અંતરનો હુમલો કર્યો. જેમાં રશિયાને ખૂબ નુકસાન થયું. યુક્રેનની આ કાર્યવાહી ઈતિહાસના પૃષ્ઠોમાં અંકિત થશે. યુક્રેને આટલો મોટો હુમલો કર્યો કેવી રીતે? આ પ્રશ્નના જવાબમાં ઝેલેન્સ્કી કહેવું છે કે રશિયા પર ડ્રોનથી હુમલો કરવાનો પ્લાન ૧૮ મહિના અને ૯ દિવસ પહેલા શરુ કર્યો હતો.

### તમિલનાડુની સરકારી હોસ્પિટલમાં બનેલી ઘટના

# મોબાઈલ પર વાત કરતી નર્સે બોટલની ટેપને બદલે નવજાતની આંગળી કાપી

### જો એ સાબિત થશે કે નર્સ ફોન પર વાતચીત કરી રહી હતી, તો તેને સખત સજા કરાશે : વેલ્લોર જિલ્લા કલેક્ટર

। (એજન્સી) વેલ્લોર, તા.૩ ।

તમિલનાડુના વેલ્લોર જિલ્લાની એક સરકારી હોસ્પિટલમાં બેદરકારીનો મામલો પ્રકાશમાં આવ્યો છે. અહીં એક નર્સની બેદરકારીને કારણે એક નવજાત શિશુની આંગળી કપાઈ ગઈ હતી. વેલ્લોરની હોસ્પિટલમાં વિમલરાજે પોતાની ગર્ભવતી પત્ની નિવેથાને દાખલ કરી હતી. કેટલાંક કલાક પછી નિવેથાએ એક પુત્રને જન્મ આપ્યો હતો.ડોક્ટરોના કહેવા મુજબ, બાળકના શરીરમાં સુગરની માત્રા ઓછી હતી, એટલા માટે તેને ગ્લુકોઝ ચઢાવવામાં આવ્યો હતો. આ દરમિયાન એક નર્સ ગ્લુકોઝની સોયની જગ્યા બદલી રહી હતી, ત્યારે તેની ટેપ કાપવા માટે કાતરનો ઉપયોગ કર્યો અને ભૂલથી નવજાતની આંગળી કાપી નાંખી હતી. એવો આક્ષેપ છે કે આ દરમિયાન નર્સ મોબાઈલ પર વાતચીત કરી રહી હતી અને સંપૂર્ણપણે બેદરકાર હતી. પિતા વિમલરાજે જણાવ્યું કે દુર્ઘટના પછી તેમને લગભગ દોઢ કલાક સુધી બાળકને મળવા દીધા નહીં. ઘટના સામે આવ્યા પછી હોસ્પિટલ વહીવટીતંત્રમાં હડકંપ મચી ગયો છે. બાળકોને સારી સારવાર માટે ચેન્નઈની હોસ્પિટલમાં રેફર કરવામાં આવ્યું, જ્યાં હાલ તેની હાલત સ્થિર છે. વેલ્લોર જિલ્લા કલેક્ટર સુબ્બુલક્ષ્મીએ મામલાની તપાસ માટે આદેશ આપીને કહ્યું કે, જો એ સાબિત થશે કે નર્સ ફોન પર વાતચીત કરી રહી હતી, તો તેને સખત સજા કરાશે. એમ પણ એ પ્રક્રિયામાં કાતરની જરુરિયાત હોતી નથી, હાથથી પણ ટેપ કર શકાતી હતી.

## શશિ થરૂર બાદ સલમાન ખુર્શીદનો પણ કોંગ્રેસ નેતાઓને વળતો જવાબ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને વરિષ્ઠ કોંગ્રેસ નેતા સલામ ખુર્શીદે સોશિયલ મીડિયા પોસ્ટ કરીને પોતાની પીડા શેર કરી છે. થરૂર બાદ ખુર્શીદ બીજા કોંગ્રેસી નેતા છે, જેઓ પોતાની જ પાર્ટીના નેતાઓ પર નિશાન સાધી રહ્યા છે. વાસ્તવમાં બંને નેતાઓ તે સર્વપક્ષીય પ્રતિનિધિ મંડળના સભ્ય છે, જે આતંકવાદ સામે ભારતે લીધેલા પગલાં વિશે અન્ય દેશોને માહિતગાર કરવાની ભૂમિકા ભજવી રહ્યા છે, તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉઠાવાયેલા પગલાઓના વખાણ કરી રહ્યા છે. ખુર્શીદે આજે (૨ જૂન) સોશિયલ મીડિયા એક્સ પર કહ્યું કે, હું દુઃખી છું કે, દેશમાં લોકો મારી રાજકીય નિષ્ઠાની ગણતરી કરી રહ્યા છે. તેમણે પૂછ્યું કે, જ્યારે આતંકવાદ વિરુદ્ધ અભ્યાન ચાલી રહ્યું હોય, તો શું દેશભક્ત હોવું આટલું કઠિન છે? સર્વપક્ષીય પ્રતિનિધિમંડળના સભ્ય ખુર્શીદ હાલ અન્ય દેશોમાં ભારતનો અવાજ ઉઠાવી રહ્યા છે, ત્યારે તેમણે આતંકવાદનો સામનો કરવાના ભારતના પ્રયાસો વચ્ચે રાજકીય વિભાજન પર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, 'ભારત પોતાનું આતંકવાદ પ્રત્યેનું વલણ વૈશ્વિક સ્તરે દેખાડી રહ્યું છે, જ્યારે દેશમાં કેટલાક લોકો એક થવાના બદલે મારી રાજકીય નિષ્ઠા પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે. ખુર્શીદે એક પોસ્ટમાં લખ્યું છે કે, 'જ્યારે તેઓ આતંકવાદ વિરુદ્ધના મિશન પર છે અને ભારતના સંદેશને વિશ્વ સુધી પહોંચાડવાની કામગીરી કરી રહ્યા છે, ત્યારે એ દુઃખની વાત છે કે, ઘરના લોકો રાજકીય નિષ્ઠાની ગણતરી કરી રહ્યા છે. શું દેશભક્ત હોવું આટલું મુશ્કેલ છે?' જોકે ખુર્શીદે કયા નેતાને કે પછી કાય પક્ષને ધ્યાને રાખીને આ નિશાન સાધ્યું છે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારે પાકિસ્તાનની આતંકવાદ વિરુદ્ધની કરતૂત વિશ્વભર સુધી પહોંચાડવા માટે સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ બનાવ્યું છે અને હાલ આ મંડળ વિશ્વભરમાં જઈને આતંકવાદ વિરુદ્ધનું ભારતના વલણ, પાકિસ્તાનની કરતૂત અને ભારતના ઓપરેશન સિંદૂરનો સંદેશો પહોંચાડી રહ્યા છે.

# ક્લાઈમેટ ચેન્જના કારણે ૩૮% લોકોને ભોજનની કમી : સર્વે

### છેલ્લા એક વર્ષમાં ૩૮% લોકોએ ખોરાકની અછત અથવા દુષ્કાળનો અનુભવ કર્યો : ત્રણ ચતુર્થાંશ ભારતીયો ચિંતિત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

વિશ્વમાં ચોથી અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવેલા ભારતમાં છેલ્લા એક વર્ષમાં ૩૮ ટકા ભારતીયોએ ભૂખમરાનો સામનો કર્યો હોવાનો ચોંકાવનારો રિપોર્ટ આવ્યો છે. આ ભૂખમરા પાછળનું કારણ પણ ચોંકાવનારું આબોહવા પરિવર્તન છે. આબોહવા પરિવર્તન હવે ફક્ત વિકસિત દેશોનો મુદ્દો નથી રહ્યો. તે ભારતના સામાન્ય લોકોના જીવનને અસર કરી રહ્યો છે. યેલ-સીવોટર સર્વે (ડિસેમ્બર ૨૦૨૪-ફેબ્રુઆરી ૨૦૨૫)માં આ દાવો કરવામાં આવ્યો છે. રિપોર્ટ અનુસાર, છેલ્લા એક વર્ષમાં ૩૮% લોકોએ ખોરાકની અછત અથવા દુષ્કાળનો અનુભવ કર્યો હતો. ત્રણ ચતુર્થાંશ ભારતીયો ખોરાકની અછત વિશે ખૂબ જ અથવા મધ્યમ ચિંતિત છે. જેના માટે ગ્લોબલ વોર્મિંગ જવાબદાર છે. ૬૦% લોકોએ ખેતીમાં જીવાતો અને રોગોનો સામનો કર્યો હતો. ૨૦૨૪ ભારતનું સૌથી ગરમ વર્ષ હતું. તાપમાન સામાન્ય કરતાં ૦.૬૫ ડિગ્રી વધુ હતું. ૭૧ ટકા ભારતીયોએ ગયા વર્ષે ભીષણ ગરમીનો સામનો કર્યો છે. ૫૯% લોકોએ વીજળી કાપ, ૫૩% પ્રદુષિત પાણી, ૫૨%એ દુષ્કાળ અને પાણીની અછત અને ૫૨% લોકોએ ગંભીર વાયુ પ્રદૂષણનો સામનો કર્યો હતો. વિશ્વના ૨૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ભારત ૧૩મા સ્થાને છે. ૨૦૨૪ના શિયાળામાં દિલ્હીમાં હવાનો ગુણવત્તા સૂચકાંક (AQI) ૧૦૦૦થી વધુ હતો, જે આરોગ્ય સંબંધિત કટોકટીનો સંકેત આપે છે. વર્લ્ડ બૅન્ક અનુસાર, ૨૦૨૩ સુધીમાં, ભારતે અત્યંત ગરીબીમાં (૨.૧૫ ડૉલર પ્રતિ દિવસની આવક) ૩.૪%નો ઘટાડો કર્યો હતો. યેલ-સીવોટર સર્વે દર્શાવે છે કે, આબોહવા પરિવર્તનના કારણે ભારતમાં ભૂખમરાની સ્થિતિ સર્જાઈ છે. કૃષિમાં કીટકોના ત્રાસથી પાકમાં બીમારીનું પ્રમાણ વધ્યું હતું. જેના લીધે ઘણો પાક નષ્ટ થયો હતો. તેમજ વધુ પડતી ગરમી, પૂર, દુષ્કાળની સ્થિતિના કારણે પણ ખોરાકની અછત સર્જાઈ હતી. ગરીબીમાંથી બહાર આવેલા લોકો હજી પણ ભોજનની અસુરક્ષાનો સામનો કરી રહ્યા છે.

### કોલોરાડોના ગવર્નર જેરેડ પોલિસે આ હુમલાની નિંદા કરી

# અમેરિકાના કોલોરાડોમાં આતંકી હુમલોઃ આઠ લોકો ઘાયલ થયા

। (એજન્સી) બોલ્ડર, તા.૩ ।

અમેરિકાના કોલોરાડોના ડાઉનટાઉન સ્થિત પર્લ સ્ટ્રીટ પેડેસ્ટ્રિયન મોલમાં થયેલા આતંકી હુમલામાં ઓછામાં ઓછા ૮ લોકો ઘાયલ થયા હતા. એફબીઆઈએ જણાવ્યું હતું કે તેમણે હુમલાની તપાસ શરૂ કરી છે. આ લક્ષિત હુમલો કરનાર શંકાસ્પદ વ્યક્તિએ 'ફ્રી પેલેસ્ટાઈન'ના નારા લગાવ્યા હતા અને ફ્લેમથ્રોવરથી હુમલો કર્યો હતો. જેના કારણે કેટલાક લોકો દાઝ્યા પણ હતા. હુમલામાં યહૂદી વિરોધીઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. કેટલાક લોકો અહીં હમાસ દ્વારા બંધક બનાવેલા યહૂદી વિરોધીઓની મુક્તિની માંગ કરી રહ્યા હતા. હુમલો કરનારા શંકાસ્પદ વ્યક્તિની ઓળખ ૪૫ વર્ષીય મોહમ્મદ સાબરી સોલિમાન તરીકે થઈ છે, જેને કસ્ટડીમાં લઈને ડેનવરની ઉત્તરે બોલ્ડર કાઉન્ટી જેલમાં રાખવામાં આવ્યો છે.

## વિશેષ

### ગાંધીનગરમાં નિર્માણ પામ્યું 'આરોગ્ય સમીક્ષા કેન્દ્ર'

# આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના હસ્તે આગામી ૫મી જૂનના રોજ આરોગ્ય સમીક્ષા કેન્દ્રનું લોકાર્પણ કરાશે

। (માહિતી) ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત આરોગ્ય સેવાઓને સુદૃઢ, સરળ અને લોકઉપયોગી બનાવીને જનસુખાકારીમાં વધારો કરવાના સતત પ્રયાસો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે.

રાજ્યના નાગરિકોને ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલી આરોગ્ય વિષયક સેવા-સુવિધાઓનું એક જ છત્ર હેઠળ મોનિટરિંગ અને સર્વગ્રાહી સમીક્ષા થઈ શકે તે માટે ગાંધીનગર ખાતે આરોગ્ય સમીક્ષા કેન્દ્ર તૈયાર કરાયું છે.

આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે આગામી તા. ૫મી જૂનના રોજ ગાંધીનગર સ્થિત નવનિર્મિત આરોગ્ય સમીક્ષા કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવશે. આરોગ્ય વિભાગની અલગ-અલગ શાખાઓ દ્વારા અમલીકૃત આરોગ્યલક્ષી કાર્યક્રમો/સેવાઓને સંકલિત રીતે એક જ સ્થાનેથી આરોગ્ય સમીક્ષા કેન્દ્રના માધ્યમથી નિયમિત ફોલો-અપ, નિયત લક્ષ્યાંકોને સિદ્ધ કરવા સમીક્ષા અને જિલ્લાવાર સેવાઓથી વંચિત રહેલ લાભાર્થીઓ સુધી પહોંચવા ત્વરિત ફિડ-બેકનું તૈયાર કરાયેલ માળખું અસરકારક સાબિત થશે.

ગુજરાત સરકાર દ્વારા લોકોને ઘરે બેઠા ફોન ઉપર આરોગ્યલક્ષી યોજનાઓની માહિતી તથા સ્વાસ્થ્ય સબંધી કોઈ પણ સલાહ, સૂચન કે પરામર્શ મળી રહે તે માટે આરોગ્ય સમીક્ષા કેન્દ્રમાં હેલ્થ હેલ્પલાઈન નંબર ૧૦૪ કાર્યરત કરાયો છે તથા PMJAY હેલ્પલાઈન પણ શરૂ કરવામાં આવી છે.

**આરોગ્ય સમીક્ષા કેન્દ્રમાં શું કામગીરી થશે**

આરોગ્યલક્ષી તમામ કાર્યક્રમો-યોજનાઓના અસરકારક અને પરિણામલક્ષી અમલ માટે આરોગ્ય વિભાગ દ્વારા તમામ આરોગ્યલક્ષી પ્રોગ્રામોના ડેટાબેઝના ડેશ બોર્ડને સંકલિત કરી એક જ કેન્દ્ર ખાતે મોનિટરિંગ કરી શકશે.

આરોગ્ય વિભાગના મહત્ત્વના પ્રોગ્રામોમાં જિલ્લા અધિકારીઓ, કર્મચારીઓ વગેરેને ત્વરિત ફીડ-બેક આપી આરોગ્ય સેવાઓના અમલીકરણમાં રહી ગયેલ કામગીરીને ઓળખીને ઝડપી ગુણાત્મક સુધારો કરી શકાય તે માટે સરળતાથી સંવાદ સાધી શકાય તે માટેની ઓડિયો-વિઝ્યુલ્સ વ્યવસ્થા, વિવિધ અમલીકરણ થતી સેવાઓના લાભાર્થીઓના ડિજિટલ ડેટા અને ડેશબોર્ડ સાથેની સ્ટેટ ઓફ આર્ટની વ્યવસ્થા કરાઈ છે.

કુદરતી આપત્તિઓ, રોગચાળાઓ, વગેરે જેવી વિપરીત અને કટોકટીની પરિસ્થિતિઓમાં રાજ્યના તમામ જિલ્લાઓને રાજય કક્ષાએથી ઉચ્ચ અધિકારીઓ, તજજ્ઞો સંકલિત રીતે ઓડિયો-વિઝ્યુઅલ્સ દ્વારા પરામર્શ થકી નીતિવિષયક નિર્ણયો અને અમલવારીની જાણ કરી ઉચ્ચ કક્ષાએ નિયત થયેલ રણનીતિઓ મુજબ ત્વરિત અમલીકરણ કરાવવાનું અસરકારક માધ્યમ આરોગ્ય સમીક્ષા કેન્દ્ર બની રહેશે.

**આરોગ્ય સમીક્ષા કેન્દ્ર ખાતે ઉપલબ્ધ સુવિધાઓ**

- અદ્યતન ઓડિયો વિઝ્યુઅલ્સ કોન્ફરન્સ રૂમ, ૧૨ ટર્મિનલ્સ સાથેની વ્યવસ્થા.
- વિડિયો કોન્ફરન્સ માટેનો મિટિંગ રૂમ તેમજ ફરજ પરના અધિકારીઓ માટેની બેઠક વ્યવસ્થાઓ.
- એક સાથે કુલ ૧૦૦ જેટલા તાલીમબદ્ધ કોલ-ટેકર્સ દ્વારા આરોગ્ય વિભાગની ફ્લેગશીપ યોજનાઓના/સેવાઓના લાભાર્થીઓને નિયત કરેલ પ્રશ્નાવલીઓ મુજબ જુદી-જુદી આરોગ્યલક્ષી સેવાઓ અંગે પરામર્શ, સલાહ, સૂચન, અને માર્ગદર્શનની માટેની અદ્યતન કોલ સેંટરની વ્યવસ્થા.
- વિશિષ્ટ સીએડી (CAD) કોલ સેન્ટર એપ્લિકેશન થકી વ્યવસ્થિત કોલ રેકોર્ડિંગ અને પુરાવા, તાલીમ અને ગુણવત્તા નિયંત્રણ માટે સુરક્ષિત રીતે માહિતીનું સંચાલન અને સંગ્રહ કરવા માટે EMRI GHS દ્વારા ડિઝાઈન અને અમલીકરણ કરવામાં આવી રહ્યું છે.
- રાજ્યના જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય અધિકારીઓ સાથે સમયાંતરે ટુ વે કમ્યૂનિકેશન વિડિયો કોન્ફરન્સિંગ અને સંવાદની વ્યવસ્થા.
- આરોગ્ય વિભાગના અમલીકૃત મહત્ત્વના કાર્યક્રમોના ડેશબોર્ડનું મોનિટરિંગ અને ફીડ-બેક માટેની વ્યવસ્થા.
- આરોગ્ય વિભાગના રાજ્ય તથા જિલ્લા કક્ષાના સંપૂર્ણ માળખાના અધિકારીઓ, કર્મચારીઓને ત્વરિત સંપર્ક માટે ડિજિટલ ક્લિક ટુ કૉલની વ્યવસ્થા.
- જિલ્લા અને તાલુકા કક્ષાએ અધિકારીઓનું અદ્યતન માહિતીથી સશક્તિકરણ.

**આરોગ્ય સમીક્ષા કેન્દ્ર ખાતેથી આવરી લેવાયેલ મહત્ત્વની આરોગ્ય સેવાઓ**

**માતા આરોગ્ય**

સિકલ સેલ એનિમિયા ધરાવતી સગર્ભા બહેનો, હૃદય, કિડની, ૪૨ કિ.ગ્રાથી ઓછું વજન, ઓછું હિમોગ્લોબિન ધરાવતી સગર્ભાઓની સંભાળ અને અન્ય મહત્ત્વના માપદંડો

**બાળ આરોગ્ય**

બાળ આરોગ્યને લગતા વિવિધ માપદંડોનું મૂલ્યાંકન કરાશે

**ટી.બી.**

સારવાર લઈ રહેલ હાઈ રિસ્ક ટીબીના દર્દીઓ, ૧૫ દિવસની સારવાર દરમ્યાન ટીબીની દવાઓની આડઅસરો આવી હોય તેવા દર્દીઓ, ૨ (બે) મહિનાની સારવાર પૂર્ણ કરેલ દર્દીઓ (હાઈરિસ્ક અને આડઅસર આવેલ દર્દીઓ), ૪ (ચાર) મહિનાની સારવાર પૂર્ણ કરેલ દર્દીઓ (હાઈરિસ્ક દર્દીઓ), ૬ (છ) મહિનાની ટીબીની સારવાર પૂર્ણ કરેલ દર્દીઓ (તમામ હાઈરિસ્ક દર્દીઓ), ટીબીની સારવાર પૂર્ણ કરી ૩ મહિના બાદ દર્દીઓનાં લક્ષણોની તપાસ (તમામ હાઈરિસ્ક દર્દીઓ – પોસ્ટ ટ્રીટમેન્ટ ફોલો-અપ)

**રસીકરણ**

બાળકો અને માતાઓને આપવામાં આવતા સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમનું પણ મૂલ્યાંકન કરાશે.

**PMJAY-મા યોજના**

PMJAY-મા કાર્ડ અંતર્ગત સારવાર લઈ રહેલા દર્દીઓનો અભિપ્રાય (Feedback) તેમજ આ યોજના માટે શરૂ કરાયેલ હેલ્પલાઈન નંબરની સેવાઓ થકી મૂલ્યાંકન

સિકલસેલ એનિમિયાના દર્દીઓ, શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ગંભીર તીવ્ર કુપોષણ SAM (Severe Acute Malnutrition) ધરાવતાં બાળકો તેમજ રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત MPHWને પૂછવાના થતા પ્રશ્નો સંદર્ભેની કામગીરી કરવામાં આવશે.

**૧૦૪ હેલ્થ હેલ્પલાઈન (નોન ઈમરજન્સી સેવા)**

- રાજ્યના તમામ નાગરિકોને આરોગ્યલક્ષી યોજનાકીય માહિતી, કોઈ પણ રોગ માટેની સલાહ અને સૂચન, તાવ તથા સંલગ્ન બીમારીઓની જાણકારી, આરોગ્ય સેવાઓ અંગેની ફરિયાદ તથા વ્યવસ્થાપનની પણ કામગીરી કરવામાં આવે છે.

**હેલ્થ એડવાઈઝ**

- કાઉન્સેલિંગ
- ટેલિમેડિકલ એડવાઈઝ
- રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટેનાં આયુષ સૂચનો
- ઘેર બેઠા દર્દીનું તબીબ સાથે કોન્ફરન્સીંગ કોલ થકી કન્સલ્ટેશન.
- મેડિસીન,લેબ ટેસ્ટ, ઈ-પ્રિસ્ક્રીપ્શન ફેસિલિટી એસએમએસ થકી મોકલવી.

**આરોગ્ય સમીક્ષા કેન્દ્રના ફાયદા**

- રાજ્યના આરોગ્ય વિભાગની અલગ-અલગ શાખાઓ દ્વારા અમલીકૃત આરોગ્યલક્ષી કાર્યક્રમો/સેવાઓને સંકલિત રીતે એક જ સ્થાનેથી આરોગ્ય સમીક્ષા કેન્દ્રના માધ્યમથી નિયમિત ફોલો-અપ, નિયત લક્ષ્યાંકોને સિદ્ધ કરવા સમીક્ષા અને જિલ્લાવાર સેવાઓથી વંચિત રહેલ લાભાર્થીઓ સુધી પહોંચવા ત્વરિત ફિડ-બેકનું માળખું.
- આરોગ્યલક્ષી કાર્યક્રમોની સમીક્ષા કરવા સંકલિત ડિજિટલ ડેટાબેઝ અને ડેશબોર્ડની વ્યવસ્થા.

### મેનેજરોની મનમાની-દાદાગીરી સામે ઉગ્ર રોષ

# ભાવનગરમાં સસ્તા અનાજના દુકાનદારોની રેલી

। (એજન્સી) ભાવનગર,તા.૩ ।

ઓલ ગુજરાત ફેર પ્રાઈસ શોપ એસોસિએશનના પ્રમુખની અધ્યક્ષતામાં ભાવનગર ખાતે આજે રેલી યોજીને કલેક્ટરને આવેદન આપવામાં આવ્યું હતું, જેમાં જિલ્લા પુરવઠા મામલતદાર અને જિલ્લાના ગોડાઉન મેનેજરોની મનમાની અને દાદાગીરી સામે આવેદન આપીને ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. પ્રમુખનું કહેવું છે કે રેશનશોપ ડીલરોને જે સરકારી અનાજનો જથ્થો આપવામાં આવે છે, તેમાં સરકારી અનાજની ચોરી કરવામાં આવે છે. જેની પાછળ પુરવઠાના અધિકારીઓ જવાબદાર હોવાનું આરોપ લગાવવામાં આવ્યો હતો, આ રેલીમાં ૩૦૦ જેટલા સસ્તા અનાજના દુકાનદારો જોડાયા હતા. સાથે એ પણ ચીમકી આપી કે જો સસ્તા અનાજના દુકાનદારો સાથે આ જ પ્રમાણે અન્યાય થતો રહેશે તો આગામી સમયમાં સરકાર સામે આંદોલન કરીશું. ઓલ ગુજરાત ફેર પ્રાઈસ શોપ એસોસિએશનના પ્રમુખ રાજેન્દ્રસિંહ જાડેજાની અધ્યક્ષતામાં આજે શહેરના ટાઉનહોલથી કલેક્ટર કચેરી ખાતે ૩૦૦ અનાજના દુકાનદારોની હાજરીમાં વિવિધ પ્લે કાર્ડ સાથે સુત્રોચાર તેમજ વિરોધ કરીને ભાવનગર કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.આ આવેદનપત્રની અંદર રજૂઆત કરવામાં આવી છે કે જ્યારે સરકારી અનાજ સસ્તા અનાજની દુકાનો ઉપર પહોંચે છે, તેમાંથી ખૂબ મોટા પ્રમાણમાં સરકારી અનાજની ચોરી થાય છે. સૌથી મહત્વની બાબતો એ છે કે ટેન્ડરની શરત મુજબ કામગીરી કરવામાં આવતી નથી, નિગમ દ્વારા સમયસર અનાજનો જથ્થો પણ મળી રહ્યો નથી. આ સાથે જ વિવિધ માગોને લઈ કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી કે ગંભીર બેદરકારી દાખવનાર નાગરિક પુરવઠા નિગમ ભાવનગર જિલ્લાના પુરવઠા મામલતદાર અને ગોડાઉન મેનેજર ઉપર કડક પગલાં ભરવામાં આવે તેવી માગ કરી હતી. આ સાથે જ ઈ કેવાયસી મુદ્દે ચાલી રહેલા લડત સામે પણ ફેર પ્રાઈસ એસોસિએશનના પ્રમુખે પોતાનું વલણ સ્પષ્ટ કરીને જણાવ્યું હતું કે આ પ્રશ્ન રાજ્ય સરકાર અને લાભાર્થીનો છે, માટે સસ્તા અનાજના દુકાનદારોનું આમાં સમર્થન નથી.

### ગુજરાત સરકારનો નિર્ણય

# કચ્છમાં પાકિસ્તાન બોર્ડર પર બનશે ઓપરેશન સિંદૂર મેમોરિયલ પાર્ક

। (એજન્સી) કચ્છ, તા.૩ ।

ભારતીય સેનાએ પાર પાડેલા સિંદૂર ઓપરેશનના સન્માનમાં અમદાવાદના જગતપુર બ્રિજ પાસે 'સિંદૂર વન' નામક ઓક્સિજન પાર્ક બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પાર્કમાં ૧૨ હજાર જેટલા છોડો ઉછેરવામાં આવશે, જેમાંથી ૫૫૧ છોડ સિંદૂર વૃક્ષના હશે. ત્યારબાદ હવે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

ગુજરાત સરકાર 'ઓપરેશન સિંદૂર'ને સમર્પિત એક સ્મારક પાર્ક બનાવવાનું કામ કરી રહી છે. આ સ્મારક, જેને 'સિંદૂર વન' કહેવામાં આવશે, તે ભારત-પાકિસ્તાન સરહદ પર કચ્છ જિલ્લામાં બનાવવામાં આવશે. અધિકારીઓએ જણાવ્યું કે આ સ્મારક લગભગ દોઢ વર્ષમાં બનીને તૈયાર થવાની આશા છે, તેના માટે હાલ કામ શરૂ થઈ ગયું છે.

સિંદૂર વનમાં ૨૨ એપ્રિલના રોજ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના પીડિતો માટે એક વિસ્તાર સમર્પિત કરવામાં આવશે. પહલગામમાં મૃત્યું પામેલા ૨૬ લોકોમાંથી ત્રણ ગુજરાતના રહેવાસી હતી.

કેબિનેટ મંત્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે 'ભુજ-માંડવી રોડ પર મિર્જાપુર હાઈવે પર વન વિભાગની ૮ હેક્ટર જમીન આવેલી છે. ત્યાં એક વન કવચ તૈયાર કરવાનું નક્કી કર્યું છે તેનું સિંદૂર વન આપવામાં આવ્યું છે. 'ઓપરેશન સિંદૂર દરમિયાન સમાજ, સેના, વાયુ સેના, બીએસએફ અને અન્ય સુરક્ષા દળો દ્વારા એકતા પ્રદર્શિત કરવાની યાદમાં વન વિભાગ દ્વારા સિંદૂર વન નામથી એક મેમોરિયલ પાર્ક બનાવવાની યોજના છે. સિંદૂર વનમાં તે વિસ્તાર પણ શામેલ છે, જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓપરેશન સિંદૂર પછી ૨૬ મેના રોજ ગુજરાતની તેમની પ્રથમ મુલાકાત દરમિયાન એક જનસભા કરી હતી. અહીં ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન ભુજ એર બેઝ રનવેને ૭૨ કલાકની અંદર રીપેર કરવામાં મદદ કરનારી માધાપરની મહિલાઓએ વડાપ્રધાન મોદીને 'સિંદૂરનો છોડ' પણ ભેટમાં આપ્યો હતો. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, 'હું આ છોડને વડાપ્રધાન આવાસ લઈ જઈશે, જ્યાં તે એક 'વટવૃક્ષ' બની જશે.'

## એસપી રિંગરોડ પર આવેલી શાળાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઇમેલ મળ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજે (મંગળવારે) આઈપીએલની ફાઈનલ મેચ રમાવવાની છે. ત્યારે ફાઈનલ મેચની વચ્ચે અમદાવાદના એસપી રિંગરોડ પર આવેલી શાળાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈમેલ મળ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના જીૅ રિંગરોડ પર જીનેવા લિબ્રલ શાળાને ધમકીભર્યો ઈ-મેલ મળ્યો છે. ઈમેલ મળતાં સ્કૂલે પોલીસ અને ઢઈૅ કચેરીને જાણ કરી હતી. ત્યારબાદ બોમ્બ સ્કવોડની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. સ્કૂલને મોકલવામાં આવેલા ઈમેલમાં દહેજ અને દુષ્કર્મના એક કેસ અંગે વાત કરવામાં આવી છે. આ કેસમાં દિવિજ નામના વ્યક્તિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને દિવિજના માતા પિતા દ્વારા પુત્રવધૂ પાસે એક કરોડના દહેજની માંગણી કરાઈ હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. દિવિજના માતા પિતા સામે દહેજના કેસમાં કેમ કોઈ કાર્યવાહી થઈ રહી નથી? એટલું જ નહી પોલીસ આ કેસમાં યોગ્ય તપાસ કરતી ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૩માં હૈદરાબાદની એક હોટલમાં યુવતી પર થયેલા દુષ્કર્મના કેસમાં પોલીસનું ધ્યાન ખેંચવા માટે સ્કૂલમાં બ્લાસ્ટ કરીશું.

## દાહોદ બાદ ભરૂચમાં પણ મનરેગા કૌભાંડ સામે આવ્યો

। (એજન્સી) દાહોદ, તા.૩ ।

દાહોદ બાદ ભરૂચમાં પણ મનરેગા કૌભાંડ સામે આવ્યો છે, જેને લઈને હવે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ બનાવવામાં આવશે. જેમાં ઢઅજીૅ કક્ષાના અધિકારીઓને આ તપાસ સોંપ વામાં આવે તેવી સંભાવના છે. સમગ્ર કૌભાંડને લઈને વેરાવળની બે એજન્સી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ૫૮ ગામોમાં ૭ કરોડ ૩૦ લાખ રૂપિયાના કૌભાંડની શક્યતા છે. જોકે, હવે આ બધાંની વચ્ચે ભરૂચના સાંસદે ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે, કૌભાંડમાં ઉપથી નીચે બધાંની મિલિભગત હોય છે. જોકે, હવે આ કૌભાંડને લઈને ભરૂચના સાંસદ મનસુખ વસાવાનું પણ નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, 'કૌભાંડને લઈને એકલો જિલ્લો જવાબદાર નથી. આ યોજનને સફળ બનાવવી હોય તો ગાંધીનગર એટલે કે, રાજ્ય સરકારના સ્તરથી જ આ માટે ચોક્કસ કાયદા અને નિયમો બનાવવા પડે. બધાં જ લોકોની આમાં મિલિભગત હોય છે, તેમાં રાજ્ય સ્તરના મંત્રી હોય, સેક્રેટરી હોય, વિભાગના કમિશનર હોય કે પછી જિલ્લા વિકાસ અધિકારી આ બધાં જ લોકો આમાં જવાબદારી હોય છે. જ્યારે તપાસ હાથ ધરવામાં આવે ત્યારે નીચેનો કર્મચારી ફસાઈ જાય છે.

### પ્રાથમિક શાળાના ૪૫ તથા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાના ૭૦થી વધારે વય નિવૃત્ત થયેલા કર્મચારીઓને પેન્શન સહિતના લાભો એનાયત કરાયા

# જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી અમદાવાદ-ગ્રામ્ય દ્વારા સેવા નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો

### જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી અમદાવાદ-ગ્રામ્ય અને શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં કર્મયોગીઓને સન્માનિત કરાયા





। અમદાવાદ, તા.૩ ।

વય નિવૃત્ત થયેલા કર્મયોગીઓને તેમના નિવૃત્તિ લાભો એનાયત કરવા તથા તેમને સન્માનિત કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી અમદાવાદ-ગ્રામ્ય ખાતે સેવા નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો હતો. ૩૧ મેના રોજ નિવૃત્ત થયેલા પ્રાથમિક શાળાના ૪૫ તથા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાના ૭૦થી વધારે કર્મચારીઓને પેન્શન સહિતના લાભો એનાયત કરવા સાથે તેમની સેવાઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી દિગ્પાલ સિંહ ચુડાસમા અને જિલ્લા શિક્ષણાધિકારી શ્રી કૃપા બેન જ્હાના હસ્તે કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. સેવા નિવૃત્તિ સન્માન સમારોહના આયોજન દ્વારા તાજેતરમાં નિવૃત્ત થયેલા કર્મચારીઓને તેમના નિવૃત્તિ લાભો અને પેન્શન લાભો માટે કોઈ હાલાકી ના પડે તે સુનિશ્ચિત કરીને શિક્ષણાધિકારી કચેરી અમદાવાદ ગ્રામ્ય અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા પારદર્શક વહીવટનું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી અમદાવાદ-ગ્રામ્ય અને શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સન્માનિત કરવામાં આવેલા કર્મચારીઓએ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની કચેરીનો આભાર વ્યક્ત કર્યો હતો તેમજ તેમના યાદગાર અનુભવો અને સંસ્મરણો વાગોળ્યા હતા.

### નકલી IDથી રાજીનામાંપત્ર બનાવ્યાની શંકા

# વેરાવળ પીપલ્સ બેન્કના પૂર્વ MD સામે કાર્યવાહી કરાઇ

### વેરાવળ પીપલ્સ કો. ઓપરેટીવ બેંકના પૂર્વ જોઈન્ટ મેનેજીંગ ડિરેક્ટર ગિરીશ ઠક્કરની અટકાયત કરવામાં આવી છે

। (એજન્સી) વેરાવળ,તા.૩ ।

ગીર સોમનાથના વેરાવળ પીપલ્સ કૉ.ઓપરેટીવ બેંકના પૂર્વ જોઈન્ટ મેનેજીંગ ડિરેક્ટર ગિરીશ ઠક્કર સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નકલી મેઈલ આઈડી બનાવવાના પ્રકરણમાં તેમનું નામ સામે આવ્યુ છે. પોલીસે આ મામલે આગામી તપાસ હાથ ધરી છે. ફેક મેઈલ આઈડી બનાવી રાજીનામા પત્ર બનાવ્યાની આશંકા સાથે ગિરીશ ઠક્કરની અટકાયત કરવામાં આવી છે.

આ બનાવના પગલે ગીર સોમનાથમાં ચર્ચાઓનો દૌર શરુ થયો છે.ગીર સોમનાથના વેરાવળ પીપલ્સ કૉ.ઓપરેટીવ બેંકના પૂર્વ જોઈન્ટ મેનેજીંગ ડિરેક્ટર ગિરીશ ઠક્કરની અટકાયત કરવામાં આવી છે. આ અટકાયત બાદ સમગ્ર જિલ્લામાં ચકચાક મચી છે. ગિરીશ ઠક્કર પર ફેક મેઈલ ID બનાવી રાજીનામા પત્ર બનાવ્યાની શંકા સેવાઇ રહી છે. RBIમાં બેક્રના ડિરેક્ટરના નામ સાથે બોગસ ઈ-મેઈલ કરાયા હોવાનો ઘટસ્ફોટ ગિરીશ ઠક્કરના મોબાઈલ તપાસ દરમિયાન થયો હતો. ભુજ સાયબર ક્રાઈમે ગિરીશ ઠક્કરની અટકાયત કરીને ભુજ એ ડિવિઝનમાં તેમની પૂછપરછ હાથ ધરાઈ હતી.ભુજ એ ડિવિઝનમાં નોંધાયેલા આઈ. ટી.એક્ટની કલમ ૬૬ તથા ૬૬સી અને બી.એન.એસની કલમ ૩૩૯(૨)(૪)ના ગુના હેઠળ ગિરીશ ઠક્કરની પૂછપરછ હાથ ધરાઈ છે.

તા.૩૧ મે ૨૦૨૫ના રોજ ભુજ કોમશીયલ કો.ઓપ.બેંક ના જનરલ મેનેજર ધીરેન શંભુલાલ મજેઠીયાએ ગિરીશ ઠક્કર સામે ફરીયાદ નોંધાવી હતી. ઈમૈંમાં બેક્રના ડિરેક્ટરોના નામ સાથે બોગસ ઈ-મેઈલ કરાયા હતા. સાયબર ક્રાઈમની તપાસમાં વેરાવળના ગિરીશ ઠક્કરના મોબાઈલમાંથી ઈ-મેઈલ થયાનું સામે આવ્યુ હતુ. કચ્છ પોલીસ વેરાવળ પહોંચી હતી. અને તમામ દસ્તાવેજ હસ્તગત કરીને આગામી તપાસ હાથ ધરી હતી.

## અમદાવાદ મંડળે એપ્રિલ અને મે ૨૦૨૫માં વિવિધ ટિકિટ ચેકિંગ અભિયાનો થી પ્રાપ્ત કર્યો રૂ. ૬.૩૪ કરોડનો દંડ

। અમદાવાદ, તા.૩ ।

પશ્ચિમ રેલવે ના અમદાવાદ મંડળ તેમના મુસાફરોની સુવિધાઓ ને નિરંતર બહેતર બનાવવા માટે કટિબદ્ધ છે. કાયદેસર મુસાફરોની સુરક્ષિત અને સુખદ યાત્રા સુનિશ્ચિત કરવા માટે મંડળ દ્વારા અનેક શસ્ક્ત પગલાં લેવામાં આવી રહ્યા છે.



વર્ષ ૨૦૨૫-૨૬ ના એપ્રિલ અને મે મહિના દરમ્યાન અનાધિકૃત યાત્રા ને રોકવાના ઉદ્દેશ્ય થી મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્મા, વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અન્નુ ત્યાગી તથા અન્ય વાણિજ્ય અધિકારીઓ દ્વારા પ્રતિદિન ટિકિટ ચેકિંગ કાર્યની સમીક્ષા કરવામાં આવી તથા તેમના માર્ગદર્શનમાં વિશેષ ટિકિટ ચેકિંગ અભિયાન સંચાલિત કરવામાં આવ્યું.

૧ એપ્રિલ ૨૦૨૫ થી ૩૧ મે ૨૦૨૫ સુધી અમદાવાદ મંડળ દ્વારા વિભિન્ન રેલ ખંડો જેમકે મણિનગર–નડિયાદ,અસારવા–દહેગામ,મહેસાણા–પાલનપુર, પાલનપુર–ગાંધીધામ અને પ્રતિષ્ઠિત નમો ભારત રૈપિડ ટ્રેન અને અમદાવાદ રેલવે સ્ટેશન પર મોટા પાયે ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં ટિકિટ નિરીક્ષકો દ્વારા આરપીએફ નો સહયોગ પણ મળ્યો તથા કેટલાક અભિયાનોમાં વાણિજ્ય અધિકારીઓ એ પોતે જ પોતાની હાજરી દર્શાવી.

આ વ્યાપક અભિયાન હેઠળ કુલ ૮૦ હજાર કેસોમાં કાર્યવાહી કરવામાં આવતા રૂા.૬.૩૪ કરોડથી વધુ રકમ વસૂલવામાં આવી હતી, જે નિર્ધારિત લક્ષ્ય કરતાં ૧.૨૮ % વધુ અને પાછલા વર્ષ કરતાં ૧.૮૭ % વધુ છે. આ પ્રદર્શન છેલ્લા બે વર્ષમાં અત્યાર સુધીની શ્રેષ્ઠ રહી છે. ઉપરાંત, રેલવે પરિસરમાં ગંદકી ફેલાવનાર ૩૧૯ મુસાફરો પાસેથી રૂા.૭૦ હજારનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ તેના મુસાફરોને નમ્ર વિનંતી કરે છે કે કૃપા કરીને યોગ્ય અને માન્ય ટિકિટ સાથે જ મુસાફરી કરો,જેથી તમારી મુસાફરી સરળ, સલામત અને આનંદદાયક રહે.

## ૮૬ રૂપિયા વીજ બિલ બાકી હતું અને કનેક્શન કાપી મીટર કાઢી ગયા

। (એજન્સી) વડોદરા, તા.૩ ।

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા શહેરના પરશુરામ ભઠ્ઠા પાસે જય મહાકાળી નગરમાં એક મહિલાનું માત્ર ૮૬ રૂપિયાનું વીજ બિલ બાકી હોવાથી તેનું વીજ કનેક્શન કાપી નાંખ્યું છે. એટલું જ નહીં, કંપનીના કર્મચારીઓ તેનું મીટર કાઢીને પણ લઈ ગયા છે. અકોટા પોલીસ લાઈન પાસે આવેલા જય મહાકાળી નગરમાં શશીકલાબેન તેમની પુત્રી સાથે રહે છે. મહાકાળી નગર ઝૂંપડપટ્ટી વિસ્તાર છે. આ મહિલા બહારગામ હોવાથી બે મહિના આ ઘર બંધ હતું. શશીકલાબહેને જણાવ્યું કે, મારું માત્ર ૮૬ રૂપિયા બિલ બાકી હતું. અત્યાર સુધી અમે નિયમિત બિલ ભરેલું જ છે, જેમનું પંદરથી વીસ હજારનું વીજ બિલ બાકી છે તેમનું કનેક્શન કાપતા નથી અને અમારા જેવા નું માત્ર ૮૬ રૂપિયા બાકી હોય તેનું કનેક્શન કાપી નાખે છે. આ ક્યાંનો ન્યાય? અમે કોની પાસે જઈએ? હવે ૮૬ રૂપિયા બિલ ભરવા જઈશ ત્યારે ફરી કનેક્શન અને મીટર જોડવાના મારે પૈસા ભરવાના થશે તેનું શું?

## વિજરખી ગામનો ખેડૂત રાજકોટના વેપારી સહિત ત્રણની છેતરપિંડીનો શિકાર બન્યો

। (એજન્સી) જામનગર, તા.૩ ।

જામનગર તાલુકાના વિજરખી ગામે એક ખેડૂતે મહામહેનતે પકવેલાં ઘઉં ખરીદ કરી લઈ ગયા બાદ રાજકોટના વેપારીએ આપેલ બે લાખનો ચેક રીટર્ન થયો છે. ખેડૂતે અન્ય ચેક મંગાવી બેંકમાં જમા કરાવ્યો પણ બીજો ચેક પણ બાઉન્સ થયો, ત્યારબાદ વેપારીએ ફોન બંધ કરી દેતા ખેડૂતે રાજકોટના વેપારી સામે પોણા ચાર મણ ઘઉં ખરીદી વિશ્વાસઘાત કરવા સબબ ફરિયાદ નોંધાવી છે. જામનગર તાલુકાના વિજરખી ગામે રહેતા ખેડૂત દેવાયતભાઈ મેઘાભાઈ ખીમાણીયા નામના ખેડૂતે પોતાના પરિવારની મિયાત્રા ગામના સર્વે નંબરમાં આવતી સંયુક્ત ૧૮ વીઘા જમીનમાં શિયાળામાં ઘઉંનું વાવેતર કરી પાક ઉપજ મેળવી હતી. ઘઉં પાકી જતા ખેડૂત પરિવારે લલણી કરી હતી અને કુલ સાડા પાંચસો મણ ઘઉં થયા હતા. જે પૈકી પોતાના પરિવાર માટે ઘઉં રાખી અન્ય ઘઉં પોતાના દેવ આહીર નામના ફેસબુક પેઈજ પર વેચવા માટેની જાહેરાત કરી હતી. જે પોસ્ટ જોયા બાદ રાજકોટના હિંમત ચોહાણ નામના શખ્સે ફોન કરી રાજકોટમાં પોતાની ગ્લોબલ ઈન્ડસ્ટ્રીઝ છે, એમ કહી ઘઉં ખરીદ કરવાની વાત કરી હતી. ત્યારબાદ તા.૨૭/૫/૨૦૨૫ના રોજ રાત્રે હિમતભાઈ અને તેની સાથે અન્ય બે માણસો આઈસર ગાડી લઈ વાડીએ આવેલ અને ૩૭૨ મણ ઘઉંનું વજન કરી બાચકામાં ભરી વેચાણ તરીકે લઈ ગયા હતા. એક મણના સાડા પાંચસો રૂપિયા લેખે રાજકોટના વેપારી હિમતભાઈએ હિસાબ કરી કુલ બે લાખ ચાર હજાર છસ્સો રૂપિયાનો ચેક લખી આપ્યો હતો. બીજા દિવસે ખેડૂત પરિવારે આ ચેક બેંકમાં જમા કરાવતા રકમમાં છેકછાકને લઈને ચેક પરત ફર્યો હતો. જેથી દેવાયતભાઈએ વેપારી હિમતભાઈનો ટેલીફોનીક સંપર્ક કર્યો હતો જેને લઈને રાજકોટના વેપારીએ રાજકોટથી સહી કરેલ કોરો ચેક મોકલ્યો હતો.

